**આજનો સુવિચાર**

જીવન એ વર્તમાન ક્ષણમાં જીવવા વિશે છે, ભૂતકાળને જવા દો અને ભવિષ્ય વિશે ઓછી ચિંતા કરો!

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૨૮૨ જૂનાગઢ તા.૧૨-૧૧-૨૦૨૪ મંગળવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 282, Junagadh : Date : 12 November, 2024, Tuesday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay


# દેશનાં હાઈ-વે લોહી તરસ્યા : છેલ્લા ૧૦ વર્ષમાં ૧૫ લાખ માનવ જીંદગીનો ભોગ લેવાયો

નવી દિલ્હી તા. ૧૨

ભારતમાં છેલ્લાં એક દાયકામાં, લગભગ ૧૫.૩ લાખ લોકો માર્ગ અકસ્માતમાં માર્યા ગયાં છે.

આ સંખ્યા ચંડીગઢની વસ્તી કરતાં પણ વધુ છે. કેન્દ્ર સરકાર વારંવાર માર્ગ અકસ્માતોને ઘટાડવા પ્રયત્નો કરી રહી છે અને સુપ્રીમ કોર્ટે પણ આવાં મૃત્યુને રોકવા માટે સીટ બેલ્ટ અને હેલમેટ જેવાં કાયદાઓના કડક પાલન માટે પગલાં લેવા કહે છે. કેન્દ્રીય માર્ગ પરિવહન મંત્રાલયનાં ડેટા દર્શાવે છે કે, દેશમાં માર્ગ અકસ્માતમાં મૃત્યુ દર ૧૦૦૦૦ કિલોમીટર દીઠ ૨૫૦ ની આસપાસ છે. આ આંકડો અમેરીકામાં ૫૭, ચીનમાં ૧૧૯ અને ઓસ્ટ્રેલિયામાં ૧૧ છે.

માર્ગ પરિવહન મંત્રાલય દ્વારા એકત્રિત કરવામાં આવેલાં ડેટા મુજબ અગાઉનાં દાયકામાં એટલે કે ૨૦૦૪-૧૩ માં, માર્ગ અકસ્માતમાં ૧૨.૧ લાખ લોકોનાં જીવ ગયાં હતાં. જ્યારે છેલ્લાં દાયકામાં જાનહાનિમાં વધારો થયો છે તેના માટે વસ્તી વધારો, રસ્તાની લંબાઈ અને વાહનોની સંખ્યામાં વધારો થતાં અકસ્માતમાં વધારો થયો હોવાનો અંદાજ છે. નિષ્ણાતો કહે છે કે આ મોટા પાયે જાનહાનિને રોકવા માટે વધુ પ્રયત્નો કરવામાં આવ્યાં નથી. સરકારી ડેટા દર્શાવે છે કે, રજીસ્ટર્ડ વાહનોની સંખ્યા ૨૦૧૨ માં ૧૫.૯ કરોડથી વધીને ૨૦૨૪ માં લગભગ ૩૮.૩ કરોડ થઈ છે અને માર્ગોની લંબાઈ ૨૦૧૨ માં ૪૮.૬ લાખ કિમીથી વધીને ૨૦૧૯ માં ૬૩.૩ લાખ કિમી થઈ છે. નિષ્ણાતોએ જણાવ્યું હતું કે, દર વર્ષે વધુ લોકોનાં મૃત્યુનું કારણ રસ્તાની લંબાઈ અને વાહનોમાં વધારો હોઈ શકે નહી.

## આવતીકાલે ઝારખંડમાં પ્રથમ તબકકાની ચૂંટણી : ૪૩ બેઠકો પર મતદાન થશે

નવી દિલ્હી, તા.૧૨

ઝારખંડમાં વિધાનસભા ચૂંટણીના પ્રથમ તબક્કાની ચૂંટણી માટે પ્રચાર પડઘમ ગઈકાલે સાંજે શાંત થઈ ગયા છે. ઝારખંડમાં આવતીકાલે ૧૩ નવેમ્બરે પ્રથમ રાઉન્ડમાં ૧૫ જિલ્લાની ૪૩ બેઠકો માટે મતદાન થશે. તે સાથે જ પ્રથમ તબક્કામાં ચૂંટણી લડનારા તમામ ૬૧૩ ઉમેદવારોનું ભાવિ ઈવીએમમાં સીલ થશે. પ્રથમ રાઉન્ડમાં સૌથી વધુ ૬ બેઠકો પૂર્વ સિંઘભૂમ જિલ્લામાં છે. ત્યારબાદ પલામુ, પશ્ચિમ સિંઘભૂમ અને રાંચી જિલ્લામાં દરેક પાંચ વિધાનસભા બેઠકો છે, જ્યાં બુધવારે મતદાન છે. ઝારખંડની ચૂંટણીના પ્રથમ તબક્કાની લોકપ્રિય બેઠકોમાં સરાયકેલા, રાંચી, જમશેદપુર પશ્ચિમ, જગન્નાથપુર અને જમશેદપુર પૂર્વનો સમાવેશ થાય છે.

## કાશ્મીરમાં સીઝનની પ્રથમ હીમવર્ષા

શ્રીનગર,તા.૧૨

અર્ધો નવેમ્બર મહિનો વિતી રહ્યો હોવા છતાં દેશમા હજુ કડકડતી ઠંડી પડતી નથી પરંતુ હવે આગામી દિવસોમાં શિયાળાનો મિજાજ શરૂ થવાનો હોય તેમ કાશ્મીર-લદાખમાં સિઝનની પ્રથમ હિમવર્ષા થઈ છે. ઐતિહાસીક મુઘલરોડ બંધ કરવામાં આવ્યો છે.

કાશ્મીરની સુરેજ ખીણ જોજીલા, ગુલમર્ગ, સોનમર્ગ, પીરકી ગલી, પીર પંજાલ રેન્જ સહીતનાં ક્ષેત્રોમાં વતા ઓછા પ્રમાણમાં હળવી ભારે હિમવર્ષા થઈ હતી. હિમવર્ષા વચ્ચે ગાઢ ઘુમ્મસ બનતા હવાઈ સેવા પ્રભાવીત થઈ હતી. જમ્મુની ફલાઈટ શરૂ કરવામાં આવી હતી. જયારે શ્રીનગરની ફલાઈટો રિ-શીડયુલ કરવામાં આવી હતી.

## છેલ્લા ૧૦ વર્ષમાં ભારતીય રોકાણકારોએ શેરબજારમાં રૂા.૮૪ લાખ કરોડની કમાણી કરી

મુંબઈ,તા.૧૨

ભારતમાં કોરોનાકાળ વખતથી શેરબજારમાં રોકાણનો ટ્રેન્ડ વધ્યો છે અને રીટેઈલ ઈન્વેસ્ટરોની સંખ્યા અનેકગણી કરોડોમાં વધી ગઈ છે. છેલ્લા ૧૦ વર્ષમાં ભારતીય રોકાણકાર પરિવારે એક મીલીયન ડોલર (ડોલરના વર્તમાન મુલ્ય મુજબ ૮૪ લાખ કરોડ)ની કમાણી કરી છે. આંતર રાષ્ટ્રીય એજન્સી મોર્ગન સ્ટેનલીનાં રીપોર્ટમાં દર્શાવાયા પ્રમાણે ભારતીયોનું શેરબજારમાં રોકાણ અગાઉ માત્ર ૩ ટકા જ રહેતુ હતું જે હવે વધી રહ્યું છે. છેલ્લા ૧૦ વર્ષમાં શેરબજારમાં રોકાણથી એક ટ્રીલીયન ડોલરની કમાણી કરી છે.

## કેનેડામાં ખાલિસ્તાનીઓ બેફામ : હિન્દુ મંદિરમાં આયોજીત કાર્યક્રમ રદ કરાયો




ટોરેન્ટો, તા.૧૨: ખાલિસ્તાની ધમકી બાદ કેનેડામાં એક હિંદુ મંદિરમાં આયોજિત કાર્યક્રમ રદ કરવામાં આવ્યો છે. આ કાર્યક્રમનું આયોજન ભારતીય દૂતાવાસ દ્વારા થવાનું હતું. બ્રામ્પટન ત્રિવેણી કોમ્યુનિટી સેન્ટર ખાતે યોજાનાર કાર્યક્રમ દરમિયાન હિન્દુઓ અને શીખોને જીવન પ્રમાણપત્રો આપવાના હતા. આ કાર્યક્રમ ૧૭ નવેમ્બરે થવાનો હતો, પરંતુ તે પહેલા હિંસક વિરોધની ધમકીઓ આવવા લાગી. બ્રેમ્પટન ત્રિવેણી કોમ્યુનિટી સેન્ટર દ્વારા જારી કરાયેલા નિવેદનમાં આ માહિતી આપવામાં આવી છે. એવું કહેવાય છે કે બ્રેમ્પટન ત્રિવેણી મંદિર ખાતે યોજાનારી લાઈફ સર્ટિફિકેટ ઈવેન્ટને રદ કરવામાં આવી છે. સ્થાનીક પોલીસને બાતમી મળી હતી કે ખૂબ જ ખતરનાક સ્તરનો હિંસક વિરોધ નિકટવર્તી છે. આ પછી આ નિર્ણય લેવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે ૧૬-૧૭ નવેમ્બરે ગ્રેટર ટોરોન્ટો વિસ્તારમાં મોટી અરાજકતા સર્જાવાની શક્યતા છે.

ત્રિવેણી કોમ્યુનિટી સેન્ટરે પોલીસને અપીલ કરી છે કે મંદિરને ધમકીઓ સામે પગલાં લેવામાં આવે. કેનેડામાં રહેતા હિંદુઓ અને સામાન્ય લોકોની પણ સુરક્ષા કરો. અમે તમામ સમુદાયના સભ્યોની માફી માંગીએ છીએ જેઓ ઈવેન્ટમાં હાજરી આપવા માટે સુનિશ્ચિત હતા. અમે ખૂબ જ દુઃખી છીએ કે કેનેડિયનો હવે અહીં હિન્દુ મંદિરોની મુલાકાત લેવા માટે અસુરક્ષિત અનુભવે છે. બ્રેમ્પટન ત્રિવેણી મંદિર અને સામુદાયિક કેન્દ્ર હિન્દુઓ અને સમાન વિચારધારા ધરાવતા વ્યકતિઓ માટેનું આધ્યાત્મીક કેન્દ્ર છે.

## રાજધાની દિલ્હીમાં ભયાનક વાયુ પ્રદૂષણ ૧૦માંથી ૪ પરીવાર બિમારીનો ભોગ






અનેક વિસ્તારોમાં ધુમાડો - ધુમ્મસનું વાતાવરણ : લોકોની આંખમાં બળતરા - હવાની ગુણવત્તા અત્યંત ખરાબ

નવી દિલ્હી, તા.૧૨: વાયુ પ્રદૂષણને કારણે દર ૧૦માંથી ચાર પરિવારો ડોક્ટરની મુલાકાત લઈ રહ્યા છે. ચિંતાજનક સ્થિતિ એ છે કે આ પરિવારો છેલ્લા ત્રણ અઠવાડિયાથી સારવાર અને દવાઓ લઈ રહ્યા છે. તેમાંથી ૯ ટકા લોકોએ સીધા કલિનિક અથવા હોસ્પીટલમાં જવાને બદલે સોશિયલ મીડિયા દ્વારા તબીબી સલાહ લીધી.

દિવાળીની આસપાસ એનસીઆરમાં વાયુ પ્રદૂષણની સમસ્યા ગંભીર બની ગઈ છે. સર્વે અનુસાર, વાયુ પ્રદૂષણની સમસ્યાને કારણે ૪૭% લોકોએ વાયુ પ્રદૂષણ સંબંધિત દવાઓ અથવા સાધનો ખરીદ્યા. આ ડેટા લોકલ સર્કલ નામની સર્વેક્ષણ સંસ્થાનો છે.

સોશિયલ મીડિયા દ્વારા તેણે દિલ્હી, નોઈડા, ગાઝિયાબાદ, ગુરુગ્રામ અને ફરીદાબાદના ૨૧ હજાર લોકોના અભિપ્રાય માંગ્યા હતા. સર્વેમાં બહાર આવ્યું છે કે દિલ્હી-એનસીઆરના ૩૩ ટકા લોકો કફ સિરપ લઈ રહ્યા છે, જયારે ૨૦ ટકા લોકોએ પેરાસિટામોલ, ૧૩-૧૩ ટકા ઈન્હેલર અને નેબ્યુલાઈઝર, ૧૩ ટકા લોકોએ એન્ટિબાયોટિક્સ અને અન્યનો ઉપયોગ કર્યો છે. રાજધાની દિલ્હીમાં પ્રદૂષણનું સ્તર સતત વધી રહ્યું છે. હવાની ગુણવત્તા 'ખૂબ નબળી' શ્રેણીમાં રહે છે. આજે મંગળવારે સવારે દિલ્હીના ઘણા વિસ્તારોમાં એર ઈન્ડેક્સ ચારસોને વટાવી ગયો હતો. **AQICN** મુજબ, મંગળવારે સવારે ૭ વાગ્યે આનંદ વિહારનો **AQI** ૪૨૦, જહાંગીરપુરીનો **AQI** ૪૨૪, ઓખલાનો **AQI** ૩૦૧ નોંધાયો છે.

## લાહોરથી દિલ્હી સુધી વાયુ પ્રદૂષણની સ્થિતિ અત્યંત ગંભીર : નાસાએ તસ્વીર જારી કરી

નવી દિલ્હી. ઉત્તર ભારતમાં પ્રદૂષણને કારણે સ્થિતિ કેટલી ખરાબ છે તેનો અંદાજ નાસા દ્વારા જાહેર કરવામાં આવેલી તસવીર પરથી લગાવી શકાય છે. ખાસ વાત એ છે કે ભારત એકલું આ સમસ્યાનો સામનો કરી રહ્યું નથી, પરંતુ પડોશી દેશ પાકિસ્તાનમાં પણ સ્થિતિ અત્યંત ગંભીર છે. નાસાની આ તસવીરમાં દિલ્હીથી લાહોર સુધી ધુમાડો અને ધુમ્મસનો જાડો ધાબળો જોઈ શકાય છે. ચિત્રમાં બંને શહેરો પિન દ્વારા ચિહ્નિત થયેલ છે. ભારતીય સરહદની નજીક પાકિસ્તાનના પંજાબ પ્રાંત સ્થિત લાહોરમાં વાયુ પ્રદૂષણ આ મહિને રેકોર્ડ સ્તરને સ્પર્શ્યું હતું. લાહોરનો **AQI** ૧૧૬૫ હોવાનું કહેવાય છે.

## ત્રીજા વિશ્વ યુધ્ધની સંભાવના જોવા મળી રહી છે : મોહન ભાગવત

જબલપુર તા. ૧૨

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘનાં મહિલા નેતા ડૉ. ઉર્મિલા જામદારની સ્મૃતિમાં આયોજિત એક વ્યાખ્યાનમાં આરએસએસના પ્રમુખ મોહન ભાગવતે કહ્યું કે, રશિયા-યુક્રેન અને ઈઝરાયલ-હમાસ સંઘર્ષોને જોતા, ત્રીજા વિશ્વ યુદ્ધની સંભાવના જોવા મળી રહી છે. મોહન ભાગવતે દુઃખ વ્યક્ત કરતાં કહ્યું કે, વિજ્ઞાને ખૂબ જ પ્રગતિ કરી છે, પરંતુ તેનો લાભ હજુ સુધી ગરીબોને મળી રહ્યો નથી. દુનિયાને તબાહ કરવા વાળા હથિયાર દરેક જગ્યાએ પહોંચી ગયા છે, પરંતુ ગ્રામીણ વિસ્તારોમાં કેટલીક બીમારીઓની દવા ઉપલબ્ધ નથી, જ્યારે દેશી કટ્ટા ઉપલબ્ધ છે.!! તેઓએ પર્યાવરણ પર ચિંતા વ્યક્ત કરતાં કહ્યું કે, આપણે એવી સ્થિતિમાં પહોંચી ગયા છીએ, જ્યાં આવી બીમારીઓનું કારણ બની રહ્યું છે. માનવતાની સેવા કરવી સનાતન ધર્મ છે. જે હિન્દુ ધર્મનો પર્યાય છે. તેઓએ કહ્યું કે, હિન્દુત્વમાં દુનિયાને માર્ગ બતાવવાની ક્ષમતા છે. ભાગવતે કહ્યું કે, હિંદૂ શબ્દ ભારતીય ધર્મગ્રંથોમાં આવતા પહેલા પણ હયાત હતો. તેઓએ કહ્યું કે, તેને પહેલી વાર ગુરુ નાનક દેવે જાહેર પ્રવચનમાં રજૂ કર્યો હતો

## ક્રેડિટ કાર્ડ - પર્સનલ લોનનાં ડીફોલ્ટરો વધ્યા : લોકો દેવાળીયા બની રહયા છે

નવી દિલ્હી તા. ૧૨

કોરોના કાળ બાદ બેંકોએ જે રીતે છુટ્ટાહાથે ક્રેડીટકાર્ડથી પર્સનલ લોન સહિતના 'અનસિકયોર્ડ' કેટેગરીના ધિરાણો આપ્યા હતા તેમાં હવે ડિફોલ્ટની સ્થિતિ બેંકો માટે ચિંતા વધારી દીધી છે અને હવે પ્રી-એપ્રુવ્ડ-પર્સનલ લોન તથા ક્રેડીટ કાર્ડ માટે નવા કડક નિયમો અમલમાં મુકયા છે. તો અનેક બેંકોએ મોર્ગેજ લોનમાં લોન-ટુ-વેલ્યુ એટલે કે થાલમાં મુકાનારી મિલ્કત સામે લોનની રકમનો રેશિયો વધારી દીધો છે. ચાલુ વર્ષમાંજ જૂન માસથી ક્રેડીટ કાર્ડ ડિફોલ્ટર્સનો વધારો થયો છે. માર્ચ ૨૦૨૩માં જે ડિફોલ્ટનું પ્રમાણ ૧.૬ ટકા હતું તે હવે ૧.૮ ટકા થયુ છે. જયારે ગ્રાહક ક્રેડીટ લોન જે લાઈવ લોન તરીકે ઓળખવામાં આવે છે તેમાં પણ ડિફોલ્ટનું પ્રમાણ વધ્યુ છે.

હવે બેંકોએ ક્રેડીટ સ્કોરમાં વધારો કરીને લોન અરજીમાં ૭૨૦ના સ્થાને ૭૫૦ ક્રેડીટ સ્કોરની લઘુતમ આવશ્યકતા નિશ્ચિત કરી છે તો રાઈટઓફ કરવામાં ઝીરો ટોલરન્સ નીતિનો ઉપયોગ શરૂ કર્યો છે.


CARE+ LABORATORY

રજીસ્ટ્રેશન માટે સંપર્ક કરો : 24x7

8005 70 8005

અમારી બીજી બ્રાન્ચ

અક્ષર આઈકોન, ગ્રાઉન્ડ ફલોર, ગંગા પાર્ક, કે.જે. કેન્સર હોસ્પિટલની બાજુમાં, ઝાંઝરડા બાયપાસ રોડ, જૂનાગઢ

હેલ્થ ચેકઅપ બેઝીક કેમ્પ

- CBC
- RBS
- HbA1c
- Lipid Profile
- SGPT & SGOT
- Creatinine
- Uric Acid
- TSH
- Vitamin B12 - વિટામીન બી૧૨ ની તપાસ

હેલ્થ ચેકઅપ એડવાન્સ કેમ્પ

હેલ્થ ચેકઅપ બેઝીક કેમ્પ +

- Vitamin D
- Electrolytes (Na,Cl,K)
- I.Calcium
- Ferritin
- T3 T4 TSH

749/- ~~2870/-~~

1349/- ~~5060/-~~

સચોટ નિદાન માટે ૧૨ કલાક ભૂખ્યા પેટે લોહી આપવું અનિવાર્ય છે.

કેમ્પ : દર બુધવારે અને રવિવારે સવારે ૮.૩૦ થી બપોરના ૧૨.૦૦

કેમ્પ સ્થળ :- કેર + લેબોરેટરી, ડૉ. કાઝી સાહેબની જૂની હોસ્પિટલ, ચીતાખાના ચોક પાસે, જૂનાગઢ - ૩૬૨ ૦૦૧.



તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત (કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

**ડૉ. ધવલ સંઘવી**

બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો




તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક

દરેક જગ્યાએ ઉપલબ્ધ

કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...



હાર્દિક શુભેચ્છા...

**રોયલ બ્રાન્ડ શુધ્ધ સીંગતેલ**

ગોવર્ધન ઓઈલ પ્રોડકટ
સાબલપુર ચોકડી, ધોરાજી રોડ,
જૂનાગઢ - ૨૬૬૧૪૮૯



## રાજકોટની સિનર્જી હાર્ટ કેર ટીમ દ્વારા ક્રાંતિકારી હૃદયની સર્જરી

રાજકોટની જાણીતી સિનર્જી હાર્ટ કેર ટીમ દ્વારા ટ્રાન્સકેથેટર હાર્ટ વાલ્વ રિપ્લેસમેન્ટ (TAVI)માં તેમના ગ્રાઉન્ડબ્રેકિંગ કાર્ય સાથે કાર્ડિયાક કેરનું વર્ણન ફરીથી લખ્યું છે. આ નવીન અભિગમ તાજેતરમાં એક ૫૦-વર્ષના પુરૂષ માટે જીવન બદલનાર સાબિત થયો, જે ગંભીર એઓર્ટિક સ્ટેનોસિસ વાલ્વની જટિલતાઓ સાથે સંઘર્ષ કરી રહ્યા હતા.

સારવાર દર્દી માટે અપવાદરૂપે સારી રીતે કામ કર્યું. પ્રક્રિયાને અનુસરીને, તેણે સ્થિર હેમોડાયનેમિક્સનો અનુભવ કર્યો, જે હકારાત્મક પરિણામ દર્શાવે છે. વધુમાં, તે તેના જીવનની ગુણવત્તામાં નોંધપાત્ર વધારો કરે છે. તેનાથી તેઓના હૃદયની કામગીરીમાં સુધારો થયો એટલું જ નહીં, પરંતુ તેને નવી શરૂઆત પણ મળી. હવે, તેઓ એકંદરે સારું અનુભવે છેઅને તેઓનું હૃદય વધુ સારી સ્થિતિમાં છે.

કાર્ડિયાક સર્જરીની જટિલ દુનિયામાં, નવીનતા ઘણીવાર જટિલ પડકારોને દૂર કરવાની ચાવી ધરાવે છે. આવી જ એક સફળતા ટ્રાન્સકેથેટર હૃદયના વાલ્વ ઇમ્પ્લાન્ટેશન (TAVI) છે.

ટ્રાન્સકેથેટર એઓર્ટિક વાલ્વ રિપ્લેસમેન્ટ (ટીએવીઆર) એ એઓર્ટિક વાલ્વને બદલવાની પ્રક્રિયા છે જે સંકુચિત છે અને સંપૂર્ણ રીતે ખુલતું નથી. એઓર્ટિક વાલ્વ ડાબી નીચેની હૃદયની ચેમ્બર અને શરીરની મુખ્ય ધમની વચ્ચે છે. એઓર્ટિક વાલ્વના સાંકડાને એઓર્ટિક વાલ્વ સ્ટેનોસિસ કહેવામાં આવે છે વાલ્વની સમસ્યા હૃદયમાંથી શરીરમાં લોહીના પ્રવાહને અવરોધે છેઅથવા ધીમો પાડે છે TAVR ન્યૂનતમ આક્રમકછે, જેનો અર્થ છેકેતે ઓપન-હાર્ટવાલ્વ સર્જરી કરતાં નાના ચીરાનો ઉપયોગ કરે છે જેલોકો હૃદયની સર્જરી કરાવી શકતા નથી તેમના માટે એઓર્ટિક વાલ્વ બદલવાનો વિકલ્પ હોઈ શકે છે. TAVR છાતીમાં દુખાવો, શ્વાસ લેવામાં તકલીફ અને એઓર્ટિક વાલ્વ સ્ટેનોસિસના અન્ય લક્ષણોને ઘટાડવામાં મદદ કરી શકે છે

TAVR રાખવાનો નિર્ણય હૃદયના ડોક્ટરો અને હૃદયના સર્જનોની ટીમ સાથે વાત કર્યા પછી લેવામાં આવ્યો છે તમારા માટે શ્રેષ્ઠ સારવાર વિકલ્પ નક્કી કરવા માટે ટીમ સાથે મળીને કામ કરે છે

ટ્રાન્સકેથેટર એઓર્ટિક વાલ્વ રિપ્લેસમેન્ટને ટ્રાન્સકેથેટર એઓર્ટિક વાલ્વ ઈમ્પ્લાન્ટેશન (TAVI) પણ કહી શકાય.

જેમ જેમ આપણે કાર્ડિયોવેસ્ક્યુલર મેડિસિનમાં પ્રગતિના સાક્ષી બનીએ છીએ તેમ, THV/TAVI ટેકનિક હૃદયની સર્જરીમાં પ્રગતિને આગળ ધપાવતા નવીનતાના ચમકતા ઉદાહરણ તરીકે ઊભી છે અવરોધોને દૂર કરવાની અને દર્દીઓ માટે સારવારના વિકલ્પોને વિસ્તૃત કરવાની તેની ક્ષમતા સાથે, તે કાર્ડિયાક દરમિયાનગીરીના ક્ષેત્રમાં શક્યતાઓના નવા યુગની જાહેરાત કરે છે

ડો. વિશાલ પોપટાણી જેવા કુશળ સર્જનોના હાથમાં, ટ્રાન્સકેથેટર હૃદયના વાલ્વનું રિપ્લેસમેન્ટ એ માત્ર એક પ્રક્રિયા કરતાં વધુ છે- તે જીવનરક્ષક કાર્ડિયાક કેરની જરૂરિયાતવાળા લોકો માટે આશાનું કિરણ છે. અને જેમ જેમ આપણે ભવિષ્ય તરફ નજર કરીએ છીએ તેમ, અમે ખાતરીપૂર્વક કહી શકીએ કે ટ્રાન્સકેથેટર હૃદયના વાલ્વ જેવી નવીનતાઓ હૃદયની સર્જરીમાં શું શક્ય છે તેની સીમાઓને ફરીથી વ્યાખ્યાયિત કરવાનું ચાલુ રાખશે, વિશ્વભરના દર્દીઓને આશા અને ઉપચાર પ્રદાન કરશે.

SYNERGY SUPERSPECIALITY HOSPITAL

**TAVR ના ફાયદાઓ**

- ★ લેટેસ્ટ ટેક્નોલોજી
- ★ નોન સર્જીકલ
- ★ છાતી પર કોઈ નિશાન નહિં
- ★ હોસ્પીટલમાં ટૂંકુ રોકાણ
- ★ ઝડપી રિકવરી
- ★ પિડા અને બેચેની ઓછી
- ★ હૃદયની કામગીરીમાં સુધારો
- ★ જીવનની વધુ સારી ગુણવત્તા

# ભાણવડ નજીક બરડા જંગલ સફારીને દિવાળી વેકેશન ફળ્યું : ૭૦૦ પ્રવાસીઓએ મોજ માણી



(પ્રતિનિધિ દ્વારા) જામ ખંભાળિયા તા.૧૨

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં પ્રવાસન ક્ષેત્રનો દિવસે દિવસે વિકાસ વધી રહ્યો છે. સાથે સાથે વધતા વિસ્તારમાં પણ ભાણવડ નજીક આવેલો બરડો ડુંગર પ્રવાસનના નવા ક્ષેત્ર તરીકે ઉભરી રહ્યો છે. અહીં બરડા જંગલ સફારીમાં તાજેતરના દિવાળીના વેકેશનના દિવસોમાં ૭૦૦ જેટલા મુસાફરોએ એડવાન્સ બુકિંગ કરાવી અને રજાની મજા માણી હતી. દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ભાણવડ તાલુકો પ્રવાસન ક્ષેત્રે મહદ અંશે પછાત બની રહ્યો હતો જિલ્લાના ખંભાળિયા, દ્વારકા અને કલ્યાણપુર એમ ત્રણ તાલુકાઓ વિશાળ સમુદ્ર વિગેરે મુદ્દે એકબીજા સાથે સંલગ્ન હોય, અહીં પ્રવાસન તેમજ ઉદ્યોગ ધંધા પણ ખૂબ જ વિકસ્યા છે. પરંતુ ભાણવડ વિસ્તાર કેટલાક મુદ્દે ખૂબ જ પાછળ રહ્યો હતો. આ પરિસ્થિતિમાં અહીંના ધારાસભ્ય અને પ્રવાસન કેબિનેટ મંત્રી મુળુભાઈ બેરા દ્વારા હાથ ધરવામાં આવેલા પ્રયાસોના ફળ સ્વરૂપે ભાણવડ નજીક આવેલા બરડા ડુંગર વિસ્તારમાં ગત ધન તેરસથી જંગલ સફારીનો પ્રારંભ થયો છે. જેને સફળતા મળી છે. આશરે એકાદ સપ્તાહના સમયગાળામાં ૭૦૦થી વધુ મુસાફરોએ જંગલ સફારીનો આનંદ માણ્યો છે. જેમાં જામનગર, રાજકોટ, અમદાવાદ, સુરત, વડોદરા સાથે દેવભૂમિ દ્વારકા જિલ્લાના પ્રવાસીઓનો પણ સમાવેશ થાય છે. આ માટે ભાણવડ વન વિભાગના અધિકારી એસ.આર. ભમ્મર તથા ચૌહાણના માર્ગદર્શન હેઠળ હાથ ધરવામાં આવેલી તમામ જરૂરી વ્યવસ્થાઓ પ્રવાસીઓમાં આવકારદાયક બની છે. હવે બે ત્રણ દિવસના એડવાન્સ બુકિંગ પણ થઈ રહ્યા છે. દરરોજ આઠ પરમીટોમાં ચાર જીપ્સી વાહન મારફતે અહીં આવતા પ્રવાસીઓ બરડા ડુંગરની મોજ માણે છે. બરડા ડુંગરમાં ક્યારેક સિંહ પરિવાર અને ક્યારેક દીપડા પણ પ્રવાસીઓને જોવા મળે છે.

સાથે સાથે અહીં જુદી જુદી પ્રકારની વનસ્પતિ સૃષ્ટિ તેમજ આયુર્વેદિક દવાઓમાં વપરાતી વનસ્પતિ માટે પ્રખ્યાત બરડાનું જંગલ, ઝરણાં, ધોધ અને નદીના સાનિધ્યમાંથી પસાર થતા જંગલ સફારીના રૂટ પર તાજેતરના ચોમાસામાં ૬૫ ઈંચ વરસાદના કારણે લીલીછમ વનરાજી તેમજ વન્યજીવ અભયારણ્યમાં પ્રવાસીઓ આનંદ માણે છે. અહીં મીની ગીર જેવી આ જંગલ સફારીની લોકો મજા લ્યે છે. આટલું જ નહીં, બરડા ડુંગર વિસ્તારમાં કુદરતી માહોલ વચ્ચે આ સુંદર ફરવાના સ્થળે ૧૪૩ વર્ષ પછી કુદરતી રીતે વિચરતા સિંહો બરડાના જંગલમાં આવતા છે.



શરૂ થયેલી બરડા જંગલ સફારી ફેઝ - ૧ ને હાલ આવકાર મળી રહ્યો છે.

# ચપર ગામે રૂ.અડધા કરોડની કિંમતી જમીન પચાવી પાડવા સબબ પિતા-પુત્ર સામે ફરિયાદ

## મારી નાખવાની ધમકી આપતા લેન્ડ ગ્રેબિંગ અને એટ્રોસિટી હેઠળ ગુનો

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૨

કલ્યાણપુરમાં રહેતા એક મહિલા તેમજ તેમના પરિવારની રૂપિયા ૫૦ લાખ જેટલી કિંમતની સાડા બાર વીઘા જમીન વાવવા માટે રાખ્યા બાદ પચાવી પાડતા ચપર ગામના પિતા-પુત્ર સામે લેન્ડ ગ્રેબિંગ તેમજ એટ્રોસિટી સહિતની જુદી જુદી કલમ હેઠળ ગુનો નોંધાયો છે. આ સમગ્ર પ્રકરણની પોલીસ દફતરે જાહેર થયેલી વિગત મુજબ કલ્યાણપુરના મફતિયા પરા વિસ્તારમાં રહેતા સુશીલાબેન ભીમાભાઈ ગાંગાભાઈ ગોરડીયા નામના ૪૭ વર્ષના અનુસૂચિત જાતિના મહિલા તેમજ તેમના ભાઈ-બહેનની સંયુક્ત માલિકીની જમીન ચપર ગામે આવેલી સર્વે નંબર ૭૫ વાળી કુલ સાડા બાર વીઘા જમીન તેમના પિતાએ ચપર ગામના રામશીભાઈ મુરુભાઈ કરમુર અને લખમણ રામશીભાઈ કરમુરને વાવવા માટે આપી હતી. આ પછી સુશીલાબેન તેમજ તેમના પરિવારજનોએ ઉપરોક્ત બંને આસામીઓને જમીનનો કબજો ખાલી કરી આપવા જણાવ્યું હતું. પરંતુ બંને આરોપીઓએ "જમીન તમને આપવી નથી. તમારાથી થાય તે કરી લો અને હવે પછી જમીન બાબતે આવ્યા છો તો જાનથી મારી નાખીશું"- તેવી ધમકી આપ્યાનું પોલીસમાં જાહેર થયું છે. આમ, બંને આરોપીઓ દ્વારા આશરે રૂપિયા ૫૦ લાખ જેટલી કિંમતની જમીન પર ગેરકાયદેસર રીતે કબજો કરી, પચાવી પાડીને તેનો ઉપભોગ કરતા આ સમગ્ર પ્રકરણ અંગે કલ્યાણપુર પોલીસે લેન્ડ ગ્રેબિંગ, એટ્રોસિટી સહિતની જુદી જુદી કલમ હેઠળ ગુનો નોંધી, આગળની તપાસ ડીવાયએસપી સાગર રાઠોડ દ્વારા હાથ ધરવામાં આવી છે.

# છુટાછેડા બાદ અન્ય સાથે મૈત્રી કરારમાં રહેતી પત્નીની પૂર્વ પતિએ હત્યા કરી




(પ્રતિનિધિ દ્વારા)

વીરપુર તા.૧૨

વીરપુરમાં છૂટાછેડા લીધા બાદ પત્ની અન્ય યુવક સાથે મૈત્રી કરાર કરેલ હોય જેનો ખાર રાખી પૂર્વ પતિએ પત્નીને ગળાના ભાગે અને ડાબા ખંભા પાસે ધારદાર હથિયાર વડે ગંભીર ઈજા પહોંચાડી હત્યા કર્યાની પોલીસ ફરિયાદ નોંધાઈ છે. વીરપુર ગામે રહેતા હંસાબેન ઉર્ફે પ્રેમીલાબેન ધીરૂભાઈ ધરજીયાએ આરોપી કાનજીભાઈ રાઘવભાઈ ગોહેલ રહે વીરપુર વાળા વિરૂધ્ધ હત્યાની ફરિયાદ નોંધાવી છે. જેમાં જણાવ્યું છે કે ફરિયાદીની દીકરી અલ્પાબેન ઉર્ફે ક્રિષ્નાએ તેના પતિ કાનજીભાઈ ગોહેલ સાથે છૂટાછેડા લઈ લીધા હતા અને ભાડે મકાન રાખી બંને દીકરીઓ સાથે એકલી રહેતી હતી. અલ્પાબેને વીરપુરમાં રહેતા નીલેશ કરશન ધામેચા સાથે મૈત્રી કરાર કર્યા હોય જેનો ખાર રાખીને આરોપી પતિ કાનજીભાઈ ગોહેલે અલ્પાબેનને ગળાના ભાગે અને ડાબા ખંભા પાસે ધારદાર હથિયાર વડે ઊંડા ઘા મારી ગંભીર ઈજા પહોંચાડી તેમજ કપાળ અને છાતીના ભાગે તેમજ હાથની કોણી પર ધારદાર હથિયાર વડે ચેકા મારી ગંભીર ઈજા પહોંચાડતા અલ્પાબેનનું મોત થયું હતું. વીરપુર પોલીસે આરોપી પતિ વિરુદ્ધ હત્યાની ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ઊના એસ.ટી. ડેપોમા વિશ્વ પરિવહન દિવસ ની ઉજવણી કરવામાં આવી





(પ્રતિનિધિ દ્વારા) ઉના તા.૧૨

અમરેલી એસ.ટી. ડિવિઝન હેઠળ આવેલ ઊના એસ. ટી ડેપો મેનેજર એલ.ડી. રાઠોડ અને તમામ કર્મચારીઓ દ્વારા ૧૦નવેમ્બરના રોજ વિશ્વ પરિવહન દિવસ નીમિતે કર્મચારીઓ દ્વારા એસ.ટી. બસ મા મુસાફરોનું સ્વાગત પુષ્પ આપી એસ.ટી. પરિવહનનો લાભ લેવા બદલ અભિનંદન પાઠવ્યા હતા અને ડેપો ના તમામ કર્મચારીઓને પણ ગુલાબનું ફૂલ આપી મુસાફરોની સલામતી, સફાઈ, સમય સર બસ ઉપાડી કોઈ પણ જાતનો અકસ્માત ના થાય સમય સર મુસાફરો ને તેમને સ્થળે પહોચાડવા અને મુસાફરોની સાથે વિવેકથી વર્તન કરવાની માહિતી અને તાલીમ ડેપો મેનેજર એલ.ડી. રાઠોડ દ્વારા આપવામાં આવી હતી.

# દેવભૂમિ દ્વારકા જિલ્લામાં મતદાર યાદી ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૨

ગુજરાત રાજ્ય મુખ્ય નિવાર્ચન અધિકારી દ્વારા મતદાર યાદી ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમનું તા.૨૮ નવેમ્બર સુધી આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત તા.૧૭, ૨૩ અને તા. ૨૪ નવેમ્બરના રોજ ખાસ ઝુંબેશના દિવસો તરીકે આયોજન કરવા નક્કી કરાયા છે. આ ખાસ ઝુંબેશના દિવસોમાં પોતાના વિસ્તારના મતદાન મથક પર સવારે ૧૦ થી સાંજે ૫ સુધીમાં મતદાર યાદીમાં નામ નોંધણી, નામ કમી અને મતદારયાદીની વિગતોમાં સુધારો કરાવી શકાશે તેમજ ખાસ ઝુંબેશના દિવસોએ અને ખાસ ઝુંબેશના દિવસો સિવાય પણ **Voter Helpline** મોબાઈલ એપ તથા **voters.eci.gov.in** વેબસાઈટ દ્વારા પણ મતદાર યાદીમાં નામ નોંધણી, નામ કમી અને મતદારયાદીની વિગતોમાં સુધારો કરી શકાશે. જેનો જાહેર જનતાને મહત્તમ લાભ લેવા અનુરોધ કરવામાં આવ્યો છે.

# હવામાં પણ ૭- સ્ટાર સવારી કરે છે મુકેશ અંબાણી : કિંમત છે ૧૦૦૦ કરોડ

મુંબઈ, તા.૧૨:

ભારતના સૌથી અમીર લોકો પૈકીનો એક અંબાણી પરિવાર ન માત્ર તેમની વૈભવી કાર સંગ્રહ માટે જાણીતો નથી, પરંતુ તેમની પાસે ઘણા વૈભવી પ્રાઈવેટ જેટ પણ છે. મુકેશ અંબાણીએ તાજેતરમાં જ ભારતનું પ્રથમ બોઈંગ **BBJ 737 Max 9** પ્રાઈવેટ જેટ ખરીદ્યું છે, જે એક અદભૂત પ્લેન છે.



૧૩ એપ્રિલ ૨૦૨૩થી તેના મોડિફિકેશન અને ટેસ્ટીંગ ફલાઈટ્સનો સિલસિલો શરૂ થયો. તેની ૬ ટેસ્ટીંગ ફલાઈટ્સ કરવામાં આવી. જેનો અંતિમ પડાવ ૨૭ ઓગસ્ટ ૨૦૨૪ના રોજ હતો. આ જેટમાં બે શક્તિશાળી એન્જિન અને તેનું ઉત્પાદન બોઈંગના રેન્ટન પ્રોડક્શન પ્લાન્ટમાં થાય છે.

અલ્ટ્રા લોંગ રેન્જ બિઝનેસ જેટ બોઈંગ ૭૩૭ મેક્સ ૯ ની કિંમત આશરે રૂ. ૧,૦૦૦ કરોડ છે. કોઈપણ ભારતીય ઉદ્યોગપતિ દ્વારા ખરીદાયેલું આ સૌથી મોંઘું પ્રાઈવેટ જેટ છે. મુકેશ અંબાણીએ તેમાં મોટા ફેરફારો કર્યા છે અને તાજેતરમાં તેની ડિલિવરી લીધી છે.

અંબાણી પરિવારે એકલા આ પ્રાઈવેટ જેટની કેબિન પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કર્યો હશે. તેને જરૂરિયાત મુજબ તૈયાર કરવામાં આવ્યું છે અને દેખાવમાં ખૂબ જ સુંદર હશે. **Boeing BBJ 737 Max 9** ની કેબિન પહેલેથી જ ખૂબ સુંદર અને મહેલ જેવી દેખાય છે. અંદરનું ઈન્ટીરિયર પણ કોઈ મહેલ જેવુ છે.

બોઈંગ ૭૩૭ મેક્સ ૮ ની સરખામણીમાં, નવા મેક્સ ૯ને મોટી અને વિશાળ જગ્યા ધરાવતી સ્પેશિયસ કેબિન આપવામાં આવી છે. આ એરક્રાફટનો **MSN** નંબર ૮૪૦૧ છે અને આ પ્રાઈવેટ જેટ એક સમયે લગભગ ૧૧,૭૭૦ કિમીના અંતર સુધી ઉડી શકે છે. તેની કેબિનમાં તે તમામ કમ્ફર્ટ ફીચર્સ છે જેની કોઈએ કલ્પના પણ ન કરી હોય.

# જામવાળા ગામે બંધ મકાનમાં તસ્કરો ત્રાટક્યા : સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા મળી કુલ રૂ.૯૪૩૦૦ની ચોરી

(પ્રતિનિધિ દ્વારા)

ઊના તા.૧૨

ગીર ગઢડા તાલુકાના જામવાળા ગીર ગામે રહેતા અને ઓખા મચ્છીના દંગામાં મજૂરી કામ કરવા ગયેલ વિજુબેન ઉર્ફે વિજયાબેન વનાભાઈ અમરાભાઈ ગુજરિયાની બેન દયાબેને વીજુ બેનને ફોન કરી જાણ કરી હતી કે તારા મકાનના બારી અને લોખંડની ગ્રિલ તૂટેલી છે. તેથી તુરંત જામવાળા આવી જોતા પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી કે તારીખ ૨૯-૧૦ના રાત્રિના કોઈ અજાણ્યા ઈસમોએ બંધ મકાનની બારી તોડી લોખંડની ગ્રીલ તોડી રૂમમાં રાખેલ લાકડાના પટારાના નકૂચા તોડી પટારામાં રાખેલ સોના-ચાંદીના દાગીનાઓ રૂ.૫૪૩૦૦ના અને રોકડા રૂપિયા ૪૦૦૦૦ મળી કુલ રૂપિયા ૯૪૩૦૦ની ચોરી કરી નાસી ગયાની પોલીસ ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

# આવતાવર્ષે પીએમ મોદી ચીનની મુલાકાત લ્યે તેવી શકયતા

નવી દિલ્હી, તા.૧૨:

ભારત અને ચીન બંને દેશો વચ્ચેના સંબંધો સુધારવા માટે અથાક પ્રયાસો કરી રહ્યા છે. ગયા મહિને રશિયાના કઝાન શહેરમાં પીએમ મોદી અને ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ વચ્ચે વાતચીત થઈ હતી. તે પહેલા, ભારત અને ચીન વચ્ચે એલએસી પર અગાઉની સ્થિતિને પુનઃસ્થાપિત કરવા માટે પોતપોતાની સેનાઓ પાછી ખેંચી લેવાનો કરાર થયો હતો. હવે બંને દેશો સંબંધોમાં ઉષ્મા લાવવા માટે આગામી દિવસોમાં વધુ પ્રયાસો કરશે.

આ ક્રમમાં પીએમ મોદી ચીનની મુલાકાત પણ લઈ શકે છે. અહેવાલ મુજબ પીએમ મોદી આવતા વર્ષે ચીનમાં યોજાનારી જીટ્ઠ બેઠકમાં ભાગ લેવા બેઈજિંગ જઈ શકે છે. તાજેતરમાં, નવી દિલ્હીમાં ચીની દૂતાવાસના અધિકારીઓએ ભારતીય મીડિયા સાથે વાત કરતા આ વાત કહી. રિપોર્ટ અનુસાર, ન્છઝ પર સ્થિતિ સુધર્યા બાદ બંને દેશો વચ્ચે સીધી ફલાઈટ્સ, ચીની નાગરિકોને વિઝા આપવા, ઘણી મોબાઈલ એપ્સ પરનો પ્રતિબંધ હટાવવા, ચીની પત્રકારોને ભારતમાં આવીને રિપોર્ટિંગ કરવાની મંજૂરી અને વધુ ભારતીય ફિલ્મોનું સ્ક્રીનિંગ. ચીનના સિનેમાઘરોમાં તેને પ્રદર્શિત કરવા માટે વાતચીત ચાલી રહી છે. આવનારા સમયમાં આ દિશામાં જરૂરી પગલાં લેવામાં આવી શકે છે.



આ રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે ચીન સરકારને આશા છે કે આવતા વર્ષે પીએમ મોદી શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશનની બેઠકમાં ભાગ લેવા બેઈજિંગ આવી શકે છે. ગયા મહિને પાકિસ્તાનમાં SCOની બેઠક યોજાઈ હતી, જેમાં વિદેશ મંત્રી એસ. જયશંકરે ભારત તરફથી ભાગ લીધો હતો.

# સુત્રાપાડાના પ્રશ્નાવડા ગામે તુલસી વિવાહ નિમિત્તે ઠાકોરજીની ભવ્ય શોભાયાત્રા નીકળી



(ભોળા જાદવ દ્વારા) લોઢવા, તા. ૧૨

તુલસી વિવાહ નિમિત્તે ઠાકોરજીની શોભાયાત્રા યોજાય સમસ્ત પ્રશ્નાવડા ગામના ભાઈઓ બહેનો બાળકો મોટી સંખ્યામાં શોભાયાત્રામાં જોડાયા હતા. શોભાયાત્રામા પ્રશ્નાવડા ગામની શેરીઓ બજારોમાં ફરી હતી.

# દ્વારકામાં આજે ધારાસભ્ય પબુભા માણેક હસ્તે રૂા.૧૨.૦૩ કરોડના ખર્ચે થનારા વિકાસકામોનું ખાતમુહૂર્ત

દ્વારકા તા.૧૨

દ્વારકા નગરપાલિકા દ્વારા સરકારની વિવિધ ગ્રાન્ટોમાંથી રૂા.૧૨.૦૩ કરોડના ખર્ચે તૈયાર થનાર વિકાસકામોના ખાતમુહુર્ત આજે તા.૧૨-૧૧-૨૦૨૪ (મંગળવાર) ના રોજ દ્વારકા વિસ્તારના ધારાસભ્ય પબુભા માણેકના વરદહસ્તે નગરપાલિકા કચેરી ખાતે સાંજે ૫:૦૦ કલાકે થશે. આ વિકાસકામોમાં અમૃતમ ૨.૦ યોજના અંતર્ગત પીવાના પાણીની ડી.આઈ. પાઈપલાઈન નાખવાનું કામ તથા ફેઈઝ-૨ અંતર્ગત



માયાસર તળાવનું બ્યુટીફીકેશનનું કામ, ભારે વરસાદને કારણે નુકશાન પામેલા રસ્તાઓના રીસરફેસીંગના કામ, સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત સી.સી.રોડ બનાવવાનું કામ, નિર્મળ ગુજરાત ફેઝ-૨ અંતર્ગત દ્વારકામાં આઈકોનીક રોડ રબારી ગેટથી ભડકેશ્વર મહાદેવ મંદિર સુધી તથા જી.વી.પી. પોઈન્ટના નિકાલની કામગીરી સહિતના વિકાસકામોનો સમાવેશ થાય છે. જેમાં બહોળી સંખ્યામાં શહેરના અગ્રગણ્ય મહાનુભાવો તથા કર્મચારીગણ ઉપસ્થિત રહેશે તેવું વહીવટદાર જીનેશ એન. મહેતા તથા ચીફઓફીસર ઉદય આર. નસીતની યાદીમાં જણાવાયું છે.

# જૂનાગઢમાંથી સુરતનો સેલ્સમેન ૨૪ બોટલ દારૂ સાથે ઝડપાયો

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૨

જૂનાગઢમાં સુરતનો સેલ્સમેનને ક્રાઈમ બ્રાન્ચે જૂનાગઢ રહેતા મિત્ર માટે લાવેલ મોંઘા શરાબની ૨૪ બોટલ સાથે ઝડપી લઈ ૪૧,૨૯૨નો મુદ્દામાલ કબ્જે લીધો હતો. લોકલ ક્રાઈમ બ્રાન્ચનો સ્ટાફ ગઈકાલે સોમવારે વહેલી સવારે ૪:૩૦ વાગ્યે ગિરનાર પરિક્રમા બંદોબસ્ત સબબ પેટ્રોલિંગમાં હતો ત્યારે ઈગલ મંદિર પાસે દોલતપરા નજીક માર્બલ સામે અંધારામાં એક શખ્સ બે થેલા લઈને શંકાસ્પદ હાલતમાં જણાતા તેની પાસેના થેલાની તલાશી લેતા રૂપિયા ૩૬,૧૬૨ની કિંમતના ઈંગ્લિશ દારૂની ૨૪ બોટલ મળી આવી હતી. આથી પોલીસે શખ્સનું નામ પૂછતા રાજસ્થાનના ઉદયપુરનો વતની અને હાલ સુરતમાં પર્વત પાટિયા પાસે રહેતો સેલ્સમેન ૩૧ વર્ષીય સતીશ કિશન ચાંડક હોવાનું જણાવ્યું હતું. પૂછપરછમાં સેલ્સમેને દારૂનો જથ્થો રાજસ્થાનના ઉદયપુર જિલ્લાના હાથીપોલ સુરજ પોલ વિસ્તારમાંથી વેચાણ અર્થે લીધો હોવાનું અને જૂનાગઢમાં રહેતા મિત્રના કહેવાથી લાવ્યો હોવાનું જણાવ્યું હતું. આથી એલસીબીએ સતીશ કિશનની ધરપકડ કરી દારૂ સહિત કુલ રૂપિયા ૪૧,૨૯૨નો મુદ્દામાલ કબજે લઈ કાળુ વગેરે સામે એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

# માણાવદરમાં દુધેશ્વર મહાદેવ મંદિરે તુલસી વિવાહ આજે યોજાશે



(પ્રતિનિધિ દ્વારા)

માણાવદર, તા.૧૨

માણાવદરમાં ભગવાન શાલીગ્રામ વિષ્ણુજી વરપક્ષે બાલા ચૈતન્ય હનુમાન મંદિરથી તા.૧૨ સાંજે ૬ વાગ્યે જાન પ્રયાણ થશે. સામા પક્ષે કન્ય પક્ષે વૃંદા તુલસીજી પક્ષે ઉમીયા મહિલા મંડળ હશે. શુભ વિવાહ પ્રસંગે શાસ્ત્રોક વિધિ પૂર્વક ૧૨-૧૧ને હસ્તમેળાપ ૯ કલાકે દુધેશ્વર મહાદેવ મંદિર ખાતે શુભ તુલસી વિવાહ યોજાશે. જેમાં બંને પક્ષોએ આ તુલસીવિવહામાં ધર્મપ્રેમી જનતાએ ભાગ લેવા વિનંતી કરાય છે.

# આસારામને ૩૦ દિવસની પેરોલ અપાઈ

જોધપુર, તા.૧૨

સગીરા પર દુષ્કર્મ ગુજારવાના કેસમાં જોધપુર સેન્ટ્રલ જેલમાં આજીવન કેદની સજા કાપી રહેલા આસારામને ઈલાજ માટે ૩૦ દિવસની પેરોલ આપવામાં આવી છે. ૭ નવેમ્બરે જોધપુર હાઈકોર્ટે તેમને ખાનગી આયુર્વેદિક હોસ્પિટલમાં સારવાર માટે ૩૦ દિવસની પેરાલની મંજૂરી આપી હતી.

સોમવારે આસારામને જોધપુર સેન્ટ્રલ જેલમાંથી પોલીસ કસ્ટડીમાં ખાનગી હોસ્પિટલમાં મોકલવામાં આવ્યા છે. જ્યાં તેમની આયુર્વેદ પદ્ધતિથી ૩૦ દિવસ સારવાર કરાશે. આસારામને ગત ઓગસ્ટ માસમાં સારવાર માટે ૭ દિવસની પેરોલ આપવામાં આવી હતી.

CMYK CMYK CMYK

# શ્રી ખોડલધામ મંદિરે શ્રી સરદાર પટેલ કલ્ચરલ ફાઉન્ડેશન અને શ્રી ખોડલધામ વિદ્યાર્થી સમિતિના સફળ અધિકારીઓ-કર્મચારીઓનો તેજસ્વિતા સ્નેહમિલન સમારોહ યોજાયો

## શ્રી સરદાર પટેલ કલ્ચરલ ફાઉન્ડેશન દ્વારા વિવિધ પાંચ પ્રકલ્પો લોન્ચ કરાયા તેજસ્વિતા સ્નેહમિલન સમારોહમાં રાજકોટ જિલ્લા કલેક્ટરશ્રી, રાજકોટ પોલીસ કમિશ્નર અને રાજકોટ મ્યુનિસિપલ કમિશ્નરની પ્રેરક ઉપસ્થિતિ

(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ, તા.૧૨

શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ દ્વારા સંચાલિત શ્રી સરદાર પટેલ કલ્ચરલ ફાઉન્ડેશન- રાજકોટ અને શ્રી ખોડલધામ વિદ્યાર્થી સમિતિ- રાજકોટ દ્વારા વર્ષોથી સર્વ સમાજના યુવાનો માટે સ્પર્ધાત્મક પરીક્ષાના તાલીમ વર્ગો રાજકોટ શહેરના શ્રી સરદાર પટેલ ભવન ખાતે ચાલી રહ્યા છે. જેમાં યુપીએસસી, જીપીએસસી, ઉપરાંત વર્ગ ૧, ૨ અને ૩ની સ્પર્ધાત્મક પરીક્ષાના તાલીમ વર્ગોમાંથી તાલીમ લઈને અનેક યુવાનો વિવિધ સરકારી વિભાગમાં પ્રતિષ્ઠિત જગ્યા પર ફરજ બજાવી રહ્યા છે. સંસ્થામાંથી તાલીમ મેળવીને સરકારી નોકરી મેળવનારા તમામ તેજસ્વી અધઝિકારીઓ-કર્મચારીઓના સ્નેહમિલન સમારોહનું આયોજન ૧૦ નવેમ્બરને રવિવારના રોજ શ્રી ખોડલધામ મંદિર-કાગવડ મુકામે કરવામાં આવ્યું હતું.

શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડના ચેરમેન નરેશભાઈ પટેલની ઉપસ્થિતિમાં યોજાયેલા આ સ્નેહમિલન સમારોહમાંશ્રી સરદાર પટેલ કલ્ચરલ ફાઉન્ડેશન- રાજકોટ દ્વારા વિવિધ પાંચ પ્રકલ્પોનું લોન્ચિંગ કરવામાં આવ્યું હતું. ૧૦ નવેમ્બરને રવિવારે યોજાયેલા તેજસ્વિતા સ્નેહમિલન સમારોહમાં ઉપસ્થિત રહેનાર તમામ સફળ વિદ્યાર્થીઓનું ટ્રસ્ટીઓ દ્વારા મા ખોડલની છબી આપી, ખેસ પહેરાવીને ખોડલધામની માહિતી પુસ્તિકા આપીને સન્માન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ કાર્યક્રમની શરૂઆતમાં ઉપસ્થિતમહેમાનોના હસ્તે દિપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું. દિપ પ્રાગટ્ય બાદ શ્રી સરદાર પટેલ કલ્ચરલ ફાઉન્ડેશન- રાજકોટના પ્રમુખ હરેશભાઈ પરસાણાએ સૌનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. ત્યારબાદ સ્નેહમિલન કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે પધારેલા રાજકોટ જિલ્લા કલેક્ટર પ્રભવ જોશી સાહેબ, રાજકોટ પોલીસ કમિશ્નર બ્રજેશ કુમાર ઝા અને રાજકોટ મ્યુનિસિપલ કમિશ્નર દેવાંગ દેસાઈનું ટ્રસ્ટીઓ દ્વારા મા ખોડલની છબી અર્પણ કરીને ખેસ પહેરાવીને સન્માન કરાયું હતું. બાદમાં સરદાર પટેલ કલ્ચરલ ફાઉન્ડેશન- રાજકોટના મંત્રીશ્રી જી.એલ. રામાણી દ્વારા SPCF સંસ્થાની કામગીરી વિશે માહિતી આપવામાં આવી હતી. ત્યારબાદ સ્નેહમિલન સમારોહમાં પધારેલા ક્લાસ-૧ અધિકારીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ઉપસ્થિત વિવિધ જ્ઞાતિ-સમાજના અગ્રણીઓનું પણ ટ્રસ્ટીઓ દ્વારા સન્માન કરાયું હતું.

આ કાર્યક્રમમાં સરદાર પટેલ કલ્ચરલ ફાઉન્ડેશન- રાજકોટ દ્વારા વિવિધ ૫ પ્રકલ્પોનું લોન્ચિંગ કરવામાં આવ્યું હતું. જેમાં સૌપ્રથમ શ્રી સરદાર પટેલ કલ્ચરલ ફાઉન્ડેશનની નવી શાખા જે ગાંધીનગર ખાતે શરૂ થનાર છે તેનું લોન્ચિંગ કરાયું હતું. ત્યારબાદ UPSC-GPSCની જુનિયર ફાઉન્ડેશન કોર્ષની શરૂઆત થનાર છે તેનું લોન્ચિંગ કરાયું હતું. બાદમાં ગુજરાતમાં સૌપ્રથમ વખત ઁજીઝપ્રિલિમ્સ માટે અંગ્રેજી માધ્યમમાં શરૂ થનાર ઓનલાઈન બેચનું લોન્ચિંગ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ IIT/NEETની ફાઉન્ડેશન બેચનું લોન્ચિંગ કરવામાં આવ્યું હતું. પાંચમાં પ્રકલ્પ તરીકે શ્રી સરદાર પટેલ કલ્ચરલ ફાઉન્ડેશન ન્યૂઝ લેટર (ત્રિમાસિક)નું ઉપસ્થિત મહેમાનોના હસ્તે વિમોચન કરવામાં આવ્યું હતું.

આ સ્નેહમિલન કાર્યક્રમમાં ઉપસ્થિત રાજકોટ જિલ્લા કલેક્ટરશ્રી પ્રભવ જોશી સાહેબે પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે, હું જ્યારે આઠ વર્ષ પહેલા રાજકોટમાં આસિસ્ટન્ટ કલેક્ટર તરીકે આવ્યો હતો ત્યારથી મારે SPCF સાથે નાતો છે. હું આ સંસ્થામાં લેક્ચર આપવા માટે જતો હતો. સંસ્થા દ્વારા જે પ્રકલ્પો શરૂ કરવામાં આવ્યા છે તે ખૂબ જ ઉપયોગી છે. આ ઉપરાંત તેમણે યુપીએસસી જેવી કઠિન પરીક્ષા પાસ કરવા માટે કેવી રણનીતિ અપનાવવી જોઈએ તે અંગે માર્ગદર્શન આપ્યું હતું.

રાજકોટ પોલીસ કમિશ્નર બ્રજેશ કુમાર ઝાએ લોકોને શિક્ષિત કરવા માટે અને યુવાનોને સારી જગ્યાએ નોકરી મળે તે માટે SPCF સંસ્થા દ્વારા જે પ્રયાસો કરવામાં આવી રહ્યા છે તેને બિરદાવ્યા હતા. આ ઉપરાંત તેમણે સરકારી વિભાગોમાં વિવિધ જગ્યાઓ પર ફરજ બજાવી રહેલા અધિકારીઓ-કર્મચારીઓને જણાવ્યું હતું કે, તેમણે લોકોની સમસ્યા સાંભળવી જોઈએ. તમારી પાસે કામ લઈને આવનાર લોકો સંતુષ્ટ થઈને જાય તો તમારી સર્વિસ સાર્થક થઈ ગણાશે. નોકરી તો તમામ લોકો કરતાં હોય છે પરંતુ સમાજ અને દેશની સેવા કેવી રીતે કરવી તે મહત્વનું છે.

રાજકોટ મ્યુનિસિપલ કમિશ્નર દેવાંગ દેસાઈ પોતાના વક્તવ્યમાં યુવાનોને કારકિર્દી નિર્માણ અંગે જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, સરકારી નોકરીમાં આપને જે ભૂમિકા મળી છે તેને સારી રીતે પૂર્ણ કરવી જોઈએ. શ્રી સરદાર પટેલની વાતને યાદ કરતાં તેમણે જણાવ્યું હતું કે, લોકો પ્રસંશા કરે કે ન કરે તમારે તમારી ભૂમિકા સારી રીતે નિભાવવાની છે. લોકો તમારી પાસે અપેક્ષા રાખે એ સારા તંત્રની નિશાની છે અને એ આશા આપણે પૂર્ણ કરવી જોઈએ.




શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડના ચેરમેન નરેશભાઈ પટેલે પોતાના વક્તવ્યમાં જણાવ્યું કે, શ્રી ખોડલધામ માત્ર મંદિર ન રહી જતાં શિક્ષણ અને આરોગ્યના કામ થાય તેની ચિંતા કરી છે. શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ દ્વારા રાજકોટ નજીક અદ્યતન કેન્સર હોસ્પિટલ અને રિસર્ચ સેન્ટરનું નિર્માણ થવા જઈ રહ્યું છે. જેમાં સૌરાષ્ટ્રના લોકોને ઘર આંગણે જ એક છત નીચે તમામ સારવાર આપવામાં આવશે. સાથે જ તેમણે સૌને નવા વર્ષની શુભકામના પાઠવી હતી.

આ કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે રાજકોટ જિલ્લા કલેક્ટર પ્રભવ જોશી, રાજકોટ મ્યુનિસિપલ કમિશ્નર દેવાંગ દેસાઈ, રાજકોટ પોલીસ કમિશ્નર બ્રજેશ કુમાર ઝા ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત વિવિધ જ્ઞાતિ અને સમાજના અગ્રણીઓ, શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ, શ્રી સરદાર પટેલ કલ્ચરલ ફાઉન્ડેશન- રાજકોટ, શ્રી લેઉવા પટેલ સમાજ અતિથિ ભવન- વેરાવળ સોમનાથના ટ્રસ્ટીઓ, શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડના કન્વીનરો અને તેમની સંગઠન ટીમ, વિવિધ સમિતિઓના સભ્યો સહિત મોટી સંખ્યામાં લોકોએ હાજરી આપી હતી. કાર્યક્રમ પૂર્ણ થયે સૌએ સાથે ભોજન પ્રસાદ લીધો હતો.

# સ્થા. જૈન સંઘ જૂનાગઢને દાનવીર સુશીલાબેન શાહ દ્વારા મેડિકલ સાધનો અર્પણ વિધિ




જૂનાગઢ, તા.૧૨

સ્થાનકવાસી જૈન સંઘ જુનાગઢને તારીખ ૧૦/૧૧/૨૦૨૪ ના રોજ ઓર્થોપેડિક પલંગ, વીલચેર, વોકર, બેડપાન, યુરિન પેડ જેવા મેડિકલ સહાયના સાધનો જલારામ સોસાયટી ઉપાશ્રય લીંબડી અજરામર સંપ્રદાયના પરમ પૂજ્ય વર્ષા કુમારીજી મહાસતીજી આદિ થાણા નં-૩ ના પાવન સાનિધ્યમાં દાનવીર સુશીલાબેન શાહે સંઘને મેડિકલ સાધનો અર્પણ કર્યા હતા. આ તકે સંઘ પ્રમુખ હિતેશભાઈ સંઘવી, મંત્રી હિરેનભાઈ માવાણી, રાજુભાઈ દોશી તેમજ કારોબારી સભ્યની પ્રેરક ઉપસ્થિતિ રહેલ હતી. જેમાં સત્યમ સેવા યુવક મંડળના પ્રમુખ મનસુખભાઈ વાજા, મૂર્તિપૂજક સંઘના પ્રમુખ દિનેશભાઈ શેઠ, ધર્મેન્દ્રભાઈ મોદી, સિંગર રાજુભાઈ ભટ્ટ તેમજ સમગ્ર સંઘની પ્રેરક ઉપસ્થિતિ રહેલ હતી.

# ગુજરાત શૈક્ષણિક સાંસ્કૃતિક મંચની સંગોષ્ઠીનું જૂનાગઢમાં આયોજન

## વિદ્વાનો અને શિક્ષણવિદોની ઉપસ્થિતિમાં ત્રણ દિવસનો પરીસંવાદ

જૂનાગઢ તા.૧૨

ગુજરાત શૈક્ષણિક સાંસ્કૃતિક મંચ એક અવૈધિક શિક્ષણ સંસ્થા જે શાળા શિક્ષણ અને સમગ્ર શિક્ષણ માટે કાર્યરત છે. તેના અનેક પ્રકલ્પો ના ભાગરૂપે દર વર્ષે બે શિક્ષણ પરિસંવાદો એટલે કે શિક્ષાણ સંગોષ્ઠિઓ નું આયોજન થતું હોય છે. આ પ્રકારની સંગોષ્ઠીઓ ના કુલ પાંચ મણકાઓ સફળતાપૂર્વક પૂર્ણ થયાં છે.અને હવે છઠ્ઠી સંગોષ્ઠિ આગામી તા.૧૪, ૧૫,૧૬ નવેમ્બરના રોજ જૂનાગઢ ખાતે યોજાઈ રહી છે.

સંસ્થાના સંયોજક તખુભાઈ સાંડસુર તથા સાથીઓ શ્યામજીભાઈ દેસાઈ, ડો. મહેશભાઈ ઠાકર, જીતુભાઈ જોશી આ આયોજનની વિગતો આપતા જણાવે છે કે ૧૪ નવેમ્બર ગુરૂવારને બપોરે ૨:૩૦ કલાકે ઉદ્ઘાટન બેઠક થશે.આ બેઠકમાં જવાહરભાઈ ચાવડા માજી મંત્રી, ડો. ચેતનભાઈ ત્રિવેદી કુલપતિ શ્રી નરસિંહ મહેતા યુનિવર્સિટી, પૂજ્ય સંતશ્રી શેરનાથબાપુ ગોરક્ષ આશ્રમ, ડો.હસમુખભાઈ પટેલ સંચાલક તથા અનિલભાઈ કાવાણી વગેરે મહેમાનો ઉપસ્થિત રહેશે.બીજી બેઠકમાં સંત સાહિત્યના વિદ્વાન ડો.નિરંજન રાજ્યગુરૂ" સંત સાહિત્ય અને શિક્ષણ" ના વિષય ઉપર વ્યાખ્યાન આપશે. રાત્રી બેઠકમાં જાણીતા લોકસાહિત્યકાર લાખણશીભાઈ ગઢવી લોકવાર્તા અને લોકસાહિત્યના ઐતિહાસિક મૂલ્યને પ્રસ્થાપિત કરશે. તા.૧૫ મી ની પ્રથમ બેઠકમાં ડો. સેફાલીકા અવસ્થિ ‘ઈતિહાસ અને સંસ્કૃતિમાં સંગ્રહાલયમાં ભૂમિકા’ એ વિષય ઉપર પોતાના વિચારો રજૂ કરશે. બપોર પછીની બેઠકમાં જાણીતા ઈતિહાસવિદ્ ડો. પ્રદ્યુમન ખાચર જૂનાગઢના સ્વાતંત્ર્ય ઈતિહાસની તવારિખ રજૂ કરશે. સમાપન બેઠકના મહેમાનો ડો.પ્રિયવદન કોરાટ અને નિલેશભાઈ સોનારા શિક્ષણ બોર્ડ સભ્ય વિશેષ ઉપસ્થિત રહેશે.સંસ્થાનો એક પ્રકલ્પ જાહેર પરિક્ષાના સ્ટ્રેસ મુક્તિનો પણ ચાલે છે તે માટે પણ પ્રવકતાઓને તજજ્ઞો તાલીમબદ્ધ કરશે.જેમા ડો.ધર્મેન્દ્ર કનાલા ડો, જીતુભાઈ ખુમાણ, એલ.વી. જોશી માર્ગદર્શન આપશે. આ સંસ્થા શિક્ષણના પાયાના ક્ષેત્રમાં પણ વિવિધ કાર્યક્રમો ચલાવી રહી છે.

આ દિવસોના કાર્યક્રમ દરમ્યાન સંગોષ્ઠિના સાધકો નકલંગધામ તોરણીયા તથા જૂનાગઢના ઐતિહાસિક મ્યુઝિયમની પણ મુલાકાત લેશે. ત્રીજા દિવસ ગિરનાર અને જૂનાગઢ દર્શનનો રાખવામાં આવ્યો છે. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે અનિલભાઈ કાવાણી, ડો.હસમુખભાઈ કોરાટ, ડો. ભાવનાબેન ઠુંમર વગેરે જહેમત ઉઠાવી રહ્યાં છે. આ અંગે વધુ વિગત માટે સંયોજક તખુભાઈ સાંડસુર મો.નં. ૯૪૨૭૫ ૬૦૩૬૬ સંપર્ક કરવા એક યાદીમાં જણાવેલ છે.

# ભારતના ઈન્ફ્રાસ્ટ્રક્ચર ગ્રોથમાં અદાણી જૂથનું જોરદાર કમબેક

## આગામી દાયકામાં રૂા. ૮.૪ લાખ કરોડ રોકાણની રૂપરેખા તૈયાર

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ, તા.૧૨

ચેરમેન ગૌતમ અદાણીની આગેવાની હેઠળ અદાણી જૂથે ભારતીય ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રમાં અજોડ સ્કેલ હાંસલ કર્યો છે. અદાણી જૂથની વ્યાપક પહોંચમાં દેશના સૌથી મોટા સંકલિત પોર્ટ નેટવર્કનો સમાવેશ થાય છે, જેમાં ૧૫ બંદરો અને ટર્મિનલ્સ સામેલ છે.અદાણીજૂથ દેશમાં કુલ આઠ એરપોર્ટસનું સંચાલન કરે છે અને ભારતમાં સૌથી મોટા પાવર ટ્રાન્સમિશન નેટવર્કની માલિકી ધરાવે છે. ઉપરાંતઅદાણી અગ્રણી ખાનગી થર્મલ પાવર ઉત્પાદક પણ છે, જે ૧૫,૨૫૦ મેગાવોટનીક્ષમતા ધરાવે છે.

વિગત વર્ષોમાં અદાણી ગ્રૂપેનોંધપાત્ર સ્થિતિસ્થાપકતા અને વૃદ્ધિ હાંસલ કરી છે, ખાસ કરીને જાન્યુઆરી ૨૦૨૩માં યુએસ શોર્ટ-સેલર હિંડનબર્ગ દ્વારા કરાયેલા તથાકથિત આરોપોમાંથી બહાર આવી ૨૪ જાન્યુઆરી ૨૦૨૩ની રૂા. ૧૯.૨ લાખ કરોડના કેપીટલ મૂલ્યને વટાવીનેજૂન ૨૦૨૪ના પ્રથમ સપ્તાહમાં ૧૯.૪ લાખ કરોડનેવટાવીગયું છે.

નાણાકીય વર્ષ ૨૦૨૪માંઅદાણી જૂથના પોર્ટફોલિયોએ ૮૩,૬૫૬ કરોડની નોંધપાત્ર EBITDA (વ્યાજ, કર, અવમૂલ્યન અને ઋણમુક્તિ પહેલાંની કમાણી) નોંધાવી હતી.જે ગત વર્ષ કરતાં ૪૫ ટકાનો વધારો દર્શાવે છે. આ સિદ્ધિ અદાણી ગ્રૂપને નોંધપાત્ર સીમાચિહ્ન પાર કરનારાજૂજ ત્રણ ભારતીય સમૂહોના જૂથમાં સ્થાન આપે છે.

અદાણી ગ્રૂપે આગામી દાયકામાં અંદાજે રૂા. ૮.૪ લાખ કરોડની મહત્ત્વાકાંક્ષી રોકાણની રૂપરેખા તૈયાર કરી છે. જેમાં મુખ્યત્વે ગ્રીન એનર્જી ટ્રાન્ઝિશન અને ટ્રાન્સપોર્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, બંદરો અને એરપોર્ટના વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરવાની યોજના છે. આયોજનાબદ્ધ રોકાણો ટકાઉ વૃદ્ધિ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર વૃદ્ધિ માટે અદાણી જૂથની પ્રતિબદ્ધતાઓને રેખાંકિત કરે છે.

અદાણી ગ્રૂપના વ્યૂહાત્મક એક્વિઝિશનથી તેની બજાર સ્થિતિ વધુ મજબૂત બની છે. ઓગસ્ટ ૨૦૨૩ માં, જૂથની પેટાકંપની અંબુજા સિમેન્ટે ૫,૦૦૦ કરોડ રૂપિયામાં સાંઘી સિમેન્ટ હસ્તગત કરી હતી. તે જ વર્ષે જૂન અને ઓક્ટોબરમાં અનુક્રમે પેન્ના સિમેન્ટ અને ઓરિએન્ટ સિમેન્ટનું એક્વિઝિશન થયું હતું. આ એક્વિઝિશનથી ગ્રૂપની કુલ ઓપરેશનલ ક્ષમતા વધીને ૯૭ MTPA (વાર્ષિક મિલિયન ટન) થઈ છે. ગૌતમ અદાણીના નેતૃત્વ હેઠળજૂથે માત્ર નોંધપાત્ર પડકારોને જ નહી પરંતુ ભારતીય માળખાકીય ક્ષેત્રે સતત વિકાસ અને ભવિષ્યનાનેતૃત્વના માટે પણ પોતાની જાતને સ્થાપિત કરી છે. ગ્રીન એનર્જી અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ પર જૂથનું ધ્યાન નિઃશંકપણે આગામી વર્ષોમાં તેની સતત સફળતાને આગળ ધપાવશે.

# ખંભાળિયા નજીક હાઈવેમાં લાખો ફૂટ કિંમતી જમીનમાં થયેલા દબાણ ઉપર સરકારી તંત્રનું બુલડોઝર ફર્યું

## વર્ષોથી થયેલા દબાણને દૂર કરવાની નોટિસ ઘોળીને પી જતા આખરે તંત્રની કડક કાર્યવાહી





(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા, તા. ૧૨

સતત વિકસતા જતા ખંભાળિયા-જામનગર તેમજ ખંભાળિયા-દ્વારકા હાઈવે પર વધતા જતા જગ્યાના ભાવ વચ્ચે સરકારી જમીનો પર ઠેર ઠેર દબાણો થતા આ સામે તંત્રએ કડક હાથે કામગીરી કરી, આજરોજ જામનગર હાઈવે પર લાખો ફૂટ કિંમતી સરકારી જગ્યા પર કોમર્શિયલ દબાણોને દૂર કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ સમગ્ર પ્રકરણ અંગે સૂત્રો દ્વારા જાણવા મળતી વિગત મુજબ ખંભાળિયાથી જામનગર તરફ જતા હાઈવે માર્ગ પર આવેલા માંઢા ગામ સ્થિત સુવિખ્યાત આરાધના ધામ સામે કેટલાક શખ્સો દ્વારા સરકારી જમીનને વણાંકી લઈ અને કોમર્શિયલ બાંધકામો ઉભા કરી દેવામાં આવ્યા હતા. વધુમાં જાણવા મળતી વિગત મુજબ લાખો ફૂટની અને કરોડો રૂપિયાની અંદાજિત બજાર કિંમત ધરાવતી આ જગ્યા પર હોટલો તેમજ દુકાનો બનાવી અને તેમાં છડેચોક વેપાર-ધંધા કરવામાં આવતા હતા. આ સમગ્ર પ્રકરણ અંગે અહીંના સરકારી તંત્ર દ્વારા દબાણકર્તા આસામીઓને તેઓનું દબાણ સ્વૈચ્છિક રીતે દૂર કરી દેવા માટેની અનેક વખત નોટિસ આપવામાં આવી હતી. તેમ છતાં પણ આ નોટિસને કાગળની ચબરખી સમજીને દબાણ દૂર ન કરાતા આખરે તંત્રએ આજરોજ લાલ આંખ કરી હતી. જેના અનુસંધાને અહીંના પ્રાંત અધિકારી કે.કે. કરમટાના સીધા માર્ગદર્શન હેઠળ અહીંના મામલતદાર વિક્રમ વરુ તેમજ સ્ટાફ દ્વારા પોલીસ તંત્રને સાથે રાખીને જે.સી.બી. જેવા સાધનોની મદદથી દબાણ દૂર કરવાની કામગીરી શરૂ કરી હતી. આ કામગીરી મોડે સુધી ચાલી હતી. જેની વધુ વિગત મેળવાય રહી છે.

# જૂનાગઢમાં પેટ અને હરસને લગતા દર્દો માટે ફ્રી કેમ્પનું આયોજન

જૂનાગઢ, તા.૧૨

જૂનાગઢની "બારમેડા સર્જીકલ હોસ્પિટલ" દ્વારા પેટ અને હરસને લગતા દર્દો માટે "ફ્રી નિદાન કેમ્પ" દર્દીનારાયણની સેવાના ૧૬ વર્ષ પૂર્ણ કરી ૧૭માં વર્ષમાં મંગલ પ્રવેશ પ્રસંગે આયોજન કરવામાં આવેલ છે. દર્દીઓની સેવા કાજે પેટને લગતા તમામ રોગો જેવા કે જૂનો દુઃખાવો, ગેસ, એસિડિટી, એપેન્ડીકસ, કબજિયાત, પથરી વગેરે તથા હરસ, મસા, ભગંદર વગેરેના દર્દીઓ માટે તા.૧૭/૧૧/૨૦૨૪ને રવિવારના રોજ બારમેડા સર્જિકલ હોસ્પિટલ, હિરાપન્ના કોમ્પલેક્ષ જૂનાગઢ ખાતે રાખવામાં આવેલ છે તો કેમ્પનો લાભ લેવા એક યાદીમાં જણાવેલ છે.

# કોડીનાર તાલુકા ખરીદ વેચાણ સંઘ દ્વારા ટેકાના ભાવે ખરીદીનો પ્રારંભ



(મુગલ અલ્તાફ દ્વારા)

કોડીનાર તારીખ ૧૨

કોડીનાર તાલુકા ખરીદી વેચાણ સંઘ દ્વારા ભારત સરકારની પીએસએસ યોજના હેઠળ ખેડૂતોના ખેત ઉત્પન્ન એવા મગફળી, સોયાબીન, અડદ અને મગની આજથી નાફેડ દ્વારા ટેકાના ભાવે ખરીદીનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. ટેકાના ભાવે ખેત ઉત્પન્નના માલની દોઢ માસથી ઓનલાઈન નોંધણી કરવામાં આવી હતી અને તે મુજબ ખેડૂતોને વારા પ્રમાણે બોલાવવામાં આવી રહ્યા છે. આજથી આ નોંધણી બંધ કરવામાં આવી છે ખેડૂતોને તેના પાકના પોષણ ક્ષમ ભાવ મળી રહે તે માટે મગફળી રૂપિયા ૬,૭૮૩ તથા સોયાબીન ૪,૮૯૨ પ્રતિ કિવન્ટલ ટેકાના ભાવે ખરીદી કરવામાં આવી હતી આ કાર્યક્રમમાં કોડીનાર માર્કેટિંગ યાર્ડના ચેરમેન સુભાષભાઈ ડોડીયા ખરીદી વેચાણ સંઘના દિલીપભાઈ મોરી ઉદયસિંહભાઈ વંશ તાલુકા ભાજપના પ્રમુખ ભગુભાઈ પરમાર સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# હિંડોચા પરિવારનો શુક્રવારે સણખલા મુકામે હવનનું આયોજન

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા, તા. ૧૨

હિંડોચા પરિવાર દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ ભાણવડ તાલુકાના સણખલા મુકામે આગામી શુક્રવાર તારીખ ૧૫ નવેમ્બરના રોજ સુરાપુરા દાદા તથા શ્રી રાંદલ ભવાની માતાજી અને શ્રી તુલજા ભવાની માતાજીના હવનનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં સવારે ૯ વાગ્યે હવનનો પ્રારંભ થશે. બપોરે ૧:૩૦ વાગ્યે બીડું હોમાયા બાદ સમૂહ પ્રસાદનું પણ આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ઉપસ્થિત રહેવા સર્વે હિન્ડોચા પરિવારજનોને આયોજકો દ્વારા અપીલ કરવામાં આવી છે.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

તંત્રી લેખ

# જન અપેક્ષાઓમાં ઉણું ઉતરતું પ્રશાસન

ગત દિવસોમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ યુવા લોકસેવકો સાથે શાસન વ્યવસ્થાને બહેતર બનાવવા પર ચર્ચા કરી. તેમણે મજબૂત ફીડબેક અને લોક ફરિયાદ નિવારણની પદ્ઘતિમાં સુધારની જરૂરિયાત વ્યક્ત કરી. તેમણે યુવા લોકસેવકો પાસેથી જનતાના જીવનને સુગમ બનાવવાનો આગ્રહ કર્યો. ભારતમાં શાસન ચલાવવા માટે અધિકારીઓનો મોટો વર્ગ છે. સરકાર સંચાલન માટે વ્યવસાયિક રૂપે દક્ષ પ્રશાસનિક તંત્રની જરૂર પડે છે. બંધારણ નિર્માતા નિષ્પક્ષ અધિકારીઓનું તંત્ર ઈચ્છતા હતા. બંધારણના અનુચ્છેદ ૩૧૧માં પ્રશાસનિક તંત્રના અધિકાર અને સુરક્ષા કવચ વર્ણિત છે. વિશ્વના કોઈપણ લોકતાંત્રિક દેશમાં સરકારી અધિકારીઓને ભારત જેવું કાનૂની સંરક્ષણ નથી. તેમ છતાં તેનાં પ્રશાસનિક તંત્ર જન અપેક્ષાઓથી દૂર છે. આમ જનતામાં પ્રશાસનિક તંત્ર પ્રત્યે સારી ધારણા નથી. તાત્કાલિક થઈ જનારું નાનકડું કામ પણ તેઓ સમય પર નથી કરતા. અધિકારી જન અપેક્ષાઓની ઉપેક્ષા કરે છે. પ્રશાસનિક તંત્રનું વલણ ચિંતાજનક છે.

ભારતની પ્રશાસનિક વ્યવસ્થા બ્રિટિશ શાસનની ઉધારી છે. મોરિસ જોન્સે લખ્યું હતું, 'સત્તા હસ્તાંતરણની સાથે અંગ્રેજ ચાલ્યા ગયા, પરંતુ પ્રશાસન તંત્રનો આકાર, કાર્યની ઢબ બધું જ જેમનું તેમ રહ્યું.' બંધારણ સભામાં બ્રિટિશ સંસ્કારોવાળા પ્રશાસનિક તંત્રની ટીકા થઈ. જોકે સરદાર પટેલે સભામાં પ્રશાસનની પ્રશંસા કરી. કહ્યું કે 'મેં આ કઠિન સમયમાં તેમની સાથે કામ કર્યું છે. તેમને હટાવી દેવાશે તો અરાજકતા વધશે.' અંગ્રેજી રાજ પ્રસાશનનો એકમ જિલ્લો હતો. ત્યારના જિલ્લાધિકારી શ્રેષ્ઠતા ગ્રંથિના શિકાર હતા. તેઓ રાજા હતા અને ભારતના લોકો પ્રજા. સ્વતંત્રતા બાદ લોક કલ્યાણ અને કાયદા શાસનની સ્થાપના પર દેશ આગળ વધ્યો, પરંતુ અધિકારીઓની જનતાથી દૂરી વધતી ગઈ. માનવામાં આવે છે કે સિવિલ સેવાઓમાં પ્રતિભાશાળી લોકો આવે છે. તમામ અધિકારીઓ પરિણામ આપવાની કોશશ કરે છે, પરંતુ ગરીબો, વંચિતો અને પીડિતો પ્રત્યે તેમનામાં સંવેદનશીલતા દુર્લભ છે.

પ્રશાસનિક તંત્ર માટે કામ પૂરું ન થવાનાં કારણો ગણાવવાં આસાન છે. તેથી પ્રશાસનિક સુધારની પ્રક્રિયા પ્રત્યેક સમયે અનિવાર્ય રહે છે. બ્રિટિશ સત્તામાં પણ પ્રશાસનિક સુધારા માટે પંચ બનાવવામાં આવ્યાં હતાં. ૧૯૧૮માં મોન્ટેગ્યૂ ચેમ્સફર્ડ રિપોર્ટ આવ્યો હતો. ૧૯૪૮માં કસ્તૂરભાઈ લાલભાઈના નેતૃત્વમાં મિતવ્યયિતા સમિતિ બની હતી અને ૧૯૪૯માં આયંગર સમિતિ. ૧૯૫૧માં ગોરેવાલા સમિતિએ કેટલાય વિષયો પર રિપોર્ટ આપ્યો. અમેરિકી લોક પ્રશાસન વિશેષજ્ઞ એપ્પલેબીએ ૧૯૫૩માં ભારતના લોક પ્રશાસન સર્વેક્ષણ પર રિપોર્ટ રજૂ કર્યો હતો. ભ્રષ્ટાચાર જૂનો રોગ છે. દેશમાં ૧૯૪૮માં જીપ ખરીદી કૌભાંડ ચર્ચાનો વિષય હતો. ૧૯૫૭ના મુંદણા કૌભાંડમાં કેન્દ્રીય મંત્રી પણ સામેલ જોવા મળ્યા. તત્કાલીન ગૃહમંત્રી લાલ બહાદુર શાસ્ત્રીએ સંપૂર્ણ તંત્રની સમીક્ષા અને સૂચનો માટે કે.સંથાનમની અધ્યક્ષતામાં સમિતિની રચના કરી. ૧૯૬૪માં સતર્કતા આયોગની રચના થઈ. ૧૯૬૬માં મોરારજી દેસાઈના નેતૃત્વમાં પ્રશાસનિક સુધાર આયોગ બન્યું. આ દરમ્યાન તેઓ મંત્રી બની ગયા. પછી કે.હનુમંતૈયાને અધ્યક્ષ બનાવવામાં આવ્યા. આયોગે પોતાના પહેલા રિપોર્ટ ૧૯૬૬ તથા બીજા ૧૯૭૦માં આપ્યો. ૨૦૦૫માં વીરપ્પા મોઈલીની અધ્યક્ષતામાં બીજું પ્રશાસનિક સુધાર આયોગ બન્યું. તેમનો રિપોર્ટ પણ પરિણામવિહીન રહ્યો.

બંધારણની પ્રસ્તાવના અને નીતિ નિર્દેશક તત્ત્વ સરકાર અને પ્રશાસન તંત્રના માર્ગદર્શક છે. પ્રશાસનિક તંત્રથી ઉચ્ચ સ્તરની વ્યાવસાયિક યોગ્યતાની અપેક્ષા છે. વડાપ્રધાનનો આગ્રહ યોગ્ય અને વિચારણીયછે. બંધારણમાં કાર્યપાલિકા નીતિ નિયંતા છે. સરકાર ધારાસભા પ્રત્યે જવાબદાર છે. પ્રશાસનિક તંત્રની સીધી જવાબદારી નથી. તેનો દબદબો ચિંતાજનક છે. ચૂંટાયેલ જનપ્રતિનિધિ અને અધિકારીઓ વચ્ચે તણાવ રહે છે. કેન્દ્રએ ધારાસભ્યો-સાંસદોને સન્માન આપવા અને પત્રોત્તર આપવાનો શાસનાદેશ પાછલી સદીના સાતમા દાયકામાં જારી કર્યો હતો. રાજ્ય સરકારો દ્વારા પણ આ વિષય વારંવાર દોહરાવવામાં આવે છે, પરંતુ પ્રશાસનિક તંત્ર તેને મહત્ત્વ નથી આપતું. કેટલાક અધિકારી કહે છે કે તેઓ સ્થાયી કાર્યપાલિકા છે. વિધાયિકા અને સરકારનો કાર્યકાળ પાંચ વર્ષનો હોય છે. બેશક અધિકારીઓનો એક વર્ગ કર્તવ્યપાલક છે, પરંતુ પોલીસનો વ્યવહાર સારો નથી. તેઓ સાધારણ વાતચીતમાં પણ યોગ્ય વ્યવહાર નથી કરતા. પ્રસાસનિક અધિકારીઓએ પોતાના આચાર અને વ્યવહારને જન અપેક્ષાને અનુરૂપ ઢાળવા જોઈએ.

ભારત દુનિયાની પ્રાચીનતમ સભ્યતા અને સંસ્કૃતિનું ધારક છે. ઋગ્વેદના રચનાકાળના સમયે પણ અહીં સુંદર પ્રશાસનિક વ્યવસ્થા હતી. રાજકીય વ્યવસ્થાનો એકમ પરિવાર હતો. અનેક પરિવારો મળીને ગામ બનતું હતું. ગામના અધિકારીને ગ્રામણી કહેવાતા હતા. ગામો મળીને બનેલ સમૂહને વિશ કહેતા હતા વિશના અધિકારીને વિશપતિ કહેવાતા. કેટલાય વિશ મળીને જન બનતા હતા. જનના મુખ્ય અધિકારીને ગોપ કહેવામાં આવ્યા. અહીં સભા અને સમિતિઓ પણ હતી. સિંધુ ઘાટી સભ્યતામાં પણ પ્રશાસનિક એકમો હતા અને ઉત્તર વૈદક કાળમાં પણ. અનેક શક્તિશાળી રાજા પણ હતા. ઉત્તર વૈદિક કાળમાં એક કેન્દ્રમાં અનેક પ્રશાસનિક અધિકારીઓ હતા. તેઓ મુશ્કેલીઓ દૂર કરવાનું કામ કરતા હતા.

મહાકાવ્ય કાળમાં અહીં મોટા સામ્રાજ્યોની સ્થાપના થઈ. અનેક ગણતંત્ર પણ હતા. બૌદ્ઘ કાળનું શાસન સ્મરણીય છે. ચંદ્રગુપ્ત મૌર્ય પ્રશાસન મહત્ત્વપૂર્ણહતું. કૌટિલ્યનું અર્થશાસ્ત્ર, મેગાસ્થનીઝની ન્ડિકા, અશોકના શિલાલેખ અને અનેક પ્રાચીન પુસ્તકોમાં મૌર્ય શાસન (૩૨૦ ઈસા પૂર્વ)ની જાણકારી મળે છે. ચીની યાત્રા ફાહ્યાને પણ ભારતીય પ્રશાસનની પ્રશંસા કરી. ગુપ્ત પ્રશાસનના કાર્ય ઈતિહાસનું સત્યછે. બ્રિટિશ કાળમાં અંગ્રેજોએ દીર્ઘકાળ સુધી શાસન કર્યું. ભારતીય પ્રસાસનિક સેવાઓ પણ બ્રિટિશ સત્તાનો જ વિસ્તાર જણાય છે. મૂળભૂત પ્રશ્ન એ છે કે જે ભારત સેંકડો વર્ષ પહેલાં પોતાની શાસન પ્રણાલી માટે મહત્ત્વપૂર્ણ રહ્યું છે, એ જ ભારતમાં સંપ્રભુતા, સફળ બંધારણ અને સુયોગ્ય નેતૃત્વની ઉપલબ્ધિઓ છતાં પ્રશાસનિક તંત્ર સાધારણ જનતા પ્રત્યે સંવેદનશીલ કેમ નથી?

# આજે દેવઉઠી અગિયારસ દ્વારકાધીશ જગતમંદિરમાં ઊજવાશે તુલસી-વિવાહ મહોત્સવ



(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા.૧૨

આજે તા.૧૨-૧૧-૨૦૨૪ને મંગળવાર કારતક સુદ એકાદશીના શુભદિને દ્વારકાધીશ જગતમંદિરમાં ઠાકોરજી તથા તુલસીજીના પરંપરાગત રીતે ધામધૂમપૂર્વક લગ્ન યોજાશે. દર વર્ષે આ દિવસે દેવઉઠી એકાદશી અથવા તો દેવપ્રબોધિની એકાદશી તરીકે પણ ઉજવવામાં આવે છે. આ દિવસે ચાતુર્માસની સમાપ્તિ થાય છે અને અષાઢ સુદ અગિયારસથી સતત ચાર માસ સુધી યોગનિદ્રામાં શયન કરી રહેલાં ભગવાનને જગાડવામાં આવે છે. આથી જ આ દિવસને દેવઉઠી અગિયારસ પણ કહેવાય છે. દેવશયનીથી બંધ થયેલ શુભ-માંગલિક કાર્યો દેવઉઠી એકાદશીથી પુનઃ શરૂ થઈ જાય છે.

**સાંજે ગોપાલજીનો વરઘોડો, રાત્રે જગતમંદિર પરિસરમાં તુલસી વિવાહ**

દ્વારકાધીશ મંદિર પરિસરમાં શારદાપીઠ સંચાલિત રાણીવાસના મંદિરોના પૂજારી વિજયભાઈ તથા આનંદભાઈ ઉપાધ્યાયના જણાવ્યાનુસાર આજે સાંજે ૬:૦૦ વાગ્યે મંદિર પરિસરમાંના રાણીવાસમાં આવેલ ગોપાલજી સ્વરૂપનો ભવ્ય વરઘોડો વાજતે ગાજતે નિકળશે જે શહેરના રાજમાર્ગો પર ફરી પુનઃ રાણીવાસમાં પધારશે. રાણીવાસ પરિસરમાં શ્રીજીના તુલસીજી સાથે ભવ્ય લગ્નોત્સવ યોજાશે. જગતમંદિર પૂજારીના જણાવ્યા મુજબ સાંજે ગૌધુલીક સમયે નિજમંદિરમાં ઠાકોરજીના બાલસ્વરૂપનું શાસ્ત્રોકત વિધિ અને મંત્રોચ્ચાર સાથે તુલસીજી સાથે લગ્નોત્સવ યોજાશે.આ પ્રસંગનો લ્હાવો લેવા સમગ્ર દ્વારકાવાસીઓ તથા ભકતજનોને વારાદાર પૂજારી તરફથી ભાવભર્યુ આમંત્રણ પાઠવ્યું છે.

**દેવઉઠી અગિયારસે વિશેષ વિષ્ણુપૂજા**

શ્રીજી ભગવાનના તુલસીમાતા સાથેના વિવાહના કારતક સુદ અગિયારસના યોજ યોજવામાં આવે છે. કારતક સુદ નૌમથી તુલસીવાસનું વ્રત કરનાર બારસના દિવસે પારણા કરે છે. આ દિવસે ભગવાન વિષ્ણુના દરેક સ્વરૂપની ષોડશોપચાર પૂજા કરી શંખ, ઘંટ અને મૃદંગના નાદ સાથે મંત્ર પુષ્પાંજલિ અર્પણ કરાય છે. તુલસીમાતાને સૌભાગ્યવતીનો શણગાર કરી શાલીગ્રામની સાત પ્રદક્ષિણા કરવામાં આવે છે.

# ભાણવડના ત્રિવેણી સંગમ ખાતે વિકાસ પરિસર યોજનાનું ખાતમૂહુર્ત કરાયું

**રૂા.૨૫ કરોડના ખર્ચે આરતી ઘાટ, ભોજનાલય, સત્સંગ હોલ સહિતની સુવિધાઓ પ્રાપ્ય બનશે**



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૨

ભાણવડ તાલુકાના ત્રિવેણી સંગમ સ્થિત પૌરાણિક ઈન્દ્રેશ્વર મહાદેવ મંદિર ખાતે ઈન્દ્રેશ્વર મહાદેવ પરિસર વિકાસ યોજનાનું અંદાજિત રૂા.૨૫ કરોડના ખર્ચે ખાતમુહુર્ત કરવામાં આવ્યું હતું. ઈન્દ્રેશ્વર મહાદેવ વિકાસ પરિસર યોજનામાં આરતી પૂજા માટે નવીન ઘાટ, ભોજનાલય, સત્સંગ કાર્યક્રમ માટે હોલ, પીવાના પાણીની વ્યવસ્થા તથા ટોયલેટ બ્લોક ગાર્ડન, લેન્ડ સ્કેપ ડેવલપમેન્ટની કામગીરી, સરોવરની મધ્યમાં શિવ ભગવાનની મૂર્તિ ,સેફ્ટી રેલીંગ વર્ક સહિતની પ્રાથમિક સુવિધાઓ ઉભી કરવામાં આવશે. આ પ્રસંગે અહીંના ધારાસભ્ય અને કેબિનેટ મંત્રી મુળુભાઈ બેરાએ જણાવ્યું હતું કે, પૌરાણીક અને ઐતિહાસિક ત્રિવેણી સંગમ સ્થિત ઈન્દ્રેશ્વર મહાદેવ મંદિર પરિસર યોજનાનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે. આ મંદિર પરિસરના વિકાસ થકી ભાણવડ તાલુકા તથા આજુ બાજુ વિસ્તારના નાગરિકો માટે પ્રવાસીઓને આકર્ષણનું કેન્દ્ર બની રહેશે. હાલ રાજ્યમાં પ્રવાસન ક્ષેત્રો સહિત સર્વાંગી વિકાસ માટે સતત પ્રયત્નશીલ છે. દેવભૂમિ દ્વારકા જિલ્લામાં પ્રવાસન ક્ષેત્રે વિકાસ થતાં પ્રવાસીઓનું પસંદગી સ્થળ બન્યું છે. હાલમાં દિવાળીના તહેવારો દરમિયાન લાખોની સંખ્યામાં પ્રવાસીઓ દ્વારકા, બેટ દ્વારકા, શિવરાજપુર સહિત પ્રવાસન સ્થળો ઉમટ્યા હતા. જેના પરિણામે જિલ્લાના નાગરિકોને રોજગારીની વિપુલ તકો નિર્માણ થયું છે. આ કાર્યક્રમમાં કલેકટર જી.ટી. પંડ્યાએ જણાવ્યું હતું કે ભાણવડ તાલુકાના ઈન્દ્રેશ્વર મહાદેવ મંદિર વિકાસ માટે પરિયોજના ખાતમુહુર્ત કરવામાં આવ્યું છે. દેવભૂમિ દ્વારકા જિલ્લામાં દ્વારકાધીશ મંદિર, શિવરાજપુર બીચ, સુદર્શન સેતુ, બરડા વન્યજીવ અભયારણ્યમાં જંગલ સફારી સહિત પ્રવાસન સ્થળો વિકાસ થતાં જિલ્લામાં પ્રવાસન ક્ષેત્રે અગ્રેસર બની રહ્યો છે. આ કાર્યકમમાં સ્વાગત પ્રવચન વિભાગ પ્રોજેક્ટ મેનેજર અજિત જોશી દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં પ્રાંત અધિકારી કે.કે. કરમટા, મામલતદાર અશ્વિન ચાવડા, તાલુકા વિકાસ અધિકારી એન.એલ. બેડીયાવદરા, પાલાભાઈ કરમુર, ચેતન રાઠોડ, એભાભાઈ કરમુર, રસિકભાઈ નકુમ, ભરતભાઈ ચાવડા, મેરામણભાઈ ગોરીયા સહિત અધિકારીઓ, કર્મચારીઓ વિગેરે ઉપસ્થિત રહ્યા હતા.

ઉનામાં ૨૨૫મી જલારામ જયંતિની

# નાસિક ઢોલના તાલ સંગાથે ભવ્ય ઉજવણી કરતા રઘુવંશી સમાજમાં ખુશીનો માહોલ છવાયો






(નિરવ ગઢીયા દ્વારા)

ઉના તા.૧૨

ઉના રઘુવંશી સમાજ દ્વારા આ વખતે ભવ્યથી ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરેલ હતું. જેમાં જલારામ વાડીથી નાસિક ઢોલ શરૂવાત થતા જ પેલેથી જ રઘુવંશી સમાજની એકતા જોવા મળેલ જ્યારે ટાવર ચોક અને ત્રિકોણબાગે નવયુવાનો અને બહેનોએ રાસ ગરબા સાથે જુમી ઉઠ્યા હતા અને ઉનામાં ૨૨૫ જલારામ જયંતિ યુવાનોનું આયોજન અતિ ભવ્ય સફળ રહેલ અને ઉનામાં લોકોમાં ખુશીનો માહોલ જોવા મળેલ હતો. જ્યારે શોભાયાત્રામાં ઉના રઘુવંશી સમાજના આગેવાન ચંદુભાઈ કોટેચા, ગુણવંતભાઈ રૂપારેલિયા, ડો. મનોજ માનસેતા, ચેતનભાઈ ભૂપતાની, મનુભાઈ કોટેચા જેવા અનેક આગેવાનો હાજરી આપેલ અને યુવાનોમાં ઉત્સાહ વધારેલ અને સૂચન કરેલ કે આમ જ રઘુવંશી સમાજની એકતા બનાવી રાખો અને દરેક વર્ષે અનેરો જલારામ જયંતીનો આનંદ લીધા કરો તેમ જણાવ્યું હતું.

# ઉના : નલીયા, માંડવી, ખંઢેર રોડ ઉપર લુંટ કરનારા આરોપીને ઝડપી લેતી પોલીસ




(પ્રતિનિધિ દ્વારા)

ઉના તા.૧૨

ત્રણ દિવસ પહેલા નલીયા માંડવી ખંઢેર રોડ ઉપર બે અજાણ્યા ઈસમોએ દીવ ફરવા આવેલ બે યુવાનો ને સસ્તા ભાવે રૂમ ભાડે આપવાની લાલચ આપી છરીની અણીએ રોકડા રૂપિયા મોબાઈલ ફોનની કુલ ૩૩૦૦૦ હજારની લૂંટ કરી નાસી ગયેલના ગુનાનો ભેદ ઉકેલી બે રીઢા આરોપીને મુદ્દામાલ સાથે પોલીસે પકડી ભેદ ઉકેલી નાખ્યો છે. ગીર સોમનાથ જિલ્લાના પોલીસ વડા મનોહરસિંહ જાડેજાએ પ્રેસ કોન્ફરન્સમાં માહિતી આપી હતી કે, ગત તારીખ ૭-૧૧-૨૪ના રાત્રિના સમયે નવાબંદર મરીન પોલીસ સ્ટેશનની હદ વિસ્તારમાં નલીયા માંડવી અને ખંઢેરા જતા રોડ ઉપર એક નામાંકીત રિસોર્ટ આગળ બે અજાણ્યા ઈસમોએ દીવ ફરવા આવેલ બોટાદ જિલ્લાના સ્વામિના ગઢડાના ભરતભાઈ હનુભાઈ સટિયા અને તેમના મિત્ર રામભાઈ વાલાભાઈ જોગરાણા હોટલમાં રૂમ ખાલી ના હોય ત્યારે દીવ જેટી પાસે બેઠા હતા ત્યારે બે અજાણ્યા યુવાનો આવી મિત્રતા કેળવી તમને સસ્તા ભાવે રૂમ હોટલ મા આપવાની લાલચ આપી મોટર સાયકલ ઉપર બેસાડી પાછળ પાછળ આવવાનું કહી નલીયા માંડવી અને ખંઢેરા જતા રોડ ઉપર અવવારૂ જગ્યાએ બન્ને મિત્રોને રોકવી રામભાઈ વાલાભાઈ જોગરાણાના ગળા પાસે છરી રાખી મારી નાખવાની ધમકી આપી બન્ને પાસે રહેલ રોકડા રૂપિયા ૧૧૦૦૦/ ત્રણ મોબાઈલ ફોનની કુલ ૩૩૦૦૦/લૂંટ કરી નાસી ગયેલ હતા આ અંગે નવાબંદર મરીન પોલીસ સ્ટેશન મા ફરિયાદ દાખલ કરી હતી પોલીસે ગીર સોમનાથ જિલ્લાના પોલીસ વડા મનોહર સિંહ જાડેજાની સૂચનાથી નવાબંદર મરીન પોલીસ સ્ટેશનના ઈન ચાર્જ પીએસઆઈ વી.કે. ઝાલા અને સ્ટાફે સી.સી.ટીવી ફૂટેજ લોકેશન ગોતી વાસોજ ગુપ્ત પ્રયાગ જતા રોડ ઉપર થી પરેશ ઉર્ફે પલો જીણા ભાઈ ચોહાણઊં.વ.૨૧ રે. ચાચકવડ તા. ઊના અને વિશાલ પુના ભાઈ પરમારઊં.વ.૨૦ રે. ઊના રામ નગર ખાર વિસ્તાર વાળાને પકડી આગવી પૂછ પરછ કરતા તેમણે લૂંટ નો ગુના ની કબૂલાત કરતા નવાબંદર મરીન પોલીસ સ્ટેશન પર લાવી ઓળખ પરેડ કરાવતા ભોગ બનનાર યુવાનો એ ઓળખી બતાવેલહતા પોલીસે તેમની પાસેથી રોકડા૪૫૦૦ રૂપિયા,લૂંટ મા વપરાયેલ હીરો હોન્ડા મોટર સાયકલ નંબર GJ-૩૨-AE-૧૫૫૨રૂપિયા ત્રણ મોબાઈલ ફોન મળી કુલ રૂપિયા ૫૧૫૦૦નો મુદામાલ કબ્જે કરી લુંટના ગુનાનો ભેદ ઉકેલી નાખ્યો હતો. આ પકડાયેલ આરોપી પરેશ સામે પાંચ ગુના નોંધાયા છે જ્યારે વિશાલ સામે ત્રણ ગુનાઓ નોંધાયા છે. આ લોકો રીઢા ગુનેગાર છે.

રાજકોટ જિલ્લાના ઈ-કે.વાય.સી. કરાવવાપાત્ર

# તમામ રેશનકાર્ડધારક નાગરિકો અને વિદ્યાર્થીઓને my ration મોબાઈલ એપ, મામલતદાર કચેરીની પુરવઠા શાખા અને ગ્રામ્ય સ્તરે VCE ખાતેથી ઈ-કે.વાય.સી. થઈ શકશે



(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ તા.૧૨

રાજકોટ જિલ્લાના ઈ-કે.વાય.સી. કરાવવાપાત્ર તમામ રેશનકાર્ડધારક નાગરિકો અને વિદ્યાર્થીઓને વધુમાં વધુ ઈ-કે.વાય.સી. કરાવવા પ્રાદેશિક નગરપાલિકા નિયામક મહેશ જાનીએ વિશેષ અનુરોધ કર્યો હતો. કલેકટર કચેરી ખાતે યોજાયેલી ઈ-કે.વાય.સી અંગેની બેઠકમાં જિલ્લા પુરવઠા અધિકારી રાજેશ્રી વંગવાણીએ પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશનના માધ્યમથી ઈ-કે.વાય.સી. અંગેની તમામ બાબતો સવિસ્તર સમજાવી હતી. અને ઉમેર્યું હતું કે ઈ-કે.વાય.સી. ની કામગીરી my ration મોબાઈલ એપ, મામલતદાર કચેરીની પુરવઠા શાખા અને ગ્રામ્ય સ્તરે VCE ખાતેથી થઈ શકશે. શ્રી વંગવાણીએ આ અંગેની વિગતો આપતાં જણાવ્યું હતું કે અત્યાર સુધીમાં માય રાશન એપ દ્વારા ૨૭૩૫૭૬, PDS દ્વારા ૩૭૨૪૪, VCE મારફતે ૧૮૦૦૦૨, શાળા-કોલેજો મારફતે ૫૨૫૯ તથા વિવિધ ઝોનલ કચેરીઓ મારફતે ૧૦૭૨૮૦ વ્યક્તિઓના ઈ-કે.વાય.સી. કરવામાં આવ્યા છે. નિવાસી અધિક કલેકટરશ્રી ચેતન ગાંધીએ ઈ-કે.વાય.સી. અંગે મહત્તમ લોકજાગૃતિ કેળવવા અને આઈ.ઈ.સી. (ઈન્ફર્મેશન-એજ્યુકેશન-કોમ્યુનિકેશન) પ્રવૃત્તિઓ કરવા ઉપર ભાર મૂક્યો હતો. જિલ્લા આઈ.સી.ટી.ઓફિસર નમ્રતા નથવાણીએ ઈ-કે.વાય.સી. પ્રક્રિયાનું નિદર્શન રજુ કર્યું હતું. આ બેઠકમાં પ્રાંત અધિકારીઓ ચાંદની પરમાર, રાહુલ ગમારા, વિમલ ચક્રવર્તી, તમામ તાલુકાઓના વિકાસ અધિકારીઓ, મામલતદારો અને ચીફ ઓફિસર્સ તથા સંબંધિત સરકારી વિભાગના અધિકારીઓ રૂબરૂ અને ઓનલાઈન સામેલ થયા હતા.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

અનીતિ તથા પ્રમાદથી સમૃધ્ધિ નાશ પામે છે...

- ઋગ્વેદ

## : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૧, શા. શાકે. ૧૯૪૬, પા.ખોરદાદ-૧૩૯૪, મુ. જમાદુલ અવ્વલ-૧૪૪૬, જૈન વીર સં.-૨૫૫૧, કચ્છી સં. ૨૦૮૧, કારતક સુદ-૧૧ પ્રબોધિની એકાદશી, દેવઉઠી એકાદશી, પંઢરપુર યાત્રા, પંચક તા.૧૨ નવેમ્બર ૨૦૨૪, મંગળવાર, પારસી તા.૩૦, મુસ્લિમ તા.૯, પૂર્વાભાદ્રપ્રદા નક્ષત્ર, હર્ષણ યોગ, બવ કરણ, સૂ.ઉ.૭:૦૪, સૂ.અ.૬:૦૭

આજનો દિવસ મધ્યમ છે.

આજે જન્મેલા બાળકની રાશી મીન (દ ચ ઝ થ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: વ્યવસાયિક સંબંધિત કાર્યમાં પ્રગતિ થાય. સ્વમાન ભંગનો યોગ છે.
વૃષભ:માનસિક ચિંતા અનુભવાય. કાર્યભારમાં વધારો થાય.
મિથુન:આવક-જાવક સરભર રહે. હિતશત્રુઓને પીછેહટ કરવી પડે.
કર્ક: અટકેલા કાર્યોમાં પ્રગતિ થાય. રોકાયેલા નાણાં છૂટા થાય.
સિંહ: ધંધા-નોકરીને લગતા કાર્યમાં લાભ થાય. આકસ્મીક પ્રવાસ-મુસાફરી થાય.
કન્યા: ધંધા-નોકરીને લગતા કાર્યમાં સાવધાની રાખવી. ગેરસમજના ભોગ ન બની જવાય તે જોજો.
તુલા: આર્થિક વ્યવહારમાં સંભાળવો. અગત્યના કાર્યમાં સફળતા મળે.
વૃશ્ચિક:નવિન શુભ સમાચાર મળે. માનસિક પ્રસન્નતામાં વધારો થાય.
ધન: નવિન કાર્યમાં સફળતા મળે. નજીકના સંબંધીથી લાભ થાય.
મકર: આર્થિક મુંઝવણમાં વધારો થાય. વ્યર્થ વાદ-વિવાદથી દૂર રહેવું.
કુંભ: વડીલવર્ગ કે ઉચ્ચ અધિકારીથી લાભ થાય. યશ, માન, પ્રતિષ્ઠામાં વધારો થાય.
મીન: ગૃહવિવાદ ન થાય તે જોજો. ભાગીદાર સાથે મનદુઃખ થાય.

### મંદિરના કહેવાતા સાધુએ દાદાગીરી કર્યાનો બનાવ

# અમદાવાદના પ્રખ્યાત મંદિરના સાધુએ યુવક પર કરાવ્યો હુમલો

અમદાવાદ,તા.૧૨

અમદાવાદના પ્રખ્યાત મંદિરના કહેવાતા સાધુએ દાદાગીરી કર્યાનો બનાવ નારોલ પોલીસ સ્ટેશનના ચોપડે નોંધાયો છે. નારોલ પોલીસે કહેવાતા સાધુના માતા, પત્ની સહિત ૮ની ધરપકડ કરી ફરાર કહેવાતા સાધુની શોધખોળ શરૂ કરી છે. અમદાવાદમાં ફરી અસામાજિક તત્વોનો આંતક સામે આવ્યો છે. આ આંતક મચાવનાર એક કહેવાતા સાધુ અને તેના સેવકો છે. ઘટના છે નારોલ વિસ્તારમાં આવેલા પૂજા રેસિડેન્સીની. આ સોસાયટીમાં રહેતા આકાશ ગુપ્તા અને તેમનો પરિવાર રાત્રે ફટાકડા ફોડી તહેવાર ની ઊજવણી કરી રહ્યા હતા ત્યારે જ પાડોશમાં રહેતા કહેવાતા અને સાંસારિક સાધુ જગદીશ મહારાજે ફટાકડા ફોડવા ની ના પાડી જેમાંથી બંને વચ્ચે ઝઘડો થયો અને ત્યાર બાદ કહેવાતા સાંસારિક જગદીશ મહારાજે તેના બોડીગાર્ડ અને ભારતી આશ્રમ ખાતેના સેવકો ને બોલાવ્યા હતા. જે લોકો લાકડીઓ અને પાઈપો લઈને ઘરમાં ઘુસી ગયા હતા અને પરિવાર પર હુમલો કરીને ઘરમાં અને વાહનોમાં તોડફોડ કરીને આંતક મચાવી દીધો હતો. આ સમગ્ર ઘટના CCTV અને વિડીઓમાં કેદ થઈ હતી. આ હુમલામાં પરિવારના ૩ જેટલા સભ્યો ઈજાગ્રસ્ત થતા સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા આ કહેવાતા સાંસારિક સાધુની દાદાગીરીથી પરિવાર માં ડર ફેલાય ગયો.

નારોલ પોલીસે તોડફોડ અને મારામારી ના કેસ માં કહેવાતા સાંસારિક સાધુ જગદીશ મહારાજ, રોહિત રાજપૂત અને કિરણબેન સહિત અન્ય સામે ફરિયાદ નોંધી હતી . ત્યારે ફરિયાદ નોંધ્યા બાદ તપાસ કરતા સમગ્ર મામલે નારોલ પોલીસે બે મહિલા તેમજ ૬ પુરુષોની ધરપકડ કરી છે. પોલીસે જગદીશ મહારાજના માતા ઉમાબેન અને ભાભી કિરણબેનની ધરપકડ કરી છે. ઝડપાયેલા પૈકી એક કહેવાતા સાધુ જગદીશ મહારાજાનો બોડીગાર્ડ છે એનું એક મહાવત છે જે જગન્નાથ મંદિર ખાતે હાથીઓની દેખભાળ કરે છે અને અન્ય ચાર સરખેજ ખાતે ભારતી આશ્રમમાં રહીને અભ્યાસ કરતા અને સેવા કરતા હોવાનું સામે આવ્યું છે. ૮ આરોપી પૈકી નમન ફોજદાર જગદીશ મહારાજાનો પર્સનલ સિક્યુરિટી તરીકે નોકરી કરે છે. અન્ય આરોપી બાદલ નાયક હાથીખાનામાં હાથીની સારસંભાળ અને મહાવત છે. ધર્મપાલ ચૌધરી, નરેન્દ્ર ચૌધરી, દિલીપ ચૌધરી, સુજ્ઞાની ગુર્જ્જર આ ચાર સરખેજ ખાતે ભારતી આશ્રમ માં સેવા તેમજ અભ્યાસ કરતા હોવાનું સામે આવ્યું છે.

અમદાવાદના પ્રખ્યાત મંદીર ના કહેવાતા સાંસારિક સાધુ તરીકે જાણીતા આ જગદીશ મહારાજની દાદાગીરી વિડીઓમાં કેદ થઈ છે. પોતાના ચેલાઓને બોલાવીને ગુપ્તા પરિવાર પર હુમલો કરાવ્યો હોવાનું પોલીસ તપાસમાં સામે આવ્યું છે. આકાશ ગુપ્તા જમાલપુરમાં કરીયાણાની દુકાનમાં વેપાર કરે છે. જ્યારે છેલ્લા ૪ વર્ષથી આ સોસાયટીમાં રહે છે. જગદીશ મહારાજ ૨ વર્ષ પહેલાં પાડોશમાં રહેવા આવ્યા છે. ગયા વર્ષે પણ દિવાળીના પર્વમાં બન્ને પરિવાર વચ્ચે ફટાકડા ફોડવા બાબતે ઝઘડો થયો હતો, પરંતુ સમાધાન થઈ ગયું હતું જેથી પોલીસ ફરિયાદ થઈ નહતી. જોકે આ વર્ષ ફરિયાદને આધારે પોલીસે આઠ આરોપીઓનો ધરપકડ કરી છે અને મહારાજ સહિત અન્ય ત્રણ આરોપીઓની શોધખોળ શરૂ કરી છે.

### એડિશનલ ડીજી અભય ચુડાસમાનો મોટો ખુલાસો

# હું નિવૃત્તિ પછી પણ રાજનીતિમાં આવવાનો પણ નથી, રાજનીતિ મારૂં ક્ષેત્ર પણ નથી

### કોડીનાર ખાતે રાજપૂત સમાજ દ્વારા આયોજિત કાર્યક્રમમાં અભયસિંહ ચુડાસમા મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)

અમદાવાદ, તા.૧૨

પોલીસ તંત્રમાં જેમના નામના સિક્કા પડે છે તે એડિશનલ ડીજી અભયસિંહ ચુડાસમા રાજનીતિમાં આવવાને લઈ છેલ્લાં લાંબા સમયથી ચર્ચા ચાલી રહી હતી. ત્યારે તેમના અંગેની અટકળોને લઈ અભય ચુડાસમાએ મોટો ખુલાસો કર્યો છે. નિવૃત્તિ પછી અભય ચુડાસમા રાજનીતિમાં આવશે તેવી ચર્ચાઓએ વેગ પકડ્યું હતું. પરંતુ ખુદ અભયસિંહ ચુડાસમાએ એક કાર્યક્રમમાં જાહેરમાં ખુલાસો કર્યો છે. કોડીનાર ખાતે રાજપૂત સમાજ દ્વારા આયોજિત કાર્યક્રમમાં અભયસિંહ ચુડાસમા મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા. જેમાં તેમણે રાજકારણમાં જોડાવાની વાત પર પૂર્ણવિરામ મૂક્યો છે. કેટલાક મહિનાઓથી એવી અટકળો લાગી રહી હતી કે ગુજરાત પોલીસના એડિશનલ ડીજી અભયસિંહ ચુડામા રાજીનામું આપશે અથવા નિવૃત્તિ બાદ રાજનીતિમાં પ્રવેશ કરશે. રાજ્યભરમાં ચર્ચાઓ થઈ રહી હતી. જાહેર મંચ પરથી ખુલાસો કરતા અભય ચુડાસમાએ કહ્યું કે, હું નિવૃત્તિ પછી પણ રાજનીતિમાં આવવાનો પણ નથી. રાજનીતિ મારું ક્ષેત્ર પણ નથી અને હું આવવાનો પણ નથી.

તેમણે આગળ કહ્યું કે, મારી નોંધ બહું લેવાય છે. કાન માંડીને સાંભળતા હશે કે આજે નવું શું બોલશે. નવું એજ છે કે હું રાજકારણમાં ક્યારેય જવાનો નથી, પણ નિવૃત્તિ પછી સમાજના શિક્ષણ માટેનું કામ કરીશ. અમે ટીમ બનાવીશું, ગામે ગામ ફરીશું, જે વિદ્યાર્થીઓને જરૂરિયાત હશે તે પૂરી કરીશું. ઉલ્લેખનીય છે કે, ગીર સોમનાથના કોડીનાર ખાતે રાજપૂત સમાજ ના યષ્ઠિક્ક (ગુજરાત રાજપૂત કેરિયર એકેડેમી ) દ્વારા વિવિધ ક્ષેત્રે પાસ થયેલા તેજસ્વી તારલાઓ અને યષ્ઠિક્ક માં દાન કરનાર દાતાઓનો સન્માન કાર્યક્રમ હતો. જેમાં મુખ્ય મહેમાન અભયસિંહ ચુડાસમા હતા. અભય ચુડાસમા વર્ષ ૨૦૦૭-૦૯માં ક્રાઈમ બ્રાન્ચમાં આવતાં પહેલાં જ 'એક્રાઉન્ટર સ્પેશ્યાલિસ્ટ' તરીકે 'હિરો' ગણાવા લાગ્યા હતા. સ્ટાયલિશ કપડાં, ગોગલ્સ અને ફેશન એસેસરિઝના શોખીન અભય ચુડાસમા નેટવર્કિંગ ઉપરાંત ટેક્નોલોજીના શાર્પ યુઝ માટે પણ જાણીતા હતા. ધોળકા નજીક રતનપુર ગામના વતની ચુડાસમાએ ફિઝિક્સમાં બી.એસ.સી. કર્યા પછી GPSCની એક્ઝામ પ્રથમ પ્રયત્ને જ પાસ કરી હતી અને બહુ નાની વયે અંકલેશ્વર ખાતે DySp તરીકે પોસ્ટિંગ મેળવ્યું. ક્રાઈમ બ્રાન્ચના સર્વેસર્વા બનતાં પહેલાં પણ તેઓ ક્રાઈમ બ્રાન્ચમાં કામ કરી ચૂક્યા હતા અને પોતાના પૂરોગામી વણઝારાની કાર્યપદ્ધતિ બહુ નજીકથી જોઈ હતી. ક્રાઈમ બ્રાન્ચમાં ચુડાસમાને છૂટો દોર આપવા માટે જ વણઝારાને પ્રમોટ કરવામાં આવ્યા એવી ચર્ચા પણ જે-તે વખતે થઈ હતી.

### CJI ચંદ્રચૂડે જતા જતા દૂર કરી મોટી ગેરસમજ

# શું SCs અને STs ને અનામત ફક્ત ૧૦ વર્ષ માટે જ હતું?



નવી દિલ્હી, તા.૧૨

૨૫ વર્ષની શાનદાર ન્યાયિક કરિયર કે જેમાં આઠ વર્ષ સુપ્રીમ કોર્ટમાં કહ્યા જસ્ટિસ ધનંજય યશવંત ચંદ્રચૂડ રવિવારે રિટાયર થયા. વકીલો તેમને ન્યાયપાલિકાના રોકસ્ટાર કહે છે. રિટાયરમેન્ટ બાદ એક ઈન્ટરવ્યુમાં જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે શું અનામત હંમેશા માટે ચાલુ રહેવું જોઈએ તો તેના પર તેમણે કહ્યું કે આ સમાનતાનું એક એવું મોડલ છે જેને અજમાવાયું છે અને પારખવામાં આવ્યું છે તથા ભારતમાં કારગર રહ્યું છે. તેમણે એવી ગેરસમજ પણ દૂર કરી કે બંધારણના નિર્માતાઓએ અનુસૂચિત જાતિઓ (SCs) અને અનુસૂચિત જનજાતિઓ(STs) ઓ માટે અનામતની જોગવાઈ ૧૦ વર્ષ માટે કરી હતી.

ડીવાય ચંદ્રચૂડે આપેલા ઈન્ટરવ્યુમાં કહ્યું કે બંધારણની કલમ ૩૩૪માં કહેવાયું છે કે લોકસભા અને રાજયોની વિધાનસભાઓમાં અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓ માટે અનામત ૧૦ વર્ષમાં સમાપ્ત થઈ જવું જોઈએ. આ જોગવાઈમાં અનેકવાર સંશોધન કરાયું, જે મુજબ હવે તે ૮૦ વર્ષમાં સમાપ્ત થઈ જશે. આ પ્રકારે સમય મર્યાદા ફક્ત વિધાનમંડળમાં અનામત માટે નિર્ધારિત કરાઈ હતી, શૈક્ષણિક સંસ્થાનો અને સેવાઓમાં અનામત માટે નહીં.

જસ્ટિસ ચંદ્રચૂડે કહ્યું કે બંધારણીય દ્રષ્ટિકોણથી સમય મર્યાદામાં સંશોધન ફક્ત ત્યારે જ ગેરબંધારણીય છે જ્યારે મૂળ અને અસંશોધિત જોગવાઈએ એક પાયાની વિશેષતાનું ચરિત્ર પ્રાપ્ત કર્યું હોય. અવસરની સમાનતાની અવધારણા શાશ્વત છે.

તે બંધારણની મૂળ વિશેષતાઓમાંથી એક છે. અનામત અવસરની સમાનતા સુનિશ્ચિત કરવાનું એક સાધન છે. તમે એ વાતથી ઈક્રાર કરી શકો નહીં કે સકારાત્મક કાર્યવાહીના સાધન તરીકે અનામતે વાસ્તવિક સમાનતાને વધારી છે. આ સમાનતા એક એવું મોડલ છે જેને અજમાવામાં આવ્યું છે અને પારખવામાં આવ્યું છે, જેણે ભારતમાં કામ કર્યું છે.

રિટાયરમેન્ટ પહેલા ૮ નવેમ્બરના રોજ સુપ્રીમ કોર્ટ બાર એસોસિએશને સીજેઆઈ માટે વિદાય સમારોહનું આયોજન કર્યું. આ દરમિયાન જસ્ટિસ ચંદ્રચૂડે પોતાના પિતા તરફથી મળેલા એક ફ્લેટનો કિસ્સો પણ સંભળાવ્યો હતો. તેમણે કહ્યું કે તેમણે (પિતાએ) પુણેમાં આ નાનકડો ફ્લેટ ખરીદ્યો હતો. મે તેમને પૂછ્યું કે આખરે તમે પુણેમાં ફ્લેટ કેમ ખરીદી રહ્યા છો? આપણે ત્યાં જઈને ક્યાં રહેવાના છીએ? તેમણે કહ્યું કે, મને ખબર છે કે હું ત્યાં ક્યારેય નહીં રહું. મને નથી ખબર કે હું તમરી સાથે ક્યાં સુધી રહીશ, પરંતુ એક કામ કરો જજ તરીકે તમારા કાર્યકાળના અંતિમ દિવસો સુધી આ ફ્લેટને તમારી પાસે રાખો.

મે કહ્યું કે આવું કેમ? તો તેમણે કહ્યું કે, જો તમને લાગે કે તમે નૈતિક ઈમાનદારી કે બૈદ્ધિક ઈમાનદારી સાથે ક્યારેય સમાધાન કર્યું છે તો હું તમને જણાવવા માંગુ છું કે તમારા માથા પર એક છત છે. એક વકીલ કે જજ તરીકે ક્યારેય સમાધાન કરવું જોઈએ નહીં. કારણ કે તમારી પાસે તમારું કોઈ ઘર નથી.

એ જ કાર્યક્રમમાં જસ્ટિસ ચંદ્રચૂડે કહ્યું કે જ્યારે હું મોટો થઈ રહ્યો હતો ત્યારે મારી માતાએ મને કહ્યું હતું કે મે તારું નામ ધનંજય રાખ્યું છે પરંતુ તારા નામ ધનંજયમાં ધન ભૌતિક સંપત્તિ નથી . હું ઈચ્છું છું કે તમે જ્ઞાન મેળવો.

# રશિયામાં યુક્રેનનો ભીષણ ડ્રોન હુમલોઃ એકનું મોત, અનેક ઘાયલ

કીવ, તા.૧૨

યુક્રેને રવિવારે કરેલા ભીષણ ડ્રોન હુમલામાં મોસ્કો અને તેના સબર્બ હચમચી ઉઠ્યા હતા. સંખ્યાબંધ ડ્રોન હુમલામાં ઓછામાં ઓછા એકનું મોત થયું હતું અને અનેક ઘાયલ થયાં હતાં. રશિયાના સૌથી વ્યસ્ત એરપોર્ટ પર વિમાનોનું ઉડ્ડયન અટકી ગયું હતું અને ઘણી ફ્લાઈટ્સને ડાઈવર્ટ કરાઈ હતી. રશિયાના સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું હતું કે રાત્રે યુક્રેનના કુલ ૮૪ને તોડી પાડવામાં આવ્યાં હતા. બીજી તરફ રશિયાએ પણ વિક્રમજનક ૧૪૫ ડ્રોન સાથે યુક્રેન પર હુમલા કર્યા હતા. યુક્રેન મિલિટરીના જણાવ્યા અનુસાર રશિયાના ૧૪૫માંથી ૬૨ ડ્રોનને તોડી પડાયા હતા અને ૬૭ને જામ કરાયા હતા.

રશિયન પ્રમુખ વ્લાદિમીર પુતિને શનિવારે રાત્રે ઉત્તર કોરિયા સાથે એકબીજા દેશો પર હુમલાના કિસ્સામાં એકબીજાને તાકીદે લશ્કરી મદદ કરવાના કરાર પર હસ્તાક્ષર કર્યા પછી યુક્રેન યુદ્ધ વધુ તીવ્ર બન્યું હતું. આ સપ્તાહની શરૂઆતમાં યુક્રેને જણાવ્યું હતું કે તેના દળોએ સૌ પ્રથમ વખત ઉત્તર કોરિયાના સૈનિકોનો સામનો કર્યો હતો. અગાઉ અમેરિકાએ રશિયામાં ઓછામાં ઓછા ૩,૦૦૦ ઉત્તર કોરિયાના સૈનિકોની તૈનાતીની પુષ્ટિ કરી હતી. દરમિયાન બ્રિટનના ડિફેન્સ સ્ટાફ ચીફ ટોની રાડાકિને દાવો કર્યો હતો કે ફેબ્રુઆરી ૨૦૨૨માં યુદ્ધ ચાલુ થયા પછી રશિયાના ૭ લાખ સૈનિકોના મોત થયા છે. રશિયન દળોની ઓક્ટોબરમાં સૌથી વધુ જાનહાનિ થઈ હતી. જોકે રશિયા કે યુક્રેન હજુ સુધી કેટલાં સૈનિકોના મોત થયા છે તે અંગે ચુપકીદી સેવી રાખી છે.રશિયાએ સંભવિત ડ્રોન હુમલાઓને જોખમને લીધે મોસ્કો ક્ષેત્રમાં ત્રણ એરપોર્ટ બંધ કર્યા. રશિયાએ ડ્રોન હુમલાઓના જોખમને પગલે રવિવારે મોસ્કો ક્ષેત્રમાં આવેલા ડોમોડેડોવો, ઝુકોવસ્કી અને શેરેમેત્યેવો આંતરરાષ્ટ્રીય એરપોર્ટને અસ્થાયી રીતે બંધ કરી દીધા છે, તેમ એક અધિકારીએ જણાવ્યું છે.

# રશિયા યુક્રેન ઉપર મોટો હુમલો કરવાની તૈયારીમાં



(સંપૂર્ણ સમાચાર સેવા)

મોસ્કો, તા.૧૨

રશિયા અને યુક્રેન વચ્ચે લગભગ બે વર્ષથી વધુ સમયથી ચાલી રહેલા યુદ્ધમાં સ્થિતિ સતત વણસી રહી છે. ગઈકાલે યુક્રેને રશિયાની રાજધાની મોસ્કોમાં ૩૪ ડ્રોન વડે હુમલો કર્યો હતો. જો કે, રશિયાની સુરક્ષા સેનાએ તમામ ડ્રોન હુમલાને નિષ્ફળ બનાવ્યા હોવાનો દાવો કર્યો છે. રશિયા યુક્રેન પર મોટો હુમલો કરવાની તૈયારી કરી રહ્યું હોવાના અહેવાલો મળ્યા છે.

રશિયાના કુર્સ્ક પ્રાંતમાં યુક્રેનના ઠેકાણાઓ પર રશિયા ઉત્તર કોરિયન સેના સાથે મળી મોટા હુમલાઓની તૈયારીઓ કરી રહ્યું છે. આશરે ૫૦ હજાર રશિયન અને ઉત્તર કોરિયન સૈનિકો આ હુમલામાં ભાગ લેવા માટે સજ્જ હોવાના અહેવાલો મળ્યા છે. યુક્રેનના રાષ્ટ્રપતિ વ્લાદિમીર જેલેન્સ્કીએ ગુરૂવારે જ નિવેદન આપ્યું હુતં કે, ઉત્તર કોરિયાના ૧૧ હજાર સૈનિકો રશિયાના એવા વિસ્તારોમાં તૈનાત છે, કે જ્યાંથી યુક્રેન હુમલો કરવા પ્રવેશી રહ્યું હતું. યુક્રેનના કમાન્ડરે જણાવ્યા પ્રમાણે, ઉત્તર કોરિયન સૈનિકો કુર્સ્કમાં યુદ્ધમાં સીધો ભાગ લઈ રહ્યા છે. જેલેન્સ્કીએ પોતાના સમર્થક દેશોને રશિયામાં તૈનાત ઉત્તર કોરિયન સેનાને દૂર કરવા અપીલ કરી છે. પરંતુ હજી સુધી કોઈ કાર્યવાહી હાથ ધરાઈ નથી. જેના પગલે હવે યુક્રેન ઉત્તર કોરિયન સેનાના ઠેકાણાઓ પર હુમલો કરી શકે છે. જેલેન્સ્કીએ જણાવ્યું હતું કે, યુક્રેન રશિયાની અંદર ટાર્ગેટ પર હુમલો કરવા મટે પશ્ચિમી દેશોમાં નિર્મિત લાંબા અંતરની મિસાઈલનો ઉપયોગ મંજૂરી વિના કરી શકે તેમ નથી. બીજી તરફ અમેરિકા, બ્રિટન, અને જર્મની તમાશો જોઈ રહ્યું છે કે, ક્યારે ઉત્તર કોરિયાના સેના યુક્રેનના લોકો પર હુમલો કરે...

### ભાજપે જાતિવાદી ટિપ્પણીનો લગાવ્યો આરોપ

# કોંગ્રેસના મંત્રીએ કેન્દ્રીય મંત્રીને કહ્યું કાલિયા કુમારસ્વામી

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા. ૧૨

કર્ણાટકના મંત્રી ઝમીર અહેમદે કેન્દ્રીય ભારે ઉદ્યોગ મંત્રીને 'કાલિયા કુમારસ્વામી' કહ્યા બાદ ભાજપે કોંગ્રેસ પર પ્રહારો કર્યા છે. ભાજપે કોંગ્રેસ પર જાતિવાદી ટિપ્પણી કરવાનો આરોપ લગાવ્યો છે અને કહ્યું છે કે તે કોંગ્રેસની નફરતની દુકાન છે. સોમવારે ભાજપના ઘણા નેતાઓએ આ મામલે નારાજગી વ્યક્ત કરી છે. તેમાં કેન્દ્રીય મંત્રી કિરણ રિજિજુ અને ભાજપના પ્રવક્તા શહેજાદ પૂનાવાલાનું નામ પણ સામેલ છે.

કેન્દ્રીય મંત્રી કિરેન રિજિજુએ પ્રતિક્રિયા આપતા કહ્યું કે આ એક જાતિવાદી ટિપ્પણી છે. તેમણે કહ્યું કે, "હું કોંગ્રેસ મંત્રી ઝમીર અહેમદ દ્વારા કેન્દ્રીય મંત્રી અને કર્ણાટકના પૂર્વ મુખ્યમંત્રી કુમારસ્વામીને 'કાલિયા કુમારસ્વામી' કહેવાની સખત નિંદા કરી છે. આ એક જાતિવાદી ટિપ્પણી છે. રાહુલ ગાંધીના સલાહકારે પણ દક્ષિણ ભારતીયોને આફ્રિકન, ઉત્તર પૂર્વના લોકોને ચીની ગણાવ્યા હતા. ઉત્તર ભારતીયો આરબ તરીકે દર્શાવ્યા હતા. ભાજપના પ્રવક્તા શહેઝાદ પૂનાવાલાએ કહ્યું, "કોંગ્રેસના મંત્રી ઝમીર અહેમદ એચડી કુમારસ્વામીને 'કાલિયા' કહે છે.

આ નફરતની દુકાન છે. પહેલા કોંગ્રેસે જાતિના આધારે ભાગલા પાડવાની કોશિશ કરી અને હવે સામ પિત્રોડાની જેમ જાતિના આધારે ભાગલા પાડી રહી છે. દક્ષિણ ભારતીયો આફ્રિકન જેવા છે." સામ પિત્રોડાને પ્રમોશન મળ્યું, હવે રાહુલ ગાંધી ઝમીરને પણ પ્રમોટ કરશે? ઉલ્લેખનીય છે કે આ પહેલા કોંગ્રેસ નેતા સામ પિત્રોડાની જાતિવાદી ટિપ્પણીને લઈને વિવાદ થયો હતો. એક પોડકાસ્ટમાં પિત્રોડાએ કહ્યું હતું કે ભારત જેવા વૈવિધ્યસભર દેશમાં અનેક પ્રકારના લોકો સાથે રહી શકે છે. સામ પિત્રોડાએ કહ્યું હતું કે, "પૂર્વના લોકો ચાઈનીઝ જેવા દેખાય છે, પશ્ચિમના લોકો આરબ જેવા દેખાય છે, ઉત્તરના લોકો કદાચ અંગ્રેજો જેવા દેખાય છે અને દક્ષિણના લોકો આફ્રિકન જેવા દેખાય છે. કોઈ વાંધો નથી. આપણે બધા ભાઈ-બહેન છીએ. "અમે વિવિધ ભાષાઓ, વિવિધ રીતરિવાજો, વિવિધ ખોરાકનો આદર કરીએ છીએ."

# ભાજપના શાસનમાં મંદિરોમાં ચોરીની ૫૦૧ ઘટના : કોંગ્રેસ



(સંપૂર્ણ સમાચાર સેવા)

ગાંધીનગર, તા.૧૨

ગુજરાતમાં ચોરી, લૂંટ-ધાડના કિસ્સાઓમાં ધરખમ વધારો થયો છે. હિન્દુત્ત્વની દુહાઈ દેતી ભાજપ સરકારમાં મંદિરો-ભગવાન પણ સલામત નથી તેવી સ્થિતિ સર્જાઈ છે. કરોડો ગુજરાતીઓના આસ્થાનું સ્થાન શક્તિપીઠ પાવાગઢ સહિત રાજ્યના અનેક ધાર્મિક સ્થાનોમાં ચોરી-લૂંટ-ધાડની ઘટના વધી રહી છે. ગુજરાતમાં છેલ્લા ત્રણ વર્ષમાં મંદિરોમાંથી ચોરીમાં કુલ રૂ.૪,૯૩,૭૨,૨૪૭ની રોકડ અને મુદ્દામાલની ચોરી થઈ છે. ગુજરાતમાં ૨૦૨૧માં ૧૫૧ મંદિરમાં, ૨૧-૨૨માં ૧૭૮ મંદિરમાં અને ૨૦૨૨-૨૩માં ૧૭૨ મળીને કુલ ૫૦૧ ચોરીની ઘટના બની છે. હથિયાર સાથે ધાડની પણ પાંચ ઘટના બની છે ત્યારે ગુજરાતના મંદિરોની સુરક્ષા માટે સ્પેશિયલ ટાસ્ક ફોર્સની રચના કરવાની માગ કોંગ્રેસે કરી છે.

ગુજરાત કોંગ્રેસના પ્રવક્તા હિરેન બેન્કરે સરકારના સલામતના મોટા મોટા દાવાની પોલ છતી કરતા આંકડા રજૂ કરતા જણાવ્યું છે કે, રાજ્યમાં માત્ર રહેણાક-વ્યવસાયિક વિસ્તારો જ નહીં, પરંતુ હવે મંદિરોમાં પણ બેફામપણે લૂંટ-ચોરીની ઘટનાઓ બની રહી છે. હિન્દુત્ત્વની દુહાઈ દેતી સરકાર મંદિર-ભગવાનને પણ સલામતી આપવામાં નિષ્ફળ પુરવાર થઈ છે. મંદિરોમાં થઈ રહેલી ઘટના માત્ર સીસીટીવી લગાવી સુરક્ષાની સાંત્વના સરકાર આપી રહી છે, પરંતુ ભગવાનના નામે રાજનીતિ કરતો ભાજપ માત્ર મતનું તરભાણું ભરાય તેની ચિંતા કરે છે? નવરાત્રિના પર્વમાં પણ બહેન-દીકરીઓ પર થતા બળાત્કાર, વ્યાજખોરો-બૂટલેગરો બેફામ, ખુલ્લેઆમ દારૂ-ડ્રગ્સનો કાળો કારોબાર થાય છે ત્યારે ગુજરાતની સુરક્ષા ભગવાન ભરોસે છે. રાજ્યમાં પ્રજાની સુરક્ષા-સલામતી સાથે સબ સલામતના દાવો કરતી ભાજપ સરકારના રાજમાં વાસ્તવિકતા કંઈક જુદી જ છે. ગુજરાતમાં પોલીસ કર્મચારીઓની મોટા પાયે ઘટ છે. પોલીસ કર્મચારીઓની સંખ્યા રાષ્ટ્રીય સરેરાશ કરતા પણ ઓછી છે.

# સોમનાથ કાર્તિક પૂર્ણિમાના મેળામાં લોકોની દાઢે વળગ્યા કેદીઓના ભજીયા

## રાજકોટ જેલના કેદીઓ દ્વારા બનાવાતા ભજીયાના સ્ટોલનું મેળા પ્રેમીઓમાં આકર્ષણ




(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ પાટણ તા. ૧૨

સોમનાથ કાર્તિક પુર્ણિમાના મેળાનો ગઈકાલથી પ્રારંભ થયેલ છે. પ્રત્યેક મેળાની જેમ આ વર્ષે પણ રાજકોટ મધ્યસ્થ જેલના બંદીવાનો દ્વારા બનાવાતા ભજીયા લોક આકર્ષણ-હોટ ફેવરીટ રહયા હતા.

રાજયના એડી. ડીજીપી કે.એલ. રાવ તથા એસપી રાઘવ જૈનની સુચના-માર્ગદર્શન હેઠળ સોમનાથ કાર્તિક પુર્ણિમાના મેળામાં ખાસ ભજીયા વેચાણ કેન્દ્ર શરૂ કરાયું છે. જે મેળાના પાંચ દિવસ ચાલશે.

આ ભજીયા વેચાણ કેન્દ્રનું સંપુર્ણ સંચાલન હાલ જેલવાસ ભોગવી રહેલા બંદીજનો દ્વારા જ કરાય છે. રાજકોટ ઈન્ચાર્જ સેન્ટ્રલ જેલ ફેકટરી મેનેજર ચંદ્રકાંત પરમાર કહે છે કે, આ મેળામાં ૬ કર્મચારી અને રાજકોટ જેલના ૧૩ બંદીજનો ભાગ લઈ રહયા છે કે જેઓ ભજીયાન સામાન પોતે બજારમાં જઈ લઈ આવે છે. ભજીયા બનાવે અને ભજીયા પડીકા વાળા અને કેશ કાઉન્ટર સંભાળે છે. આ તમામ કામગીરી બંદીજનો જ કરે છે. તેઓ બંદીજન હોવા છતાં કયાંય ભાગતા નથી અને તેઓ ખુલ્લી રીતે અહીં ફરે છે. હાથકડીની પણ જરૂર પડતી નથી. આમ છતાં પ્રમાણિકતા, વિશ્વાસ અને નીતિ મુજબ કામ કરી પ્રેરક દ્રષ્ટાંત આપે છે. આ ભજીયા હાઉસ અંગે તેઓ કહે છે કે, ગત વર્ષે અમોને રાજકોટ કેન્દ્રને વર્ષનો ૧ કરોડ ૫૦ લાખ ટાર્ગેટ આપવામાં આવેલહ તો જે સંપુર્ણ પુરો કરેલ છે.

આ ભજીયા હાઉસ પ્રવૃત્તિને એટલા માટે અગત્ય અપાયેલ છે કે, બંદીજન જયારે તેની સજા પુર્ણ થાય અને સમાજમાં ભળી શકે અને આત્મનિર્ભરતાથી પોતાનું ગુજરાન ચલાવી શકે તે છે. વ્યવસ્થામાં અમારી સાથે રાજકોટ મધ્યસ્થ જેલર જાવેદ ચાનીયા પણ આવેલ છે જે ફરજ પર કાર્યરત છે. સંપુર્ણ ભજીયા મશીનથી હવે બનાવવામાં આવે છે જે માટે વેસણ, મરી, સમારેલ કોથમીર, મરચા, મીઠું નિર્દેશીત પ્રમાણસર મશીનમાં નખાય છે અને ભજીયા બની બહાર આવે છે.

ભજીયા હાઉસ માટે કેવા બંદીજનો પસંદ રકાય છે? તે અંગે તેઓ જણાવે છે કે, જે કેદીને જેલવાસમાં પાંચ-છ વર્ષ થયા હોય, તેની રહેણી-કરણી, વર્તન સારૂં હો અને જેલની મળેલ રજા પુરી થતા સમયસર જેલમાં હાજર થયા હોય, કોઈ સાથે ઝઘડો ન કર્યો હોય તેવા કેદીઓને આ વિભાગ માટે પસંદ કરાય છે.

રાજકોટ જેલમાં હીરાનું પોલીસીંગની ઘંટી અંગે બંદીવાનોને શિક્ષણ અપાય છે, આ ઉપરાંત લાકડાના ફર્નીચર, સુશોભન સાધનો પણ તેઓ બનાવે છે. રાજકોટ ખાતે જેલના બે ભજીયા હાઉસો કાયમી ધોરણે છે. જેમાં પોપટપરા સેન્ટ્રલ જેલ પાસે તથા યુનિવર્સીટી રોડ એ.જી. ચોક ખાતે છે. આ સ્ટોલ પ્રત્યે લોકોના આકર્ષણનું કારણ કેદી હોવા છતાં મુકત રીતે કાર્યરત રહે છે અને વિશ્વાસનો જરાય ભંગ કરતા નથી. તદઉપરાંત અમો સ્વચ્છતા, આરોગ્ય જાળવણી સાથેનો ભજીયાનો મસાલો અને ગુણવત્તાયુકત તેલ તથા વેસણ અને વિશેષ તો ચટાકેદાર સ્વાદિષ્ટ અને સ્વાદપ્રિય ભજીયા બનાવવાની અમારી જહેમત છે.

# જૂનાગઢ સહિત સોરઠમાં દેવદિવાળીની ઉજવણી : તુલસી વિવાહના કાર્યક્રમો

## ભગવાન શાલીગ્રામ અને તુલસીજીનાં લગ્નમાં મહાલશે ભાવિકો



જૂનાગઢ તા.૧૨

આજે દેવ ઉઠી એકાદશી એટલે દેવ દીવાળીનાં પાવનકારી દિવસની સૌરાષ્ટ્રમાં ભાવભેર ઉજવણી કરવામાં આવી રહી છે અને ઠેર-ઠેર તુલસી વિવાહના કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે. દીપાવલી, નૂતનવર્ષ, ભાઈબીજ અને જલારામ જયંતિની ઉત્સાહભેર ઉજવણી કરાયા બાદ આજે દેવ દીવાળીનાં પર્વની પણ ભવ્ય ઉજવણી કરવામાં આવી છે. આપણે ત્યાં દેવદીવાળીનું આગવું મહત્વ રહેલું છે અને આનંદ-તેમજ ભક્તિભાવ પૂર્વક મનાવવામાં આવે છે. ખાસ કરીને જૂનાગઢમાં ગરવા ગિરનાર ક્ષેત્રમાં દરવર્ષે યોજાતા પરિક્રમાનો મેળો ખુબ જ ધામધૂમથી યોજાય છે. પાંચ દિવસનાં પરિક્રમાનાં મેળાનો આજે દેવ દીવાળીનાં દિવસથી મધ્યરાત્રીએ પ્રારંભ થાય છે અને પરીક્રમાનું પુનીત ભાથુ બાંધવા લાખોની સંખ્યામાં માનવ મહેરામણ ઉમટી પડે છે.

આજે દેવ દીવાળીનાં દિવસે ભગવાન શાલીગ્રામ અને તુલસીમાતાનાં લગ્ન સમારંભો યોજવામાં આવી રહ્યા છે. જૂનાગઢ સહિત સૌરાષ્ટ્રનાં ગામે-ગામ તુલસી વિવાહનાં કાર્યક્રમો ઉત્સાહપૂર્વક યોજાય રહ્યા છે.

ભગવાનનાં લગ્ન સમારોહ યોજાયા બાદ લગ્નસરાની મોસમ શરૂ થાય છે અને જેની પણ તડામાર તૈયારીઓ શરૂ થઈ છે. આજે દેવ દીવાળીનાં પર્વની જૂનાગઢ સહિત સૌરાષ્ટ્રમાં ભાવપૂર્વક ઉજવણી કરવામાં આવી રહી છે. લોકો પોતાનાં ઘર આંગણે દીપક પ્રગટાવી આકર્ષક રંગોળી બનાવી, તેમજ રોશનીથી શણગારી ફટાકડાની આતશબાજી સાથે પર્વને મનાવી રહ્યા છે. ઉપરાંત ભગવાન શાલીગ્રામ અને તુલસીમાતાજીનું પૂજન કરી સાકરનો પ્રસાદ ધરાવી તેમજ શેરડીનો સાંઠો ધરી અને ભગવાનની તેમજ ઠાકોરજીની પૂજનવીધી કરવામાં આવી રહી છે. આ સાથે જ જૂનાગઢ સહિત સૌરાષ્ટ્રમાં દેવ દીવાળીનાં પર્વની ભાવભેર ઉજવણી કરવામાં આવી રહી છે અને તુલસી વિવાહનાં ઠેર-ઠેર કાર્યક્રમો યોજવામાં આવ્યા છે. લોકોમાં ભારે ઉત્સાહ પ્રવર્તી રહ્યો છે.

# ઓખા સંતશિરોમણી જલારામ બાપાની ૨૨૫મી જન્મજયંતિની ઉત્સાહ ભેર ઉજવણી

## જટણીયા પરિવાર દ્વારા તમામ સુવિધા સાથેનો મોટો આધુનિક એ.સી.હોલ ઓખા મહાજનને અર્પણ



(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા.૧૨

ગુજરાત સાથે વિશ્વભરમા સંત શિરોમણી જલારામ બાપાની જન્મ જૈન્તિ ઉજવાય છે..ઓખા મા છેલ્લા ત્રણ દાયકાથી જલારામ જેન્તી ઉજવાય છે. ત્યારે બાપાની ૨૨૫મી જન્મદિવસ જૈન્તિ ઓનોખી રીતે ઉજવાય હતી. વિશેષમા ઓખા હાલ રાજકોટના રઘુવંશી અગ્રગણ્ય રાજેશભાઈ તથા પ્રતિકભાઈ વિનોદરાય જટણીયા પરિવાર દ્વારા તેઓના માતા પિતા સ્વ.વિનોદરાય તુલશીદાસ જટણીયા તથા સ્વ.વિણાબેન વિનોદરાય તમામ સુવિધા સાથેનો મોટો આધુનિક એ.સી.હોલ લાખો ના ખર્ચથી બંધાવી આપેલ. આજે આ હોલને આ શુભ દિવસે દાતા પરિવારના લાડકવાયી દિકરી કુમારી માનસીબેન રાજેશભાઈ જટણીયા ના વરદ હસ્તે સમાજને અર્પણ કરેલ. આ હોલનો અર્પણ વિધી સમારોહ તથા દાતા પરિવારનું સન્માન સમારોહનું સાથે આ હોલમાં બાપાને અન્નકૂટ તથા સમુહ આરતી નુ આયોજન કારવામાં આવેલ. જેમા ઓખા ના તમામ રઘુવંશી સહ પરિવાર હાજર રહ્યાં હતા. અહિ મહાજન વાડીએથી બાપાની શોભાયાત્રા વ્યોમણી ધામ જલારામ મંદિર શુધી રાખેલ અહિ તમામ મંદિરે ધ્વજાં રોહણ કરી. ૫૬ ભોગ અન્નકૂટ પણ રાખેલ. ત્યારબાદ મહાજનવાડી ખાતે દાતા પરિવાનો સન્માન સમારંભ રાખેલ જેમા જાટણીયા પરિવારના સભ્યોનું સન્માન મુમેન્ટો અને સાલ ઓઢાળી કરવા મા આવેલ. અહિ દાતા પરિવાર દ્વારા રાધુવંશી નાતા સાથે બ્રહ્મસામાજ ની નાત પણ રાખવામાં આવેલ. અહિ બંને સમાજના લોકોએ સમુહ પ્રસાદી સાથે લીધી હતી. મહાજન પ્રમુખ મોહનભાઈ બારાઈ સાથે તેમની રધુવશી યુવા ટીમે અને રઘુવંશી મહિલા મંડળે દાતા જટણીયા પરિવારના આ કાર્યને બિરદાવ્યું હતું.

# રવિવારે માંગનાથ મહાદેવ મંદિર ખાતે પાટોત્સવ યોજાશે

જૂનાગઢ તા. ૧૨

કારતક વદ બીજ ને રવિવાર તા.૧૭-૧૧-૨૪ ના રોજ જૂનાગઢ શહેરના હાર્દ સમા માંગનાથ રોડ પર આવેલ પુરાણ પ્રસિધ્ધ માંગનાથ મહાદેવ મંદિરના પાટોત્સવનું આયોજન કરવામાં આવેલ છે. આ પ્રસંગે મંગળા આરતી સવારે ૫.૩૦ કલાકે, રવેડી (નગર ચર્યા) સવારે ૮ થી ૧૦ વાગ્યા સુધી, થાળ આરતી બપોરે ૧૧.૪૦ કલાકે, મહાશણગારના દર્શન સાંજે ૫ કલાકથી શરૂ થશે, સંધ્યા આરતી સાંજે ૬.૩૦ કલાકે, બ્લડ ડોનેશન કેમ્પ સાંજે ૪ થી ૮ કલાક દરમ્યાન, સ્તુતિ ગાન રાત્રે ૧૦ થી ૧૧ વાગ્યા સુધી, મહાપૂજાની આરતી રાત્રે ૧૧ કલાકે થશે. આ ધાર્મિક પ્રસંગનો લાભ લેવા દરેક ધર્મપ્રેમી ભકતોને મહંત પ્રદિપગીરી ગુરૂ રવિન્દ્રગીરી ગોસ્વામી દવારા નિમંત્રણ પાઠવવામાં આવેલ છે.

# ગ્રીન એનર્જીમાં ગ્લોબલ લીડર બનવા 'અદાણી મુંદ્રા ક્લસ્ટર'ની કવાયત

## આર્થિક વૃદ્ધિ, નોકરીઓનું સર્જન, અને ડીકાર્બોનાઈઝેશનના લક્ષ્યો હાંસલ કરવા પ્રતિબદ્ધ



અમદાવાદ, તા.૧૨

ગુજરાતની પુનઃપ્રાપ્ય ઊર્જા ક્ષમતાનો લાભ ઉઠાવતા અદાણી મુંદ્રા ક્લસ્ટર દક્ષિણ એશિયામાં અગ્રણી ગ્રીન હાઈડ્રોજન હબ બનવા માટે તૈયાર છે.અદાણી જૂથે ગ્રીન એનર્જીમાં અગ્રેસર બનવા માટે વૈશ્વિક ફોરમમાં પહેલ કરી કરી છે. ગ્રીન એનર્જીમાં ગ્લોબલ લીડર બનવાના ઉદ્દેશથી અદાણી મુંદ્રા ક્લસ્ટરની રચના કરવામાં આવી છે. વર્લ્ડ ઈકોનોમિક ફોરમની 'ટ્રાન્સિશનિંગ ઈન્ડસ્ટ્રિયલ ક્લસ્ટર્સ' પહેલમાં અદાણી એન્ટરપ્રાઈઝ લિમિટેડ, અદાણી પોર્ટ્સ અને સ્પેશિયલ ઈકોનોમિક ઝોન લિમિટેડ (APSEZ) અને અંબુજા સિમેન્ટ્સ લિમિટેડ સહિતની કંપનીઓ અદાણી મુંદ્રા ક્લસ્ટરની રચના કરવા જોડાઈ છે.

અદાણી મુંદ્રા ક્લસ્ટરપહેલ અંતર્ગત ૨૦૫૦ સુધીમાં આર્થિક વૃદ્ધિ, નોકરીઓનું સર્જન અને ડીકાર્બોનાઈઝેશનના લક્ષ્યોને આગળ વધારવા કંપનીઓ વચ્ચે પરસ્પરસહયોગને પ્રોત્સાહન આપવામાંઆવશે.૧૯૯૩ થી મુન્દ્રાનો પોર્ટ બિઝનેસ ભારતના સૌથી મોટા બંદર અને સમૃદ્ધ ઔદ્યોગિક ક્લસ્ટરમાં પરિવર્તિત થયો છે, જેમાં સોલાર મોડ્યુલ અને વિન્ડ ટર્બાઈન ઉત્પાદનથી લઈને પડકારજનક સિમેન્ટ ઉત્પાદન સુધીના વિવિધ ક્ષેત્રોનો સમાવેશ થાય છે.

અદાણી મુન્દ્રા ક્લસ્ટરનું લક્ષ્ય ગ્રીન હાઈડ્રોજન ઉત્પાદનમાં ગ્લોબલ લીડર બનવાનું છે, જે ૨૦૩૦ સુધીમાં વાર્ષિક ૧ મિલિયન મેટ્રિક ટનનું ઉત્પાદન કરવાની યોજના ધરાવે છે.૨૦૪૦ સુધીમાં તેનું ઉત્પાદન ૩ મિલિયન મેટ્રિક ટન સુધી વિસ્તરશે. વળી સૌર, પવન સંલગ્ન મજબૂત ઈન્ફ્રાસ્ટ્રક્ચર દ્વારા તેને સમર્થન આપવામાં આવશે. ઈલેક્ટ્રોલાઈઝર ઉત્પાદન ક્ષમતાઆ ક્લસ્ટરને ભારતની ગ્રીન એનર્જી યાત્રામાં મોખરે સ્થાન આપશે.

અંબુજા સિમેન્ટ્સ અને APSEZના ડાયરેક્ટર કરણ અદાણી માને છે કે "અદાણી મુન્દ્રા ક્લસ્ટર એક સંકલિત ગ્રીન હાઈડ્રોજન ઉત્પાદન હબ બનવાની ઈચ્છા ધરાવે છે, જે ભારતીય અર્થવ્યવસ્થાના એવા ક્ષેત્રોના ડીકાર્બોનાઈઝેશનને આગળ વધારવામાં મદદ કરશે કે જેને ડીકાર્બોનાઈઝ કરવું મુશ્કેલ છે.વળી તે દેશની ઉર્જા આયાત પરની નિર્ભરતા ઘટાડશે."

૨૦૨૫ સુધીમાં APSEZ તેના તમામ પોર્ટની કામગીરીને રિન્યુએબલ ઈલેક્ટ્રિસિટી પાવર આપવા પ્રતિબદ્ધ છે.તે રિન્યુએબલ એનર્જીમાં કામગીરીને બુસ્ટકરવા અને ૨૦૪૦ સુધીમાં નેટ-ઝીરોએમીશન હાંસલ કરવાના લક્ષ્ય ધરાવે છે. એટલું જ નહીં, અદાણી સિમેન્ટની વૈશ્વિક સ્તરે સૌથી ઓછી ઉત્સર્જન-તીવ્રતા ધરાવતા સિમેન્ટ યુનિટનું નિર્માણ કરવાની પણ તેમાં યોજના છે.આ ક્લસ્ટરમાં ગ્રીન એનર્જી ટ્રાન્ઝિશનમાં તેના નેતૃત્વને વધુ મજબૂતી આપતા ગ્રીન હાઈડ્રોજન ડેરિવેટિવ્ઝ માટેની ઉત્પાદન સુવિધાઓ પણ હશે.

# દેવભૂમિ દ્વારકા જિલ્લામાં મિશ્ર ઋતુના કારણે રોગચાળાએ માથું ઊંચક્યું : ડેન્ગ્યુ, સહિત વાયરલ રોગચાળો વકર્યો



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા, તા.૧૨

ખંભાળિયા સહિત દેવભૂમિ દ્વારકા જિલ્લામાં છેલ્લા કેટલાક દિવસોથી મિશ્ર ઋતુના કારણે રોગચાળાનું પ્રમાણ વધ્યું છે. હાલ ઠંડી તેમજ ગરમીના એક દિવસમાં એક સાથે થઈ રહેલા અનુભવ વચ્ચે ખંભાળિયામાં આવેલી જિલ્લાની સિવિલ હોસ્પિટલમાં મોટી સંખ્યામાં વાયરલ રોગના દર્દીઓ સારવાર માટે આવી રહ્યા છે. ખંભાળિયા તાલુકામાં શિયાળાની ઋતુના પગરવ વચ્ચે હાલ અનિયમિત હવામાનના કારણે મચ્છરજન્ય રોગનું પણ પ્રમાણ વધ્યું છે. જેના પરિણામે છેલ્લા કેટલાક દિવસોથી લોકોને ડેન્ગ્યુ, મેલેરીયા, ટાઈફોઈડ તેમજ તાવ-શરદી સહિતની બીમારીઓના કારણે ખંભાળિયાની સરકારી હોસ્પિટલમાં દર્દીઓની સંખ્યા વધી છે. અહીંની જનરલ હોસ્પિટલમાં દરરોજ આશરે ૬૦૦ જેટલા દર્દીઓની ઓ.પી.ડી. રહે છે. ત્યારે ખાસ કરીને ડેન્ગ્યુ તેમજ ટાઈફોઈડ જેવી બીમારીઓ નોંધાતા તંત્ર પણ દોડતું થયું છે. વર્તમાન સમયમાં બેવડી ઋતુના કારણે તેમજ મચ્છરજન્ય રોગચાળો વધતા લોકોને સ્વરછતા જાળવવા તેમજ ખાણી-પીણીમાં સાવચેતી રાખવા હોસ્પિટલના સુપ્રિન્ટેન્ડેન્ટ ડો. મનોજ કપૂર દ્વારા આમ જનતાને અપીલ કરવામાં આવી છે.

# કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણની ઓનલાઈન અધ્યક્ષતામાં MSME ક્લસ્ટર આઉટરીચ પ્રોગ્રામ યોજાયો

## MSME માટે વ્યવસાય કરવાની સરળતા વધારવા માટે યોજનાઓ, પ્રોત્સાહનો અને ધિરાણની સુવિધા અંગે ઊંડાણપૂર્વક માહિતી અપાઈ : ૧૦૦ થી વધુ ઉદ્યોગ સાહસિકોની ઉપસ્થિતિ





(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ તા.૧૨

ડિપાર્ટમેન્ટ ઓફ ફાઈનાન્શિયલ સર્વિસિસ, ભારત સરકાર દ્વારા બેંક ઓફ બરોડાનાં સંકલનથી રાજકોટમાં MSME ક્લસ્ટર આઉટરીચ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું. નાણા અને કોર્પોરેટ બાબતોના કેન્દ્રીય મંત્રી નિર્મલા સીતારમણની અધ્યક્ષતામાં આ ક્લસ્ટર આઉટરિચ કાર્યક્રમનું આયોજન થયું હતું, જેમાં સિતારમણે વિડિયો કોન્ફરન્સિંગ દ્વારા રાજકોટમાં MSME ઉદ્યોગપતિઓ સાથે ઉંડાણપૂર્વકની ચર્ચા કરી હતી. આ કાર્યક્રમનો ઉદ્દેશ MSME ઉદ્યોગોને મળતા વિવિધ સરકારી લાભો અંગે માહિતી ઉપલબ્ધ કરાવવાનો હતો. આ કાર્યક્રમમાં બેંક ઓફ બરોડાના એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર સંજય મુદલિયાર, BOB રાજકોટ ઝોનના જનરલ મેનેજર અને અંચલ પ્રમુખ સુશાંત કુમાર મોહંતી, તમામ જાહેર ક્ષેત્રની બેંકોના પ્રાદેશિક વડાઓ, રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ વી.પી. વૈષ્ણવ, રાજકોટ એન્જીનીયરીંગ એસોસીએશનના અધ્યક્ષ નરેન્દ્રભાઈ પંચાણી અને રાજકોટના અગ્રણી ઉદ્યોગપતિઓ અને અધિકારીઓની ખાસ ઉપસ્થિત રહ્યા હતા. વિવિધ ઉદ્યોગોના ૧૦૦ થી વધુ ઉદ્યોગસાહસિકો કાર્યક્રમમાં સહભાગી બન્યા હતા. MSME માટે વ્યવસાય કરવાની સરળતા વધારવા માટે યોજનાઓ, પ્રોત્સાહનો અને ધિરાણની સુવિધા અંગે ઊંડાણપૂર્વક માહિતી અપાઈ હતી.

# શ્રીકષ્ટભંજનદેવ હનુમાનજીદાદાને ૨૦૦ કિલો કલરફૂલ ફુલોનો શણગાર તથા સુખડીનો અન્નકૂટ ધરાવાયો



(પ્રતિનિધિ દ્વારા)

સાળંગપુર તા.૧૨

વડતાલધામ દ્વિશતાબ્દી મહોત્સવના ઉપલક્ષમાં શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ સંચાલિત સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરધામ શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે પ.પૂ.શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજી (અથાણાવાળા)ની પ્રેરણાથી તેમજ કોઠારી શ્રી વિવેકસાગર-દાસજી સ્વામીના માર્ગદર્શનથી તા.૧૧-૧૧-૨૦૨૪ને સોમવારના રોજ સાળંગપુરમાં વિરાજિત શ્રીકષ્ટભંજન દેવ હનુમાનજી મંદિરે મોટી સંખ્યામાં ભક્તો દાદાના દર્શન કરી રહ્યા છે. ત્યારે આજે શ્રીકષ્ટભંજન દેવ હનુમાનજીને કલરફૂલ ૨૦૦ કિલો ફુલોનો શણગાર કરાયો છે. આજે સવારે શણગાર આરતી પૂજારી સ્વામી દ્વારા કરવામાં આવી હતી. તેમજ સુખડીનો અન્નકૂટ ધરાવાયોઆ દર્શન-આરતીનો લ્હાવો મોટી સંખ્યામાં ભક્તોએ લીધો હતો.

# સુત્રાપાડા તાલુકાના બળવલા મુકામે સુત્રાપાડા તાલુકા કોળી સમાજનો ૧૬મો સરસ્વતી સન્માન સમારોહ યોજાયો

## સોરઠના યુવા સાંસદ રાજેશભાઈ ચુડાસમા સહિત ઉપસ્થિતિમાં યોજાયો અને ૨૭૦ વિદ્યાર્થીઓનું સન્માન કરાયું



(પ્રતિનિધિ દ્વારા)

પ્રાચી તીર્થ તા.૧૨

સુત્રાપાડા તાલુકાના બળવલા ગામે સુત્રાપાડા તાલુકા કોળી સમાજ આયોજિત ૧૬મો સરસ્વતી સન્માન સમારોહ યોજાયો હતો. આ કાર્યક્રમમાં મહાનુભવો દ્વારા દીપ પ્રાગટ્ય કરીને આ કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં ૨૭૦ વિદ્યાર્થીઓનું મહાનુભવો દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. આ તકે મહાનુભાવો દ્વારા જણાવવામાં આવ્યું હતું કે સમાજમાં કુરિવાજો દૂર કરવા, શિક્ષણનો વ્યાપ વધારવા, દરેક ક્ષેત્રમાં સમાજ આગળ વધે, વ્યસનથી દૂર રહે તેવી સમાજને સાચી દિશામાં આગળ વધે તેવું આહવાન કરવામાં આવેલ હતું. સુત્રાપાડા તાલુકા કોળી સમાજ વતી વર્ષ ૨૦૨૪માં ધોરણ ૧૦થી લઈ અને અનુસ્નાતક સુધીમાં ૭૫ કે તેથી વધુ ટકા ધરાવતા વિદ્યાર્થીઓને શિલ્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા તથા વર્ષ ૨૦૦૩- ૨૦૨૪માં સરકારી નોકરીમાં લાગેલા સમાજના બંધુઓને સાલ ઓઢાડી તથા સ્મૃતિ ચિન્હ રૂપી ભેટ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ તકે મુખ્ય મહેમાનોમાં રાજેશભાઈ ચુડાસમા યુવા સાંસદ જૂનાગઢ, ગીર સોમનાથ બાબુભાઈ વાજા - માજી ધારાસભ્ય માંગરોળ, વિકાસભાઈ કરગટીયા માંગરોળ, રાજુભાઈ વંશ - પ્રમુખ, ગુજરાત રાજ્ય કોળી કર્મચારી મંડળ દેવેન્દ્રભાઈ સોલંકી પ્રમુખ કોળી સેના સુત્રાપાડા ગ્રામ્ય તથા ઉપપ્રમુખ ગીર સોમનાથ જિલ્લા કોળી કર્મચારી મંડળ બાબુભાઈ પરમાર - ચેરમેન બાંધકામ સમિતિ ગીર સોમનાથખીમાભાઈ વાજા પ્રમુખ તાલુકા પંચાયત સુત્રાપાડા ધીરૂભાઈ સોલંકી, રામભાઈ ચૌહાણ તથા જિલ્લા પંચાયતના સદસ્યઓ, તાલુકા પંચાયતના સદસ્યઓ તથા સરપંચઓ તથા ઉપ સરપંચઓ અને તેમજ કોળી સમાજના આગેવાનો અને વડીલો યુવાનોએ બહોળી સંખ્યામાં હાજરી આપી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવામાં શ્રી સમસ્ત સુત્રાપાડા તાલુકા કોળી સમાજ સમગ્ર ટીમએ ભારે જહેમત ઉઠાવીને દીપાવ્યો હતો.

(તસ્વીર : જાદવભાઈ ચુડાસમા)

# ભારતની ટોચની ૫૦૦ કંપનીઓમાં દેશના યુવાનોને ઇન્ટર્નશિપમાં જોડાવાની તક પી.એમ. ઇન્ટર્નશિપ યોજનામાં ૧૫મી નવેમ્બર સુધી નામ નોંધણી કરાવી શકાશે

(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ તા.૧૨

ભારતની ટોચની ૫૦૦ કંપનીઓમાં દેશના યુવાનોને ઈન્ટર્નશિપમાં જોડાવાની તક મળી રહે તે હેતુસર ભારત સરકાર દ્વારા પ્રધાનમંત્રી ઈન્ટર્નશિપ યોજનાની શરૂઆત કરવામાં આવેલી છે. યુવાનો આ યોજનાનો લાભ લેવા માટે **pminternship.mca.gov.in** વેબસાઈટ ઉપર નામ નોંધણી કરાવી શકે છે. આ યોજનમાં નોંધણી કરાવવા માટેની અંતિમ તારીખમાં ૫ દિવસનો વધારો કરીને ૧૫ નવેમ્બર ૨૦૨૪ સુધી વધારવામાં આવી છે. નામ નોંધણી સમયે આધાર કાર્ડ તેમજ શૈક્ષણિક લાયકાત મુજબની માર્કશીટ (ધોરણ ૧૦/૧૨/ITI/ડિપ્લોમા/સ્નાતક)(લાગુ પડતા તમામ) જોડવાની રહેશે. આ અંગે વિશેષ માર્ગદર્શન માટે મદદનિશ નિયામક (રોજગાર)ની કચેરી, રાજકોટ નો રૂબરૂ અથવા ૦૨૮૧-૨૪૪૦૪૧૯ નંબર ઉપર ટેલિફોનિક સંપર્ક કરવા મદદનીશ નિયામક રોજગાર કચેરીની યાદીમાં જણાવાયું છે.

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે બે મહિલા શાસ્ત્રીય સંગીત પ્રતિભાઓનું તાના-રીરી મહોત્સવ-૨૦૨૪ અંતર્ગત તાના-રીરી એવોર્ડથી વડનગરમાં ગૌરવ સન્માન કર્યુ





(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર તા.૧૨

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે બે મહિલા શાસ્ત્રીય સંગીત પ્રતિભાઓનું તાના-રીરી મહોત્સવ-૨૦૨૪ અંતર્ગત તાના-રીરી એવોર્ડથી વડનગરમાં ગૌરવ સન્માન કર્યુ હતું. ઉત્તર ગુજરાતના વડનગરની ધરતી ઉપરથી બે નાગર કન્યાઓ તાના-રીરીએ સંગીતની આકરી આરાધનાથી રાગ રાગિણીની વિરાસત દુનિયાને આપી છે. પોતાની કલાના સન્માન ખાતર આત્મબલિદાન આપનારી આ કળાધારિણી બેલડીની સ્મૃતિમાં વડનગરમાં તાના-રીરી મહોત્સવ ઉજવાય છે. સંગીતની આવી ભવ્ય વિરાસત વિશ્વ સમક્ષ ઉજાગર કરવા વડનગરની ધરતીના પનોતા પુત્ર અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પ્રેરણાથી ૨૦૦૩થી પ્રતિ વર્ષ આ મહોત્સવ ઉજવવામાં આવે છે. ગુજરાતની સ્થાપનાના સ્વર્ણિમ જયંતિ વર્ષ ૨૦૧૦થી તેમણે સિદ્ધહસ્ત શાસ્ત્રીય મહિલા ગાયકો-સંગીતજ્ઞોને તાના-રીરી એવોર્ડથી સન્માનિત કરવાની પરંપરા શરૂ કરાવી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ ગૌરવ પરંપરાને આગળ ધપાવતા તાના-રીરી એવોર્ડ-૨૦૨૪ અર્પણ કર્યા હતા. આ ગૌરવ સન્માન એવોર્ડ અંતર્ગત મહારાષ્ટ્રના વિદુષી પદમા સુરેશ તલવાલકર અને અમદાવાદના ડો. પ્રદિપ્તા ગાંગુલી પ્રત્યેકને રૂા.૨.૫૦ લાખની પુરસ્કાર રાશિ, તામ્રપત્ર તથા એવોર્ડ મુખ્યમંત્રીએ એનાયત કર્યા હતા. પ્રવાસન અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રી મુળુભાઈ બેરા, અગ્રણી સોમાભાઈ મોદી , મુખ્યમંત્રીના મુખ્ય અગ્ર સલાહકાર હસમુખ અઢિયા, મુખ્યમંત્રીના અધિક મુખ્ય સચિવ એમ કે દાસ, શહેરી વિકાસ અને રમતગમત તેમજ સાંસ્કૃતિક પ્રવૃતિ અગ્ર સચિવ અશ્વિની કુમાર, પ્રવાસન અગ્ર સચિવ રાજેન્દ્ર કુમાર, યુવક સેવા સાંસ્કૃતિક પ્રવૃતિ કમિશનર આલોક પાંડે, જિલ્લા સંગઠનના પદાધિકારીઓ અને જિલ્લા કલેકટર સહિત વરિષ્ઠ અધિકારીઓ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. તાના-રીરી મહોત્સવ-૨૦૨૪ના આ બીજા દિવસે શશાંક સુબ્રમણ્યમનું બાંસુરીવાદન તથા પાર્થિવ ગોહિલ અને કલા વૃંદની લોકકલા પ્રસ્તુતિ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત સંગીતપ્રેમીઓએ માણી હતી.

# મગફળીના પાકમાં આફલાટોક્સીનનો ઉપદ્રવ અટકાવવા અંગે માર્ગદર્શિકા જાહેર કરાઈ

(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ તા.૧૨

રાજકોટ જિલ્લામાં ખેડુતોને મગફળીમાં પાકમાં આફલાટોક્સીનનો ઉપદ્રવ અટકાવવા ઉતારા અને ઉતારા પછી લેવાના પગલાં લેવા અંગેની માર્ગદર્શિકા જિલ્લા ખેતીવાડી અધિકારી, રાજકોટ દ્વારા જણાવવામાં આવી છે. જે મુજબ દાતા વડે ડોડવાને નુકસાન ન થાય તેનું ધ્યાન રાખવું. ડોડવા સાથેના આખા છોડને વ્યવસ્થિત તડકે સુકવવા. જ્યાં સુધી છોડ, પાંદડા, સુયા બટકણા થાય ત્યાં સુધી સુકવવા. અપૂર્ણ વિકસિત ડોડવાને તોડી અલગ રાખવા તેને સારા વિકસિત ડોડવા સાથે ન ભેળવવા. જો ઓપનેરનો ઉપયોગ કરતા હોય તો યોગ્ય કાણાવાળી જાળી રાખવી. યાંત્રિક નુકસાન વાળા અને જીવાતવાળા ડોડવા અલગ રાખવા. ૮% ભેજ રહે ત્યાં સુધી મગફળીને સુકવવી. મગફળીને સારી, ચોખ્ખી, પૂરતા હવા-ઉજાસવાળી જગ્યામાં પ્લાસ્ટિક અથવા કંતાનની બેગમાં સંગ્રહ કરવો. ઘણી વખત એસ્પરજિલસ ફ્લેવસનો ચેપ કીટકો દ્વારા પણ લાગે છે. આવા સમયે કીટકનાશક દવાનો છંટકાવ કરી તેનો ફેલાવો અટકાવી શકાય. ઉતારા પછી તરત જ પ્રોપીયોનીક એસીડ ૫% અથવા સોર્બીક એસીડ (૦.૧%), ક્લોરોથેલોનીલ (૦.૧૫%) અથવા ૧૯% સોડીયમ બાયસલ્ફાઈડ (૦.૭૫% સોડીયમ હાઈડ્રોક્સાઈડ) નો છંટકાવ ડોડવા પર કરી ફૂગના ઉપદ્રવથી બચાવી શકાય, વધુમાં દવાના વપરાશ વખતે દવા ઉપર આપવામાં આવેલ લેબલ મુજબ જે તે પાક માટે તે ભલામણમાં જણાવ્યા મુજબની કાળજીઓ રાખવા અને અનુસરવા જણાવવામાં આવે છે. આ અંગે વધુ જાણકારી આપના વિસ્તારના ગ્રામસેવક/ વિસ્તરણ અધિકારી/ ખેતી અધિકારી/ તાલુકા અમલીકરણ અધિકારી/ મદદનીશ ખેતી નિયામક/ જિલ્લા ખેતીવાડી અધિકારી/ નાયબ ખેતી નિયામક(વિસ્તરણ)/ નાયબ ખેતી નિયામક (તાલીમ)નો સંપર્ક કરવો.

# રાજકોટ જીલ્લા ભાજપ દ્વારા સંગઠન પર્વ ૨૦૨૪ અંતર્ગત જીલ્લા કાર્યશાળા યોજાઈ

## સંગઠન પર્વ ૨૦૨૪ની કાર્યશાળા યોજતું રાજકોટ જીલ્લા ભાજપ : દવે, ઢોલરીયા, જાડેજા, હેરભા, માંકડિયા, ટોળીયા, પીપળીયા





(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ તા.૧૨

ગુજરાત પ્રદેશ ભારતીય જનતા પાર્ટીના અધ્યક્ષ સી.આર. પાટીલ, પ્રદેશ સંગઠન મહામંત્રી રત્નાકરજીની સૂચના અને જીલ્લા પ્રભારી ધવલભાઈ દવેના માર્ગદર્શન હેઠળ રાજકોટ જીલ્લા ભાજપ દ્વારા રાજકોટ જીલ્લા પ્રમુખ અલ્પેશભાઈ ઢોલરીયાની અધ્યક્ષતામાં 'શ્રી કમલમ' શહેર ભાજપ કાર્યાલય, રાજકોટ ખાતે સંગઠન પર્વ ૨૦૨૪ અંતર્ગત જીલ્લા કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તકે પ્રદેશ સંગઠન પર્વના ચૂંટણી અધિકારી અને ધારાસભ્ય ઉદયભાઈ કાનગડ, રાજકોટ જીલ્લા સંગઠન પર્વના ચૂંટણી અધિકારી આશિષભાઈ દવે, જીલ્લા સહ-ચૂંટણી અધિકારી પ્રફુલભાઈ ટોળીયા, જીલ્લા સહ-ચૂંટણી અધિકારી દીપકભાઈ પીપળીયા, જીલ્લા મહામંત્રી નરેન્દ્રસિંહ જાડેજા, હરેશભાઈ હેરભા, ધારાસભ્ય ડો.મહેન્દ્રભાઈ પાડલીયાની ઉપસ્થિતિમાં કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યશાળામાં પ્રદેશ ચૂંટણી અધિકારી ઉદયભાઈ કાનગડ દ્વારા ઉપસ્થિતિ કાર્યકર્તાઓને સદસ્યતા અભિયાન અંતર્ગત કરવાની થતી કામગીરીનું વર્ણન અને આગામી સક્રિય સદસ્યતા અભિયાન અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. જીલ્લાની કાર્યશાળામાં જીલ્લા અધ્યક્ષ અલ્પેશભાઈ ઢોલરીયા દ્વારા ઉપસ્થિત કાર્યકર્તાનું શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું તેમજ આભારવિધિ જીલ્લા સહ ચૂંટણી અધિકારી ડો.દીપકભાઈ પીપળીયા દ્વારા કરવામાં આવી હતી. આ જીલ્લા કાર્યશાળા સાંસદઓ, ધારાસભ્યઓ, પ્રદેશ તેમજ જીલ્લા ભાજપના હોદેદારો, મંડલના પ્રમુખ-મહામંત્રીઓ, જીલ્લા પંચાયત, તાલુકા પંચાયતના પ્રમુખ-ઉપપ્રમુખઓ, સંગઠન પર્વના ઈન્ચાર્જઓ સહિતના જીલ્લા અને મંડલના આગેવાનો ઉપસ્થિત રહ્યાં હતા. સમગ્ર કાર્યશાળાનું સંચાલન જીલ્લા મહામંત્રી નરેન્દ્રસિંહ જાડેજાએ કર્યું હતું. તેમ રાજકોટ જીલ્લા પ્રેસ મીડિયા ઈન્ચાર્જ રાજેશભાઈ ગોંડલીયા અને સહ-ઈન્ચાર્જ પ્રકાશભાઈ સોલંકીની યાદીમાં જણાવે છે.

# પ્રાચી તીર્થ ખાતે શ્રી સદગુરૂ વિનામૂલ્યે દંત યજ્ઞ દાંતની બત્રીસી સાથેનો કેમ્પ યોજાશે

(પ્રતિનિધિ દ્વારા)

પ્રાચી તીર્થ તા.૧૨

પ્રાચી તીર્થના કોળી સમાજ ભવન ખાતે આગામી તા.૧૮-૧૧-૨૦૨૪ને સોમવારના રોજ વિનામૂલ્ય શ્રી સદગુરૂ દંત યજ્ઞ દાંતની બત્રીસી સાથેનો કેમ્પ યોજાશે. જેમાં ડિવાઈન ચેરીટેબલ ટ્રસ્ટ ફોર હેલ્થ એન્ડ એજ્યુકેશન રાજકોટના સેવાભાવી ડોક્ટર જયસુખભાઈ મકવાણા અને તેમની ટીમ દ્વારા આયુર્વેદને ઉત્તમ એવી જાલંધર બંધ પદ્ધતિ દ્વારા જરૂરિયાતવાળા દર્દીઓને તપાસ કરી કોઈપણ ઈન્જેક્શન કે દવા વગર દાંત કે દાઢ સરળતાથી કોઈપણ દુખાવા વગર કાઢી આપવામાં આવશે. તેમજ જરૂરિયાતવાળા દર્દીને દાંતની ચોકડ પણ વિનામૂલ્ય બનાવી આપવામાં આવશે તો દાંતની તકલીફ વાળા ભાઈ-બહેનોને આ કેમ્પનો લાભ લેવા અનુરોધ છે. દાંતની બત્રીસી સોકઠાના દાતા રશ્મિબેન મહેન્દ્રભાઈ ગોહિલ **Houston Texas USA** તથા આયોજક શ્રી અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર તથા રંભુબેન ઉકાભાઈ ચુડાસમા સેવા સમિતિ પ્રાચી તીર્થ તથા ડિવાઈન ચેરીટેબલ ટ્રસ્ટ ફોર હેલ્થ એન્ડ એજ્યુકેશન રાજકોટ દ્વારા આ કેમ્પનું આયોજન કરેલ છે. તો દાંતના દર્દીઓને લાભ લેવા અનુરોધ છે.

આ કેમ્પમાં આધારકાર્ડ ફરજિયાત લાવવાનું રહેશે. સંપર્ક સૂત્ર પત્રકાર જાદવભાઈ ચુડાસમા પ્રાચી તીર્થ મો.૯૯૭૮૫૨૩૧૮૨ નામ લખાવવા જાણકારી મેળવવા અનુરોધ કરાયો છે.

# વેરાવળમાં ગુરૂનાનક કીર્તન મંડળી દ્વારા ગુરૂનાનક જયંતી પૂર્વે નગરકિર્તનનું આયોજન કરવામાં આવ્યું





(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ-પાટણ તા.૧૨

વેરાવળમાં ગુરૂનાનક જયંતીના ૧૫ દિવસ પૂર્વે ગુરૂનાનક કીર્તન મંડળી દ્વારા સતત ૧૫ દિવસ સુધી પ્રભાતફેરી, કીર્તન, લંગર પ્રસાદ સહિતના કાર્યક્રમોનું છેલ્લા ૨૫ વર્ષથી આયોજન કરવામાં આવે છે. જેના ભાગ રૂપે રવિવારે રવિવારે સતત ૨૬માં વર્ષે નગર્કિર્તનનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ તકે ગુરૂનાનક ચોકથી લીલાશાહ બાગ સુધી ગુરૂગ્રંથ સાહેબ સાથે નગરકિર્તનનું આયોજન કરાયું હતું.

જેમાં બહોળી સંખ્યામાં ધર્મપ્રેમી લોકો જોડાયા ગયા. આ ઉપરાંત લીલાશાહ બાગ ખાતે બાળકો માટે વિવિધ સ્પર્ધાઓ અને બહેનો માટે આરતી સ્પર્ધા તેમજ સમૂહ પ્રસાદનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે ગુરૂનાનક કીર્તન મંડળીના સભ્યોએ જહેમત ઉઠાવી હતી.

# કંગાળ બનતી જતી ખંભાળિયા નગરપાલિકા વીજળીનું બાકી બિલ રૂા.૧.૧૫ કરોડ સુધી પહોંચ્યું

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૨

ખંભાળિયા નગરપાલિકામાં છેલ્લા કેટલાક સમયથી આર્થિક રીતે ખેંચની પરિસ્થિતિ વચ્ચે વીજ બિલ ભરવાના નાણા પણ ન હોવાથી આ બાબત ભારે ચર્ચામાં આવી છે. સાથે સાથે આગામી સમયમાં કેટલાક મુદ્દે વિકટ પરિસ્થિતિ સર્જાય તેવી સંભાવનાઓ પણ જોવા મળી રહી છે. ખંભાળિયા શહેરમાં સ્ટ્રીટ લાઈટ તેમજ વોટર વર્ક્સનું બાકી વીજ બિલ ત્રણેક માસમાં લગભગ દોઢ ગણું થઈ ગયું છે. અને હાલ બાકી વીજ બિલની રકમ રૂપિયા ૧.૧૫ કરોડ સુધી પહોંચતા નગરપાલિકા આર્થિક મુશ્કેલીમાં હોય તેવું ચિત્ર ખડું થયું છે. આ વચ્ચે ઉલ્લેખનીય છે કે નગરપાલિકા દ્વારા તેમના કર્મચારીની લાખો રૂપિયાની જી.પી.એફ. તેમજ રોજમદારોની ઈ.પી.એફ.ની રકમ તેમના ખાતામાંથી કપાયા પછી સરકારી સંસ્થાઓમાં જમા ન થતા જે-તે સમયે આ મુદ્દે કર્મચારીઓ દ્વારા ઉપવાસ આંદોલન થયું હતું. જે પૈકી પાલિકા દ્વારા કર્મચારીઓની કપાત થયેલી કેટલીક રકમ ભરી દેવામાં આવી છે. આ મુદ્દે થોડા સમય પહેલા જ પાલિકાની સામાન્ય સભામાં નગરપાલિકાની આર્થિક પરિસ્થિતિ નબળી હોય, લાઈટ બિલ ભરવા માટે મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડ પાસે લોન માંગવા માટેની દરખાસ્ત કરવામાં આવી હતી. જો કે આ દરખાસ્ત હજુ મંજૂર થઈ નથી. એક તરફ પાલિકા દ્વારા બાકીદારો પાસેથી કરવેરાની વસુલાત ખૂબ જ ઓછી થઈ રહી છે. લાખો રૂપિયાના બાકીદારો તેમનો વેરો ભરતા નથી અને કરવેરામાં પણ છેલ્લા દોઢેક દાયકાથી વધારો થયો નથી. જેના પરિણામે દર મહિને કર્મચારીઓના પગારમાં પણ મુશ્કેલી થાય છે. આટલું જ નહીં, નગરપાલિકાના પાણી માટે સિંચાઈ વિભાગને પણ કરોડો રૂપિયાની રકમ ચૂકવવાની બાકી છે. ત્યારે દાયકાઓ પૂર્વે એક વખતની રાજ્યમાં સૌથી નાણાકીય રીતે સધ્ધર મનાતી બીજા નંબરની નગરપાલિકા હાલ આર્થિક કટોકટીનો સામનો કરી રહી છે. અગાઉ વહીવટદારના શાસનમાં કરોડો રૂપિયાની બેંક બેલેન્સ ધરાવતી નગરપાલિકાની હાલની સ્થિતિ ખૂબ જ દયાજનક બની ગઈ છે. આ વચ્ચે આગામી તારીખ ૩૦ નવેમ્બર સુધીમાં સફાઈ કામદારો સાથે થયેલા સમાધાન મુજબ તેઓની રકમ પણ જમા કરાવવી અનિવાર્ય છે. જેથી મુશ્કેલી ઊભી થાય તેવી સંભાવનાઓ જોવા મળી રહી છે.

# ગીર-સોમનાથ એસઓજી પોલીસે પ્રભાસ-પાટણ ખાતે સાયબર ક્રાઈમ અવેરનેશ કાર્યક્રમ યોજયો



(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ-પાટણ તા.૧૨

જીલ્લા પોલીસ વડા મનોહરસિંહ જાડેજાના માર્ગદર્શન હેઠળ ગીર-સોમનાથ એસઓજી શાખા દ્વારા જીલ્લાની અલગ-અલગ વિસ્તાર શાળા, મદ્રેસાઓમાં સાયબર ક્રાઈમ અવેરનેશ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં એસઓજી શાખાના પોલીસ સબ ઈન્સ. એન.બી. ચૌહાણ તથા તેની ટીમે સાયબર ક્રાઈમથી બચવા જરૂરી માર્ગદર્શન અને જાણકારી આપી હતી.

# એક દિવસ વહેલી શરૂ થયેલી ગરવા ગિરનારની લીલી પરિક્રમામાં આજે ૪ લાખથી વધુ ભાવિકો ઉમટી પડયા





## જય ગિરનારી, હર ભોલે, બમગિરનારીના નાદ સાથે પરિક્રમાના રૂટો ગુંજી ઉઠયા

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૨

ધાર્મિક દ્રષ્ટીએ આગવું અને અનેરૂ મહત્વ ધરાવનારી પરંપરાગત રીતે દર વર્ષે યોજાતી ગિરનારની લીલી પરિક્રમા સત્તાવાર રીતે આજે શરૂ થવાની છે પરંતુ ભાવિકોના પ્રચંડ ઘસારાના કારણે ગઈકાલે વહેલી સવારે વન વિભાગને ગેઈટ ખોલી નાખવાની ફરજ પડી હતી અને આ સાથે યાત્રાળુઓનો પ્રવાહ જય ગિરનારીના નારા સાથે પરિક્રમાના રૂટ ઉપર રવાના થયો હતો. રાત્રી સુધીમાં જ એક લાખ કરતા પણ વધારે ભાવિકો પરિક્રમા રૂટ ઉપર નીકળી ગયા હતા અને આજે સવાર સુધીમાં લખાય છે ત્યારે ૪ લાખથી પણ વધારે ભાવિકો જંગલ વિસ્તારમાં પરિક્રમાનું પુનિત ભાથું બાંધી રહ્યા છે.

ભગવાન શ્રી કૃષ્ણના સમયકાળથી જ ગિરનારની પરિક્રમા યોજાતી હોય છે. સીધ્ધ સંતો અને ૩૩ કરોડ દેવતાનો જયાં વાસ છે તેવું ગિરનારની પરિક્રમાનું ખુબ જ મહત્વ છે અને આ પરિક્રમાનો દેવ દિવાળીના દિવસે મધ્યરાત્રીએ વિધીવત પ્રારંભ થતો હોય છે પરંતુ છેલ્લા કેટલાક વર્ષોથી પરિક્રમાનો પ્રવાહ ભવનાથ વિસ્તારમાં પરિક્રમા પહેલા જ ઉમટી પડતો હોય જેને લઈને વન વિભાગ દ્વારા ગેઈટ ખોલવાની ફરજ પડતી હોય છે. આ વર્ષે ચોમાસું સારૂ રહેતા ખેતીની સિઝન પૂર્ણ થવા પામી છે અને પરિક્રમા કરવા માટે મોટી સંખ્યામાં ગ્રામ્ય વિસ્તારમાંથી પરિક્રમાર્થીઓ ઉમટી પડ્યા છે. જેમાં ૫૦ ટકા પરિક્રમાર્થીઓમાં યુવા વર્ગ વધારે છે. પાંચ દિવસના આ પરિક્રમાના મેળામાં હૈયેહૈયુ દળાય તેટલી ભાવિકોની સંખ્યા રહે છે. પરિક્રમાર્થીઓની ભારે ભીડના કારણે ગઈકાલે સોમવારે સવારે ૬:૩૦ વાગ્યે જ ઈટવા ગેઈટ ખોલી નાખવો પડયો હતો અને આમ ગિરનારની લીલી પરિક્રમા ૪૨ કલાક પહેલા જ શરૂ કરી દેવામાં આવી હતી. હૈયે ઉમંગ, હરખ અને ભક્તિની ગંગામાં તરી જવા માટે ભાવિકોનો પુરો ઘસારો ભવનાથ તરફ અને પરિક્રમાના રૂટ ઉપર રહ્યો છે. વહિવટીતંત્ર, સેવાભાવી સંસ્થાઓ, ઉતારા મંડળ, સાધુ-સંતો અને સેવા કર્મચારીઓ દ્વારા પણ પરિક્રમાર્થીઓને કોઈજાતની અગવડતા ન પડે તે માટેની તકેદારી રાખવામાં આવી રહી છે. આ સાથે જ પરિક્રમાના ૩૬ કિલોમીટરના માર્ગો ઉપર જયાં જુઓ ત્યાં ભાવિકો, યાત્રાળુઓ પોતપોતાના સંઘ સાથે પરિક્રમા કરી રહ્યા છે અને સેવાનું પુનિત ભાથું બાંધી રહ્યા છે.

## ગરવા ગિરનારની લીલી પરિક્રમાનો આજે મધ્યરાત્રીએ વિધિવત પ્રારંભ થશે

જૂનાગઢ તા.૧૧

જૂનાગઢ નજીક આવેલા ગરવા ગિરનારની લીલી પરિક્રમાનો આજે કારતક સુદ અગિયારસ એટલે કે, દેવ દીવાળીના પાવનકારી પર્વના મધ્યરાત્રીએ પરિક્રમાનો વિધીવત પ્રારંભ કરવામાં આવશે. આ તકે સંતો, મહંતો તેમજ ભાવિકોનો સમુદાય મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેશે. દેવ દિવાળીના દિવસથી જ ગિરનારની લીલી પરિક્રમા યોજાય છે અને પાંચ દિવસની આ પરિક્રમામાં દર વર્ષે લાખોની સંખ્યામાં માનવ મહેરામણ ઉમટી પડે છે. આ વખતે અંદાજીત ૧૫ લાખથી વધુ ભાવિકો પરિક્રમાનું પુનીત ભાથુ બાંધશે. પરિક્રમાર્થીઓ ભવનાથ, માળવેલા, જીણાબાવાની મઢી, બોરદેવી, વગેરે વિસ્તારોમાં રાત્રીના સમયે રાતવાસો કરે છે અને જંગલમાં મંગાળો બનાવી અને ભોજન પણ બનાવતા હોય છે. પોતપોતાના સંઘો સાથે આવેલા આ યાત્રાળુઓ ભોજનમાંથી પરવાળી અને રાત્રીના સંતવાણીના કાર્યક્રમો પણ યોજવામાં આવતા હોય છે. પરિક્રમાના આ પાંચ દિવસના મેળામાં જંગલ વિસ્તારમાં જંગલમાં મંગલ જેવું વાતાવરણ પ્રવર્તે છે. ગિરનારની લીલી પરિક્રમાને લઈ વહીવટી તંત્ર, વન વિભાગ દ્વારા પણ અનેક પગલાઓ લેવામાં આવ્યા છે તો બીજી તરફ જીલ્લા પોલીસ તંત્ર દ્વારા પણ પરિક્રમાર્થીઓની સલામતી તેમજ શાંતિપૂર્ણ રીતે પરિક્રમા સંપન્ન થાય તે માટેના કામગીરીના ભાગરૂપે સમગ્ર પરિક્રમા રૂટ ઉપર ચૂસ્ત બંદોબસ્ત સાથે ચાંપતી નજર રાખવામાં આવી છે. દેવદિવાળીના આજના પાવનકારી પર્વે રૂપાયતન નજીકથી આજે મધ્યરાત્રીએ ગરવા ગિરનારની લીલી પરિક્રમાનો વિધીવત પ્રારંભ થઈ રહ્યો છે ત્યારે પરિક્રમાર્થીઓનો સમુહ ભવનાથ તરફ સતત જઈ રહ્યો છે અને સર્વત્ર 'હાલ મનખા હાલ પરિક્રમાના મેળે' ની પંકતિઓ ગુંજી રહી છે.

## ગિરનાર પરિક્રમાના ભાવિકો માટે ૧૦૦થી વધુ ઉતારા અને અન્નક્ષેત્રો કાર્યરત

ગિરનારની લીલી પરિક્રમામાં લાખોની સંખ્યામાં ભાવિકો ઉમટી પડતા હોય છે ત્યારે આ ભાવિકોની સુવિધા માટે અને તેઓને પ્રસાદ-ભોજન માટે ધાર્મિક સ્થળો, અન્નક્ષેત્રો અને ઉતારા મંડળ દ્વારા પણ અન્નક્ષેત્રો શરૂ કરવામાં આવતા હોય છે. દરમ્યાન મળતા અહેવાલ અનુસાર પરિક્રમાના ૩૬ કિલોમીટરના રૂટ ઉપર નાના મોટા ૧૦૦થી વધુ અન્નક્ષેત્ર ધમધમતા થયા છે અને ભાવિકો માટે ભોજન અને પ્રસાદ અને નાસ્તો બનતો હોય આ ભોજનનો સ્વાદ માણીને ભાવિકો પરિક્રમા માટે આગળ વધી રહ્યા છે. સેવાભાવી સંસ્થાની આ કામગીરી ખુબ જ આવકારદાયક અને પ્રસંશન્નીય રહી છે.

## પરિક્રમામાં આવેલા ત્રણ ભાવિકોના હાર્ટએટેકથી મૃત્યુ

ગરવા ગિરનારની લીલી પરિક્રમા એક દિવસ વહેલી એટલે કે ગઈકાલે સવારે ૬ કલાકે પ્રારંભ થઈ ગયો હતો અને રાત સુધીમાં ત્રણેક લાખ ભાવિકોએ પ્રવેશ કરી દીધો હતો. દરમ્યાન પરિક્રમામાં આવેલા ત્રણ ભાવિકોને હાર્ટએટેકનો હુમલો આવ્યાના અહેવાલ છે. જેમાં માળવેલા ઘોડી પાસે રાજકોટના મહેશ રૂડાભાઈ(ઉ.વ.૬૪)ને તેમજ આગળ જતા જસદણના પરષોત જગદિશભાઈ ભોજાણી(ઉ.વ.૫૦) નામના વ્યક્તિને હાર્ટએટેક આવતા તેમના સ્થળ ઉપર જ મૃત્યું થયા હતા. તળેટીમાં કડીયા સમાજની વાડી પાસે હિરાભગતની જગ્યા પાસે અમરસરના રહેવાસી હમીરભાઈ સોઢાભાઈ લમકા(ઉ.વ.૬૫)નું મૃત્યું થયું છે.

## પરિક્રમા રૂટ પર સિંહ અને દિપડાએ દેખા દીધી

ગરવા ગિરનારની લીલી પરિક્રમામાં સેવાનું પુનિત ભાથું બાંધવા માટે લાખોની સંખ્યામાં માનવ મહેરામણ ઉમટી પડ્યો છે અને એક દિવસ વહેલી શરૂ થયેલી પરિક્રમામાં લાભ લેતા ભાવિકો પરિક્રમા રૂટ ઉપર રવાના થયા છે તે દરમ્યાન ગઈકાલે મોડી રાત્રીના પરિક્રમાના રૂટ પર રાવટી નં-૧૧ અને ૧૨ની વચ્ચે જંગલ તરફ ઝાડી-ઝાખરામાં એક સિંહ અને બે દિપડા દેખાયા હોવાની વાત અમુક યાત્રિકોએ જણાવી હતી અને જેને લઈને તાત્કાલીક વન વિભાગને જાણ થતા ટ્રેકર ટીમ બનાવના સ્થળે પહોંચી હતી અને ત્યાં પ્રાણીઓ જંગલમાં જતા રહ્યા હોવાનું જાણવા મળે છે.

### સરદાર પટેલને સાચા અર્થમાં શ્રધ્ધાંજલી આપવા માટે

# જૂનાગઢની બહાઉદ્દીન કોલેજનું નામ સરદાર વલ્લભભાઈ પટેલ રાખવા માંગણી

### ધારાસભ્ય સંજયભાઈ કોરડીયાએ મુખ્યમંત્રીને વિસ્તૃત પત્ર પાઠવી રજુઆત કરી



જૂનાગઢ તા.૧૨

જૂનાગઢના ધારાસભ્ય સંજયભાઈ કોરડીયાએ ગુજરાત રાજયના મુખ્યમંત્રી, શિક્ષણમંત્રી તેમજ સંબંધીતોને એક પત્ર પાઠવી અને બહાઉદ્દીન કોલેજનું નામ બદલી સરદાર વલ્લભભાઈ પટેલ રાખવા રજુઆત કરી છે અને આ અંગે તાત્કાલીક યોગ્ય કાર્યવાહી કરવા અનુરોધ કરાયો છે.

જૂનાગઢના ધારાસભ્ય સંજયભાઈ કોરડીયાએ આ પત્રમાં વધુમાં જણાવેલ છે કે, જૂનાગઢની વર્ષો જુની હેરીટેઝ કોલેજ જે તે સમયના નવાબે તેમના સાળા બહાઉદ્દીનના નામથી બનાવેલ હતી. પરંતુ તત્કાલીન નવાબએ દેશ આઝાદ થયો ત્યારે જૂનાગઢને પાકિસ્તાન સાથે ભેળવવા પ્રયાસ કર્યો હતો. જે તે સમયે આ બાબતને હલ કરવા દેશના ગૃહમંત્રી સરદાર વલ્લભભાઈ પટેલે આ વિષયને હાથમાં લઈ જૂનાગઢને આઝાદ કરાવવા આરઝી હકુમતની રચના કરી હતી. જેની લડતના કારણે ૯ નવેમ્બર ૧૯૪૭ ના રોજ જૂનાગઢને આઝાદી મળી હતી. ત્યારે જૂનાગઢની આઝાદીમાં જેમનો મહત્વનો ફાળો રહ્યો છે, જેમણે સમગ્ર દેશના રજવાડાઓને એક કરી અખંડ ભારતની પરિકલ્પના સાકાર કરી છે તેવા સરદાર વલ્લભાઈ પટેલનું નામ આ કોલેજ સાથે જોડી, બહાઉદ્દીન કોલેજ નામ દુર કરવા માંગ કરી છે. કોલેજનું નામ સરદાર વલ્લભાઈ પટેલ કરાશે તો જ સરદાર વલ્લભાઈ પટેલનું સાચુ ઋણ ચુકવ્યું ગણાશે. જૂનાગઢના તમામ સાધુ સંતો અને લોકોની માંગણી અને લાગણીને ન્યાય આપવા જૂનાગઢના ધારાસભય સંજય કોરડીયાએ રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ, શિક્ષણમંત્રી કુબેરભાઈ ડીંડોર, પ્રફુલભાઈ પાનસેરીયા, પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલને રજુઆત કરી તાત્કાલીક અસરથી કાર્યવાહી થાય તે માટે રજુઆત કરી છે.

# ગિરનાર ઉપર બિરાજતા અંબાજી માતાજીના મંદિરે ભાવિકોનો ઘસારો







જૂનાગઢ, તા.૧૨

જૂનાગઢ નજીક આવેલા ગરવા ગિરનારની ૩૬ કિલોમીટરની લીલી પરિક્રમા ભારે ઉત્સાહમય રીતે એક દિવસ વહેલી શરૂ થઈ ગઈ છે. પરિક્રમા રૂટ ઉપર આવતા ધાર્મિક સ્થળોએ ભાવિકો દર્શનનો લાભ લઈ રહ્યા છે. આ દરમ્યાન ગિરનાર ઉપર બિરાજતા અંબાજી માતાજીના મંદિરે પણ હજારોની સંખ્યામાં ભાવિકો ઉમટી પડ્યા છે અને માતાજીના દર્શનનો લાભ લઈ રહ્યા છે.

(તસ્વીર : વિજય ત્રિવેદી)

# ચોરવાડ નજીકથી ફોરવ્હીલમાંથી વિદેશી દારૂ ઝડપાયો : ચાર સામે ગુનો દાખલ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૨

જૂનાગઢ જીલ્લાના ચોરવાડ નજીક ગડું ત્રણ રસ્તા ચોરવાડ રોડ ઉપરથી એલસીબી પોલીસે એક ફોરવ્હીલ વાહનને અટકાવી અને તલાસી લેતા વિદેશી દારૂના પ્લાસ્ટીકના ચપટા નંગ-૩૩૪, મોબાઈલ ફોન તથા ગાડી વિગેરે મળી કુલ રૂા.૩૧૬૦નો મુદ્દામાલ ઝડપી લીધેલ છે. આ બનાવ અંગે પોલીસે આપેલી વિગત અનુસાર જૂનાગઢ ક્રાઈમ બ્રાન્ચના હેડકોન્સ્ટેબલ ઈન્દ્રજીતસિંહ રણવીરસિંહે મોસીન હુસેનખાન પઠાણ, મહમદ હુસેન રાજુમીયા(રહે. બંને જૂનાગઢ) તેમજ હાજર નહી મળી આવેલ કલાભાઈ(મધ્યપ્રદેશ), ચિરાગ બારૈયા(ચોરવાડ) તથા તપાસમાં ખુલ્લે તે તમામ સામે નોંધાવેલ ફરિયાદમાં જણાવેલ છે કે, આ કામના આરોપી નં-૧ તથા ૨ નાઓએ પોતાના હવાલાની ફોરવ્હીલ ગાડી રજી. નં.જી.જે.૦૧-આરસી-૪૮૯૭માં ગેરકાયદેસર બહારના રાજયમાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂના પ્લાસ્ટીકના ચપટા નંગ-૩૩૪ કિ.રૂા.૮૦,૧૬૦ તથા મોબાઈલ ફોન ૨ કિ.રૂા.૨૦,૦૦૦ તથા ગાડી કિ.રૂા.૨,૦૦,૦૦૦ મળી કુલ રૂા.૩,૦૦,૧૬૦નો મુદ્દામાલ રાખી હેરફેર કરતા રેઈડ દરમ્યાન પકડાઈ જઈ અને મુદ્દામાલનો ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો હાજર નહી મળેલ આરોપી નં.૩ કલાભાઈ રહે.સમોયથી બે કીમી દુર રાણપુર રોડ મધ્યપ્રદેશ વાળા પાસેથી ખરીદી આ જથ્થો હાજર નહી મળેલ આરોપી નં-૪ ચિરાગ બારૈયા રહે.ચોરવાડ વાળાને આપવાનો હોય જે તમામ આરોપીઓએ ગુનામાં એકબીજાને મદદગારી કરી ગુનો કર્યા અંગેની ફરિયાદ પોલીસ દફતરે નોંધાતા પોલીસે આરોપીઓ વિરૂધ્ધ ગુનો દાખલ કરેલ છે. આ બનાવની વધુ તપાસ ચોરવાડ પોલીસ ચલાવી રહી છે.

# સોરઠમાં મિશ્ર ઋતુને લીધે શરદી-ઉધરસ-તાવના વાયરા

જૂનાગઢ તા.૧૨

શિયાળા અને ઉનાળાની મિશ્ર ઋતુને કારણે જૂનાગઢ અને સોરઠ પંથકમાં શરદી-ઉધરસ-તાવના વાયરા છે. સવારે અને રાત્રે ઠંડી તેમજ બપોરના સમયે ગરમીનો અનુભવ લોકો કરી રહ્યા છે. મિશ્ર હવામાનને કારણે શરદી-ઉધરસ-તાવનો રોગચાળો વકર્યો છે અને આ મિશ્ર હવામાનમાં લોકો વિવિધ રોગોના ભોગ બની રહ્યા છે ત્યારે ખાસ પરહેજી પાડવાની જરૂર છે. મિશ્ર ઋતુમાં બપોરે કામ સિવાય બહાર નીકળવાનું ટાળવું જોઈએ આ ઉપરાંત વીટામીન - સી થી ભરપુર ફળો અને તેના જ્યુશનું સેવન કરવું જોઈએ સતત પાણીનું સેવન કરવું તેમજ વાસી ખોરાક લેવાનું ટાળવું જોઈએ જેનાથી ઋતુજન્ય બીમારીથી બચી શકાય છે.

સોપારીનું કટીંગ રીટેઈલમાં મળશે
અમારી સ્પેશ્યલ જુની મોરો સોપારીનું કટીંગ ફકત ૨૫૦ ગ્રામ લઈ અને ખાત્રી કરો
તમે જ કહેશો કે વાહ ભઈ વાહ
મોરો સોપારી કટીંગ
૧ કિલોના ફકત રૂા.૬૦૦
આ રીટેઈલ માટે છે
નહી આવો તો જરૂર અફસોસ
જૂનાગઢ
મો.૯૩૭૬૬૦ ૫૫૬૨

ધમાકા એક્ષચેન્જ ઓફર
તમારૂ જુનું ફર્નિચર આપી જાવ
નવું ફર્નિચર લઈ જાવ
આ ઓફર ટુંક સમયમાં માટે જ છે
PARDAWALA
બેડરૂમ સેટ
મોડ્યુલર કિચન
સોફા સેટ
ઓફીસ ફર્નિચર
આકર્ષિત પડદા
વોલપેપર
શું તમે તમારા બજેટમાં દિકરા-દીકરી ના લગ્ન માટે ફર્નિચર બનાવવા માંગો છો...?
શું તમે તમારા બજેટમાં ઘર માટે ફર્નિચર બનાવવા માંગો છો...?
શું તમે તમારા બજેટમાં ઓફીસ કે દુકાન માટે ફર્નિચર બનાવવા માંગો છો...?
શું તમે તમારા બજેટમાં પડદા, વોલપેપર કે કારપેટ ખરીદવા માંગો છો...?
જો હા... તો હવે
જૂનાગઢ શહેરમાં અમો લાવ્યા છીએ તમારા બજેટમાં તમામ પ્રકારનું ફર્નિચર જે તમારી ઈચ્છા મુજબનું બનાવી આપશું અને તૈયાર પડદા, ગાદલા, વોલપેપર કારપેટ તેમજ પડદા નું કાપડ ખુબજ સસ્તા ભાવમાં મળશે. માટે આજે જ અમારા શો રૂમની અવશ્ય મુલાકાત લેશો.
સી.સી. પડદાવાલા
તળાવ દરવાજા ફાટક પાસે, સહયોગ ચેમ્બર સામે, જૂનાગઢ - ૩૬૨૦૦૧. મોબાઈલ : ૯૯૭૮૯ ૫૪૧૫૫

Since 1983
શંખ બ્રાન્ડ મસાલા
ગાયત્રી મસાલા
મો. : ૯૪૨૮૬ ૨૩૦૨૩
• મરચું
• હળદર
• ધાણાજીરૂ
• ગરમ મસાલો

"Chiropratic"
ગરદન સંબંધિત માથાનો દુઃખાવો ઘટાડવામાં મદદ કરે છે. તમારી મુદ્રામાં સુધારો કરે છે. પીડા ઘટાડે છે અને તમારી કરોડરજ્જુ અને અન્ય સાંધાઓની ગતિની શ્રેણીમાં સુધારો કરે છે. અસ્થિવા જેવી ક્રોનિક સ્થિતિના લક્ષણો ઘટાડે છે. ગરદન અથવા કરોડરજ્જુની નાની ઈજાઓ, ખાસ કરીને વ્હીપ્લેશની સારવાર કરે છે.
"Tera- Herts"
ટેરાહર્ટ્ઝ આવર્તન સામાન્ય શારીરિક કોષોની સમાન આવર્તન પર વાઈબ્રેટ કરે છે, તેથી તે તમારી રોગ પ્રતિકારક શક્તિને વેગ આપે છે, કોષોમાં ચયાપચયની પ્રવૃતિમાં વધારો કરે છે, સેલ્યુલર ઓક્સિજનેશનમાં વધારો કરે છે તેમજ રક્ત પ્રવાહમાં વધારા કરે છે.
"Kashya Therapy"
શરીરની ગરમી ઘટાડે છે. આંખોમાં થતી બળતરા મટાડે છે. રકત પરિભ્રમણ સુધારે છે.
"Accupressure"
ચોકકસ ચેતાને ઉત્તેજીત કરવાથી પીડાની સંવેદના ઘટાડવામાં મદદ મળી શકે છે. સંશોધકો એ પણ જોયુ કે એક્યુપ્રેશર સ્ટ્રેસ હોર્મોન કોર્ટિસોલનું સ્તર ઘટાડે છે. તે એન્ડોર્ફિન્સનું સ્તર પણ વધારે છે. જે રસાયણોનું સ્તર પણ વધારે છે. જે રસાયણો છે. જે મુડને વેગ આપે છે. અને પીડાની લાગણી ઘટાડે છે. છેલ્લે, એક્યુપ્રેશર રકત પરિભ્રમણને સુધારી શકે છે.
KHUSHI WELNESS Ayurvedic-Herbal
Chiropratic & Bone Setting
યુસુફજય આજીલ જહુરખાન (M.D.CH.T.) (અપોઈન્ટમેન્ટ લેવી ફરજીયાત)
સ્નાયુના દુઃખાવા તથા સાંધાના દુઃખાવા કમર, ઘુંટણ, ખંભા, ગરદન, સાયટીકા, ગાદી ખસી જવી
મો. ૯૮૨૪૨ ૦૦૫૩૩, ૭૫૭૫૮ ૯૧૦૬૮
ચિતાખાના ચોક, ક્રિસ્ટલ કોમ્પ્લેક્ષ, દુકાન નં. ૩૦૪, ત્રીજો માળ, જુનાગઢ.